
ગુજરાતી

# યુગ શક્તિ ગાયત્રી



જાન્યુઆરી – ૨૦૦૦



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ | ભક્તિની સાધના | ૨ |
| ૨ | માનવજાતિને ભારતનો સૌથી મોટો વારસો છે-સંસ્કૃતિ | ૩ |
| ૩ | યુગ નિર્માણ સત્સંકલ્પ-૧૦ : મનુષ્યના મૂલ્યાંકનની કસોટી તેની સફળતાઓ, યોગ્યતાઓ અને વિભૂતિઓથી નહીં પરંતુ તેના સદ્‌વિચારો અને સત્કર્મોથી થાય છે | ૭ |
| ૪ | શું 'હું' શરીર જ છું-એથી જુદો નહીં ? | ૯ |
| ૫ | પ્રસન્નતા મનુષ્યનો જન્મસિધ્ધ અધિકાર | ૧૨ |
| ૬ | પ્રેરક પ્રસંગો | ૧૩ |
| ૭ | ગૌ સંવર્ધન : ગૌ આધારિત અર્થવ્યવસ્થા | ૧૫ |
| ૮ | યજ્ઞનો સ્વાસ્થ્ય પર પ્રભાવ | ૧૮ |
| ૯ | યુગ સાધના | ૨૦ |
| ૧૦ | અવતારનો ઉદેશ અને કાર્ય | ૨૮ |
| ૧૧ | યુગ ગીતા-૬ : યોગસ્થ બની યુગ ધર્મનું પાલન કરીએ | ૩૨ |
| ૧૨ | "રેકી" અર્થાત્ ધ્યાન-ધારણાથી ચિકિત્સા | ૩૮ |
| ૧૩ | પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી : કાયાકલ્પ કેવી રીતે કરશો ? | ૪૧ |
| ૧૪ | આત્મીય અનુરોધ : | ૪૭ |
| ૧૫ | યુગ નિર્માણ સમાચાર | |


# મહાપૂર્ણાહુતિની રૂપરેખા

**પ્રથમ ચરણ**-૩ ડીસેમ્બર ૧૯૯૯ એ પોલીઓ નાબૂદીનાં દિપયજ્ઞ રૂપે પૂર્ણ થયું.

**બીજુ ચરણ**-આ ચરણમાં વસંત પંચમી પર વિભિન્ન ક્ષેત્રોની પ્રતિભાઓ દ્વારા એક સાથે બધી જગ્યાએ સંપન્ન દીપયજ્ઞોમાં સંકલ્પ લેવામાં આવશે. આ વસંત પર્વ (૧૦-૨-૨૦૦૦) પર વિચારક્રાંતિ પ્રધાન અનુયાજની સમીક્ષા થશે તથા નગરવ્યાપી એક શોભાયાત્રા પછી ભવ્ય દીપયજ્ઞમાં સંકલ્પોની ઘોષણા થશે.

**ત્રીજુ ચરણ**-તૃતીય ચરણમાં બે કાર્ય એક સાથે થશે. વસંત પર્વ ૧૦ ફેબ્રુઆરી ૨૦૦૦થી ગાયત્રી જયંતી ૧૧ જૂન ૨૦૦૦ સુધી સ્થાને-સ્થાને સઘન મંથન કરનારી રથયાત્રાઓ જે વિશેષ તીર્થથી લઈ બીજા તીર્થસ્થળ પર સમાપ્ત થશે. ગાયત્રી જયંતી ૨૦૦૦ (૧૧ જૂન રવિવાર)ના એક સાથે લગભગ બસો ચાલીસ કેન્દ્રો દ્વારા નિર્ધારિત સ્થળો પર દીપયજ્ઞ તથા પ્રતિભાઓના સંકલ્પ સમારોહ થશે.

**ચોથું ચરણ**-ચોથા ચરણમાં અત્યાર સુધીનું નિર્ધારણ આ પ્રમાણે છે. પૂરી વર્ષાઋતુ દરમ્યાન જ્યાં મહાનગરોમાં પોતાના સ્તરના વ્યાપક મંથન કાર્યક્રમ ચાલશે, ત્યાં વિભૂતિ મહાયજ્ઞની રણનીતિ કાર્યક્ષેત્રમાં કાર્યકર્તા બનાવતા જશે. ભારતની રાજધાનીમાં એક વિરાટ સર્વધર્મ-સર્વપંથ સંમેલન વિચારેલ છે, જેમાં કોઈ મોટા સ્ટેડીયમમાં વિરાટ મંચ પર બધી વિભૂતિઓને એક સાથે સન્માનિત કરવામાં આવશે તથા યુગ નેતૃત્વની દિશામાં બોધપરક માર્ગદર્શક થશે. આ સંમેલન શરદપૂર્ણિમાં પર્વ પર વિચારેલ છે. એના લગભગ એક મહિના પછી એક ભવ્ય આયોજન શાંતિકુંજ હરિદ્વાર કેન્દ્રમાં થશે, જેની સંભવિત તિથિઓ છે ૭ નવેમ્બર દેવોત્થાન એકાદશીથી ૧૧ નવેમ્બર કાર્તિક પૂર્ણિમા સુધી. આ પાંચ દિવસોમાં દ્રવ્યયજ્ઞ, જ્ઞાનયજ્ઞ તથા વિભૂતિયજ્ઞનો સમાગમ થશે.

**પાંચમું ચરણ**-પાંચમા ચરણમાં શાંતિકુંજમાં પાંચ દિવસીય પ્રતિભા નિયોજન સત્ર (પ્રતિમાસ છઃ) ૧૫ નવેમ્બર ૨૦૦૦થી ૨ એપ્રીલ રામનવમી ૨૦૦૧ સુધી ચાલશે. એ પ્રતિભાઓને ૨૦૧૧ (મહાશતાબ્દી વર્ષ) સુધી ક્ષેત્રના કાર્યક્રમ સોંપવામાં આવશે.




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક/સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા
: સંપાદક :
પં. લીલાપત શર્મા
: સહ સંપાદક :
ધનશ્યામ પટેલ
: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા - ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫) ૪૦૪૦૦૦, ૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા
આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડૉલર/ ૪૦૦ રૂપિયા
આજીવન : ૧૦૦ પાઉન્ડ / ૧૫૦ ડૉલર / ૪૫૦૦ રૂપિયા
વર્ષ - ૩૧ અંક - ૧

જાન્યુઆરી - ૨૦૦૦

## જ્ઞાનયજ્ઞમાં આહુતિઓ સમર્પિત કરીએ

સદ્જ્ઞાનનો પ્રસાર થયા વિના સંસારમાંથી કલહ, પાપ, દુરાચાર, હત્યા, ચોરી, અશાંતિ વગેરેનો અંત થઈ શકતો નથી. જ્યાંસુધી મનુષ્યના મનમાં શેતાન બેઠો હશે ત્યાંસુધી અન્ય કોઈ દાન તેનું કશું જ ભલું કરી નહિ શકે. તેથી જો તમે એવું દાન કરવા ઈચ્છતા હો કે જેથી સંસારની સાચી સેવા થાય, સાચો ઉપકાર થાય, દુઃખોનું સ્થાયીરૂપે નિવારણ થાય તો જ્ઞાનનું અમૃત વહેંચો, વિવેકનું દાન કરો.

આ સમયમાં તમે સદ્જ્ઞાન પ્રસારના બ્રાહ્મણોચિત પ્રયાસોમાં સહકાર આપો. દેશ અને જાતિની ખરાબ દશાને સુધારવા માટે સ્વદેશી બાંધવોની વિચારધારાને પલટાવવામાં લાગી જાવ. પોતાના ઘરમાં સંબંધીઓમાં, અપરિચિતોમાં જ્ઞાનનાં બીજ વાવતા જાવ, એમને સન્માર્ગ પર ચાલવા માટે પ્રોત્સાહિત કરતા રહો. તમારે નવયુગના નિર્માણનું પવિત્ર યજ્ઞકાર્ય કરવા માટે આગળ વધવાનું છે, જેથી નવીન સુગંધિત યજ્ઞનો ધુમાડો પેદા થઈને દેવતાઓને પ્રસન્ન કરે.

ઉદ્દેશપૂર્ણ જીવન વીતાવો, લક્ષ્ય સાથે લઈને જીવો. આજે અજ્ઞાન નિવારણનું મહાન કાર્ય સામે પડેલું છે. તમે તમારી અંદર બ્રાહ્મણત્વ જાગૃત કરો અને પાપોમાં બળતી મનુષ્યતાને જ્ઞાનનું અમૃત પીવડાવો. **ઈશ્વરની પૂજા દેશ-જાતિની સેવામાં છે, તેને સુખી બનાવવાનો એકમાત્ર ઉપાય જ્ઞાનનો પ્રસાર છે.** અભાવ અને અન્યાયનાં દુઃખો પણ જ્ઞાનથી જ દૂર થઈ શકે છે, તમે સંપૂર્ણપણે જ્ઞાનના પ્રસારમાં જોડાઈ જાવ, એમાં જ સૌનું સાચું કલ્યાણ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ભક્તિની સાધના

સતત સમર્પણ એ જ ભક્તિ છે. આત્માના પરમાત્મા પ્રત્યે, વ્યક્તિના સમાજ પ્રત્યે. શિષ્યના ગુરુ પ્રત્યેના સમર્પણમાં જ ભક્તિની યથાર્થતા અને સાર્થકતા છે. નિષ્કામ અને નિસ્વાર્થ ભક્તિ જ ફળ આપે છે. ત્યારે જ ભક્ત ભગવાનનો સાક્ષાત્કાર કરી શકે છે. ત્યારે વ્યક્તિ જનચેતના અથવા રાષ્ટ્રભાવનાનો પર્યાય બની જાય છે અને ત્યારે શિષ્યમાં ગુરુત્વ કૃતાર્થ થઈ ઊઠે છે. ભક્તિ ક્યારેય અફળ થતી જ નથી. તેમાં જેટલો નિષ્ફળ અંશ લોકોને જણાય છે. તે ભક્તિનો નહીં, ભક્તિની ન્યૂનતાનું પ્રતિબિંબ હોય છે. ભક્તમાં જેટલા અંશે સ્વાર્થ, આકાંક્ષા, લિપ્સાનો ભાવ શેષ રહે છે, તે જ ભાવ તેટલા જ અંશોમાં ભક્તિને નિષ્ફળ બનાવે છે.

સાધક અને સિદ્ધિની એકરૂપતા જ ભક્તિ છે. આના સાયુજ્યમાં બંને એક થઈ જાય છે - શરીર, મન પ્રાણ અને આત્માથી. જે તું છે તે હું છું, જે હું છું તે તું છે. તારા-મારાનો ભેદ જ્યાં જેટલા અંશોમાં પૂરો થાય છે એટલી જ ભક્તિની સિદ્ધિ નજીક આવે છે. આ સિદ્ધિ ભક્તિને પ્રભુદર્શનના રૂપમાં મળે છે. ભક્ત પોતાના ભગવાન સાથે તદાકાર થઈ જાય છે. ભક્તિ; ભક્તિ છે. તે આધ્યાત્મિક હોઈ શકે છે અને તેનો રંગ સામાજિક, રાજનૈતિક અને પારિવારિક પણ. પ્રભુભક્ત, જનભક્ત, સમાજભક્ત, રાષ્ટ્રભક્તની સાથે પિતૃભક્ત માતૃભક્ત, આદર્શ પતિ-પત્ની સદ્‌ગૃહસ્થ જેવા ઘણાજ પ્રચલિત શબ્દો આના જ સંકેત છે. ભક્તિ એ એક યોગ છે. સાધના છે. અન્યના પ્રત્યે-સંતાન તથા માતા-પિતાથી માંડીને રાષ્ટ્ર-સમાજ તેમજ પરમાત્મા સુધીનું જે કાંઈ સમર્પણ છે તે ભક્તિ છે. હા, આનો ક્રમિક વિકાસ અવશ્ય છે. આનું પ્રારંભિક રૂપ જ્યાં માતૃ-પિતૃભક્તિ છે. તો આ જ પોતાના વિકસિત રૂપમાં સમાજભક્તિ, રાષ્ટ્રભક્તિ અને છેલ્લે પ્રભુભક્તિના રૂપમાં સ્વયંને પ્રગટ કરે છે.

માર્ગ અનેક છે, ધ્યેય એક છે. ભક્ત નથી મૂંઝાતો કે નથી ચિંતિત થતો. તે સહજ રૂપે અનેક અને અનંતને પણ પોતાનામાં સમાવી લે છે અને તે કપડાં વણતા એક કબીરને, કપડાં સીવતા નામદેવને, જૂતાં સીવતા રૈદાસને, હજામત બનાવતા સેના નાઈને પણ મળી જાય છે. તે એકને પ્રાપ્ત કરનાર વ્યક્તિ ન તો મોચી છે, ન વણકર; નથી તે રાજા, નથી રંક. એ તો હોય માત્ર સહજતા, સચ્ચાઈ, પ્રેમ, વિશ્વાસ અપનાવનાર ભક્ત.

ભક્તને માટે તો જીવનનું દરેક કાર્ય પૂજા હોય છે. સૃષ્ટિનું દરેક પ્રાણી ભગવાન હોય છે. ધરતીનું કણ-કણ મંદિર હોય છે. મંદિરમાં ભગવાનની પૂજા કરતી વખતે જેટલો શુદ્ધ ભાવ અનિવાર્ય છે, તેવો જ શુદ્ધ ભાવ જીવનમાં દરેક કાર્ય કરતી વખતે રહે, એ જ ભક્તિની સાધના છે.

કાગળ પર લખવા માટે કલમ પહોંચી તો તેણે અકડાઈને કહ્યું કે મારા ગોરા શરીર પર તારો કાળો સ્પર્શ શોભશે ? દૂર હટ, તારી જોડે મારું ગૌરવ શું કરવા ઘટાડું ? શાહી કશું કહ્યા વગર પાછી વળી ગઈ. કાગળ તો સફેદ જ રહ્યો, પરંતુ મિત્રતાના સૌભાગ્યથી વંચિત જ રહેવું પડ્યું. સફેદી તો એ જ રહી પણ પત્રના રૂપમાં પરિણત થવાનો અવસર તેના હાથમાંથી સરી ગયો.

★★★

ભલાઈ સાથે જ્યારે તેના પ્રતિફળનો પુરસ્કાર મેળવવાની કે પ્રશંસા સાંભળવાની દુર્બળતા છુપાયેલી ન હોય તો જ તેની ગરિમા જળવાય છે. તે ચાહવાથી ભલાઈનું પુણ્ય જતું રહે નથી. ઈચ્છા ન કરનારને એનાથી વંચિત રહેવું પડતું નથી પણ ધકેલવા છતાં પાછળ દોડે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# માનવજાતિને ભારતનો સૌથી મોટો વારસો છે -સંસ્કૃતિ

સંસ્કૃતિ માનવતાનો મેરૂદંડ છે. આ શિષ્ટતા, સૌજન્યતા તથા શીલની આધારશિલા છે. સંસ્કૃતિએ ક્રમશઃ વિકસિત બનીને સુસંસ્કૃત વ્યક્તિત્વ વડે સમુન્નત સમાજને પોતાનું લક્ષ બનાવ્યું છે. આપણો અતીત સંસ્કૃતિની આ ભાવધારાથી સમૃદ્ધ હતો. સભ્યતા આનું બાહ્ય તેમજ વિકસિત રૂપ છે. સમય વીતવાની સાથેસાથે અનેક કારણોના લીધે આમાં વિકૃતિ આવવા લાગી. પરિણામ સ્વરૂપ આજની કુસંસ્કૃતિનો જન્મ થયો. આના દંશથી આખો દેશ અને સંપૂર્ણ સમાજ માત્ર નહિ માનવજાતિ પણ ત્રાસી ગઈ છે. ભારતનો તો આત્મા જ સાંસ્કૃતિક મૂલ્યોના પતનથી મૂર્છિત થઈ ગયેલો લાગે છે.

ન પણ શું કામ હોય, ભારતનો આત્મા ભારતીય સંસ્કૃતિમાં જ તો રહેલો છે. અહીંના મહર્ષિઓએ સભ્યતાના અરુણોદય કાળમાં જ માનવમાત્રના પથપ્રદર્શન અને જીવનપદ્ધતિના નિર્ધારણને માટે સંસ્કૃતિનું દિગ્દર્શન કરાવ્યું હતું. ત્યારે જ તો ભારતીય સભ્યતા વિશ્વની પ્રાચીનતમ સભ્યતા છે અને અહીંની સંસ્કૃતિ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ. જ્યાં પાશ્ચાત્ય સંસ્કૃતિ ભૌતિકવાદ તરફ ઉન્મુખ છે. ત્યાંજ ભારતીય સંસ્કૃતિ અધ્યાત્મવાદ ઉપર આધારિત છે. એટલા જ માટે મહર્ષિ અરવિંદે કહ્યું હતું, "આધ્યાત્મિકતા ભારતીય મસ્તિષ્કને સમજવાની ચાવી છે." જ્યારે સમગ્ર વિશ્વ ઊંડા અંધકારમાં ડૂબેલું હતું, ત્યારે ભારત દેશ પોતાનાં જ્ઞાનનો આલોક ફેલાવી રહ્યો હતો. સંભવતઃ આ જ કારણને લીધે મિસર, સુમેર, બેબીલોન, યુનાન, રોમ જેવી સભ્યતાઓ મૃતઃપ્રાય થવા છતાં ભારતીય સંસ્કૃતિ તેમજ સભ્યતાએ પોતાનું અસ્તિત્વ જાળવી રાખ્યું હતું.

'સંસ્કૃતિના ચાર અધ્યાય' નામના પોતાના સુવિખ્યાતિ ગ્રંથમાં રામધારી સિંહ દિનકર કબૂલ કરે છે ભારતીય સંસ્કૃતિની પ્રચંડતમ શક્તિ તેની ઉદારતા અને ભાવસભરતા છે. એટલા માટે આ ભાવસમુદ્રમાં બધીજ જાતિઓ વિલીન થઈ ગઈ. આ સંસ્કૃતિએ અનેક સંસ્કૃતિઓને પોતાનામાં આત્મસાત્ કરીને પોતાની શક્તિ અને ક્ષમતા અર્જિત કરી છે. રાષ્ટ્રભક્ત દિનકરનું માનવું છે કે - સભ્યતા અને સંસ્કૃતિ પરસ્પર ઘનિષ્ઠ રૂપે સંબંધિત હોય છે. સભ્યતા શરીર છે. તો સંસ્કૃતિ આત્મા. બંનેનો સમન્વય અને સામંજસ્ય જ કોઈ સમાજ અથવા રાષ્ટ્રને વિકસિત કરી શકે છે. સુવિખ્યાત દાર્શનિક સી.ઈ. એમ. જોડનું કહેવું છે કે સભ્યતા બાહ્ય અને સંસ્કૃતિ આંતરિક વિકાસને દર્શાવે છે. સભ્યતા માનવજીવનના વિકાસનો તો સંસ્કૃતિ તેના ગુણોનો પરિચય કરાવે છે. આને વધુ સ્પષ્ટ કરવામાં આવે, તો કહેવાનું એ છે કે સંસ્કૃતિ અભ્યંતર છે, સભ્યતા બાહ્ય છે. સંસ્કૃતિનો સંબંધ નિશ્ચિતપણે ધાર્મિક વિશ્વાસ સાથેનો જ છે. સભ્યતા સામાજિક અને આર્થિક પરિસ્થિતિઓ સાથે બંધાયેલી છે.

પ્રત્યેક સંસ્કૃતિની એક સભ્યતા હોય છે. જ્યારે સંસ્કૃતિનાં મુખ્ય તત્ત્વો સમાજ દ્વારા અનુમોદિત પરંપરાઓમાં પરિવર્તિત થઈ જાય છે, ત્યારે તે જે તે દેશની સભ્યતાનાં અંગ બની જાય છે. સભ્યતાનો સંબંધ મનુષ્યના આચાર સાથે છે, તો સંસ્કૃતિનો તેના વિચારો સાથે. સંસ્કૃતિનો પ્રયોગાત્મક પક્ષ જ સભ્યતા છે. આ જ સાંસ્કૃતિક માન્યતાઓને આગળ વધારે છે અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ક્રિયાન્વિત કરે છે. મૈકાઈવરનો મત છે કે સભ્યતાનો સંબંધ ઉપયોગિતાના ક્ષેત્ર સાથે છે, જ્યારે સંસ્કૃતિનો મૂલ્યોના ક્ષેત્ર સાથે. સમાજશાસ્ત્રી જે. એલ. ગિલિન અને જે.પી. ગિલિનના મતાનુસાર સભ્યતા સંસ્કૃતિનું અધિક વિકસિત તેમજ જટિલ રૂપ છે. ફ્રોજ બોમસ, જાગબર્ન તથા નિમકાફનું પણ એવું જ માનવું છે કે સભ્યતા સંસ્કૃતિની એક અવસ્થા છે.

આ બંનેનો વિકાસ પણ સાથેસાથે થાય છે. કોઈ પણ સંસ્કૃતિનું સભ્યતામાં રૂપાંતરણ દીર્ઘ તેમજ લાંબા કાલાવધિમાં થાય છે. એટલા માટે એ માનવું જ પડશે કે સભ્યતા કરતાં સંસ્કૃતિ અધિક પ્રાચીન તેમજ સુદૃઢ હોય છે. ભારતીય સંસ્કૃતિના પાયામાં અહીંના ઋષિમુનિઓનું અનંત તપ અને ત્યાગની ભાવના સંનિહિત છે. આનો આધાર ઘણો જ સુદૃઢ અને પાયો ઘણો જ ઊંડો છે. તેણે વિકાસના અગણિત પ્રયત્નોને પાર કર્યા છે. આનો અનુભવ પણ તેને છે. સદીઓથી વહેતી જીવનની આ નિર્બાધ ચેતનાધારામાં માનવતા ઓતપ્રોત છે. એ સત્ય સુનિશ્ચિત છે કે આપણી સંસ્કૃતિ માનવકેંદ્રિત અને અગણિત જીવનમૂલ્યોનો પુંજ છે. આ જ મૂલ્યવાદિતા આની વિશિષ્ટતા અને વિશેષતા છે. ત્યારે જ તો રામધારી સિંહ દિનકરે કહેવું પડયું સંસ્કૃતિ સુખ નહીં સદાચાર છે, સંસ્કૃતિ વિજય નહીં મૈત્રી છે. સંસ્કૃતિનું પરમ રૂપ સમસ્ત પ્રાણીઓને ભીંજવનાર પ્રેમ છે. વિરોધીના મનને ક્લેશ ન પહોંચે તેની મહત્તા છે.

પશ્ચિમની દુનિયાની યાંત્રિકતા અને ભોગવાદથી વિપરીત ભારતીય સંસ્કૃતિના કેન્દ્રમાં માનવ છે. આ માનવ કોઈ જૈવિક એકમ અથવા તો આર્થિક ઘટકના રૂપમાં નહીં પરંતુ આદર્શોનો પ્રકાશપુંજ છે. સંસ્કૃતિની વિચારધારા સર્વપ્રથમ માનવના અંતઃકરણમાં જ અવતરિત થાય છે. આ જ એ દૃષ્ટિકોણ છે. જેનાથી કોઈ એક સમુદાય જીવનની સમસ્યાઓ ઉપર દૃષ્ટિનિક્ષેપ કરે છે. ત્યારબાદ જ સમાજની પરિકલ્પના આવે છે. આ તેનાં સંસ્કૃતિક મૂલ્યો ઉપર આધારિત હોય છે. આ સમાજનું જાતિના આધારે વિભાજન કરતી નથી, પરંતુ કોઈ ભેદભાવ વિના દરેકનું પોતાની સંવેદનાથી સિંચન કરે છે. વિચારપદ્ધતિઓની આ જન્મદાત્રી છે અને સમાજની દિશાધારા, સંરચના તથા વિકાસની આધારશિલા છે. ભૂતકાળમાં આપણો ભારતીય સમાજ આ જ મૂલ્યો તેમજ ગુણોથી ઓતપ્રોત હતો, તેથી જ તો તેને દેવસમાજની સંજ્ઞા આપવામાં આવી હતી. આ દેવસમાજમાં જ દેવમાનવોનું નિર્માણ થયું.

દેવસંસ્કૃતિએ એક હોવા છતાં પણ અનેક રૂપોમાં પોતાની અભિવ્યક્તિ આપી છે. આપણા દેશમાં બહુભાષી પરિવેશ છે. તેની સાથે અનેક માન્યતાઓ જોડાયેલી છે. અસંખ્ય જીવનપદ્ધતિઓ છે. પરંતુ દરેકની નિષ્ઠા આદર્શવાદી જીવનમૂલ્યોમાં છે. દરેક અહીંની સાંસ્કૃતિક સંવેદનાઓના કારણે જોડાયેલા છે. પારસ્પરિક વિશ્વાસ તેમજ વ્યવહારને સામાજિક, આર્થિક, રાજનૈતિક અને ધાર્મિક સંગઠનો વડે એક કરવા પ્રત્યે આપણી આસ્થા રહી છે. આ જ કારણને લીધે સંસ્કૃતિની જડ એટલી ઊંડી ગઈ કે તેની શાખાઓ દૂરદૂર સુધી વિસ્તરતી ગઈ. તે નથી નાશ પામતી કે નથી સુકાતી. જોકે મનુષ્યની સામયિક જરૂરિયાતો સભ્યતાઓના સ્વરૂપમાં બદલાતી રહે છે. પશ્ચિમી સભ્યતા અર્થ, વિજ્ઞાન તેમજ અનેક ઉપભોગ ઉપર ટકેલી છે. પરંતુ ભારતીય સભ્યતાને જ્યાં સુધી પોતાનાં સાંસ્કૃતિક મૂલ્યો ઉપર નિષ્ઠા અને વિશ્વાસ છે, ત્યાં સુધી તે અખંડ રહેશે.

પ્રાચીન સમયમાં સભ્યતા અને સંસ્કૃતિનો સંબંધ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સુદૃઢ તેમજ અનુકૂળ હતો. સંસ્કૃતિની સમસ્ત ધારાઓને સમુચિત સન્માન મળેલું હતું. તેમનામાં પારસ્પરિક સંયોજન હતું. ભૂતકાળ ભલે પાછો આવતો ન હોય, પરંતુ આ પ્રચ્છન્ન રૂપે આપણા વર્તમાનને પ્રભાવિત કરે જ છે. સમૃદ્ધિશાળી અને ગૌરવભર્યા ભૂતકાળ વડે વર્તમાનનો પાયો નંખાયેલો હોય છે અને આ જ મહાનતાને યોગ્ય વર્તમાનમાં ભવિષ્યની સંભાવનાઓ નિર્ભર રહે છે. આપણો સાંસ્કૃતિક ભૂકાળ અવશ્યપણે પવિત્ર તેમજ પ્રખર હતો. પરંતુ જ્યારે ભૂતકાળ અને વર્તમાનની વચ્ચે ટકરાવ ઉત્પન્ન થાય છે. ત્યારે ઘણી બધી આસુરીવૃત્તિઓ સક્રિય થઈ ઊઠે છે. તેમાંથી થઈ ઊપજેલી વૈચારિક કલુષતા સાંસ્કૃતિક પતનનું કારણ બને છે. માનવી જિંદગી અને સામાજિક પરિવેશમાં અનૈતિક તત્ત્વનો સંયોગ અને સમાવેશ તીવ્ર સાંસ્કૃતિક સંકટ ઉત્પન્ન કરે છે. આજે વર્તમાનની સ્થિતિ પણ કંઈક અંશે આવી જ છે.

રશિયન મનીષી નિકોલાય વર્ચાએવના જણાવ્યા અનુસાર જ્યારે માનવીય જીવન ભોગપરાયણ બની જાય છે. ત્યારે સાંસ્કૃતિક સર્જનશીલતાનો હ્રાસ થવા લાગે છે અને ક્રમશઃ સભ્યતામાં પણ આને લગતાં પરિણામ નજરે પડવા લાગે છે. ડૉ નંદકિશોર દેવરાજે પોતાના ગ્રંથ 'સંસ્કૃતિનું દાર્શનિક વિવેચન' માં ઉલ્લેખ કર્યો છે કે મૂલ્યોનાં એ તટસ્થ તેમજ સાર્વભૌમિક સંશોધન વગર જેને આપણે સંસ્કૃતિ કહીએ છીએ તે ન તો સભ્યતા અસ્તિત્વ ધારણ કરી શકે છે અને ન તો તે પોતાનું અસ્તિત્વ કાયમને માટે જાળવી શકે છે. એવી રૂઢિઓ તથા પ્રથાઓ એવા કાનૂન તેમજ સંસ્થાઓ જે સભ્ય વ્યવહારનો આધાર છે. એવો વ્યવહાર કે જે મનુષ્યોની વચ્ચે સહયોગ અને બંધુત્વની ભાવના સ્થાપિત કરે છે. મૂલતઃ એ સર્જનની પ્રવૃત્તિમાં ઉદય પામે છે. આ જ માનવ સંબંધોના અધિક સુંદર રૂપોની પરિકલ્પના કરે છે. પરંતુ આમાં ઉત્પન્ન વ્યતિક્રમ સભ્યતાના અસ્તિત્વ સામે પ્રશ્નચિહ્ન ઊભું કરી દે છે. સંસ્કૃતિનાં સ્થાન ઉપર વિકૃતિ ફાલવા લાગે છે.

ડૉ. દેવરાજે સંસ્કૃતિ પતનનાં કારણોનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે - લોભ તથા વાસનાત્મક દૃષ્ટિ અને ઉચ્ચતર મૂલ્યો, અનાસ્થાનો પ્રસાર, અસંયમ તથા ઉચ્છૃંખલતા, વિવેકહીનતા, આંતરિકતાનો અભાવ, જીવનનાં વિભિન્ન લક્ષ તથા હિતોનાં અન્વેષણમાં દિશાહીનતા તથા તે ધૈર્ય અને સંકલ્પશક્તિની ઊણપ, જેની સંસ્કૃતિના વિભિન્ન ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય ઉપલબ્ધિઓમાં અપેક્ષા હોય છે. આવી જ રીતે મૂળ રૂપે જોવા જતાં બે કારણો મુખ્ય રૂપે સામે આવે છે - જીવનનાં મૂલ્યો તથા તેની ઉચ્ચતર સંભાવનાઓમાં આસ્થાનો અભાવ અને માનવીય મહત્ત્વાકાંક્ષાઓ, ભૌતિક તથા ક્ષણિક ચીજો તરફનો ઝોક. સાંસ્કૃતિક અધઃપતનનું એક બીજું મૂલ્યવાન કારણ છે - ઉચ્ચવર્ગના લોકોમાં જનસાધારણ પ્રત્યે ઉપેક્ષા

આ વિષમતા તથા વિકૃતિએ અભિજાત્ય સંસ્કૃતિ તથા લોકસંસ્કૃતિની વચ્ચે ફાટફૂટ ઉત્પન્ન કરી દીધી. જ્યારે પોતાની શૈલીઓમાં અંતર હોવા છતાં પણ આ બંને એક જ સાંસ્કૃતિક ભાવધારાની અભિવ્યક્તિ હતી, જ્યારે અલગતા તેમજ ઉપેક્ષાની વિકૃતિએ સમાજમાં વિષમતાની ખાઈ ઉત્પન્ન કરી નાંખી છે. કવિરાજ ગોપીનાથે લોકસંસ્કૃતિનો આ પ્રકારે ઉલ્લેખ કર્યો છે. લોક સંસ્કૃતિ પ્રકૃતિની ગોદમાં જન્મે છે અને તેનો ઉછેર પણ ત્યા જ થાય છે. જ્યારે લોકોત્તર સંસ્કૃતિ આગ ઓકતી ચીમનીઓ, હુંકાર ભરતાં મશીનો અને વિદ્યુત


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વડે પ્રદીપ્ત નગરોમાં નિવાસ કરે છે. લોક સંસ્કૃતિનું સાધ્ય - ત્યાગ હોય છે, જ્યારે લોકોત્તર સંસ્કૃતિ ભોગની ઉપાસક હોય છે.

આજે લોકસંસ્કૃતિના બદલે લોકોત્તર સંસ્કૃતિનું ઝેર ફેલાઈ ગયું છે. સાંસ્કૃતિક વિનાશનાં કારણોમાં વિકસેલા આંતરિક વિરોધરૂપે જાતિવાદ, ક્ષેત્રવાદ તથા સંપ્રદાયવાદની વિકરાળ સ્થિતિ ઊભી થઈ ગઈ છે. સંસ્થાનવિષયક માનસિકતાએ જે ભોગવાદી સંસ્કૃતિ વિકસાવવાનો અવસર આપ્યો છે એ માનસિકતાએ જ વ્યક્તિગત ચરિત્ર અને સામાજિક પ્રતિષ્ઠા અને રાષ્ટ્રની અસ્મિતાના ચૂરેચૂરા કરીને રાખ્યા છે. આ વિરોધી સંસ્કૃતિએ યુવાન વર્ગને સૌથી વધુ ક્ષતિ પહોંચાડી છે. પરિણામે વિકાસની આંધળી ચાલ, અનિયંત્રિત યાંત્રિક દોડ અને અર્થોપાર્જનની લાલચુવૃત્તિ પેદા થઈ છે. એની લપેટમાં કોઈ એક સમાજ કે રાષ્ટ્ર નહીં પરંતુ સમગ્ર વિશ્વ આવી ગયું છે.

અપસંસ્કૃતિની આ સમસ્યા ખૂબ જ વિકરાળ અને વિધ્વંસક છે. એના સમાધાન માટે ભારતીય સંસ્કૃતિ જ આશાનું એકમાત્ર કિરણ છે. કેમ કે એમાં જ સાંસ્કૃતિક નવઉત્થાનનાં બધાં આધારભૂત તત્ત્વો વિદ્યમાન છે. જે પરંપરાઓ તથા આધુનિકતા વચ્ચે ગત્યાત્મક સંબંધોના મૂલ્યાંકનને પ્રોત્સાહિત કરી શકે. એમાં ભાવ છે, ભાષા છે અને સંપ્રેષણનાં સહજ માધ્યમો છે, વિકૃતિનો નાશ અને સંસ્કૃતિને સ્થાપિત કરવાનો અજસ્ર પ્રાણ છે. યાંત્રિક વિશ્વમાં શક્તિની હોડ, નિર્જીવતા અને ભોગવાદના વિરોધમાં આપણી સંસ્કૃતિ મૂલ્યવાદી અને સજીવ છે. એ જ ભૌતિકવાદ અને ભોગવાદની દિશા વાળીને આ યંત્રયુગમાં મનુષ્યનું અવમૂલ્યન થતું બચાવી શકે છે. અહીં ડાર્વિનના 'સર્વાઈવલ ઓફ ધ ફિટેસ્ટ' ના મત્સ્યન્યાયના પાશ્ચાત્ય સિદ્ધાંતથી વિપરીત 'ત્યેન ત્યકેતન ભુંજીથાઃ' અને 'વસુધૈવ કુટુંબકમ્' નાં વૈદિક સૂત્રોના ઉદ્‌ઘોષો ક્રિયાન્વિત થયા છે.

ભારતીય સંસ્કૃતિએ સદાય પોતાના વિકાસની પ્રાથમિકતાઓ પોતે નક્કી કરી છે. એણે અત્યાચારીઓના આક્રમણોથી પોતાનું રક્ષણ કર્યું છે તો વિશ્વના અનંત પરિવર્તનોનું સ્વાગત પણ કર્યું છે. હજારો આઘાતો વચ્ચે એનું અસ્તિત્વ નષ્ટ થયું નથી. ભારતીય સંસ્કૃતિની આ જ વિશેષતા જોઈને સુપ્રસિદ્ધ ઈતિહાસકાર ડાવડેલે ઉલ્લેખ કર્યો છે કે આ મહાન સંસ્કૃતિ એ મહાસમુદ્ર જેવી છે જેમાં અનેક નદીઓ આવીને મળી જાય છે. એક અન્ય વિચારક આલ્ફ્રેડ જોજફનું કહેવું છે કે માનવજાતને ભારતવાસીઓએ જે સૌથી મૂલ્યવાન વસ્તુ વરદાનમાં આપી દીધી છે, તે છે અહીંનો સાંસ્કૃતિક વારસો. જે હંમેશાં અનેક જાતિના લોકો અને અનેક પ્રકારના વિચારો વચ્ચે સમન્વય સ્થાપવા માટે તૈયાર છે. વિવિધતાઓ અને વિભિન્નતાઓ વચ્ચે એકતા તથા સંપ કાયમ કરવાની અદભુત દૃઢ ઈચ્છાશક્તિ અને સાહસ એમાં હંમેશાંથી રહ્યાં છે. આને નિશ્ચિતપણે વિશ્વમાનવતા માટે વરદાન સમજી શકાય છે.

આ મહાન સંસ્કૃતિ ચિરકાળથી વિદ્યમાન છે. એમાં રહેલા અનેક સદ્‌ગુણોએ એને કેવળ સુસમૃદ્ધ કરી છે એટલું જ નહિ, પણ એને અનંતકાળથી અનેક વિપત્તિઓ આવવા છતાં પણ એક સજીવ પ્રાણવાન સંસ્કૃતિના રૂપમાં જીવંત રાખી છે. કાકા કાલેલકર કહે છે- ભારતીય સંસ્કૃતિ એક જીવંત, ચૈતન્યમય અને વિકસિત ચેતના છે. માનવતાનું અંતિમ કલ્યાણ જ એનો આદર્શ છે. ભારત તો માત્ર એનું કેન્દ્ર છે, મધ્યબિંદુ છે પણ એનું કાર્યક્ષેત્ર તો અખિલ વિશ્વ છે. એ આજે પણ એટલી જ સામયિક અને ચિરંતન છે. આજના સમસ્યાઓથી ભરેલ પથમાં એ મનુષ્યને માર્ગ બતાવવા તથા સમસ્ત ઉદ્વિગ્નતાઓનું સમાધાન શોધવામાં સમર્થ છે. સમગ્ર વિશ્વમાં એનાં સૂત્રોને વ્યાપકરૂપે અપનાવીને જ માનવજીવનને ઉજ્જવળ ભવિષ્યનો રાહ બતાવી શકાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## યુગનિર્માણ સત્સંકલ્પ – ૧૦

# મનુષ્યના મૂલ્યાંકનની કસોટી તેની સફળતાઓ, યોગ્યતાઓ અને વિભૂતિઓથી નહીં પરંતુ તેના સદ્‌વિચારો અને સત્કર્મોથી થાય છે

મનુષ્યની શ્રેષ્ઠતાની કસોટી એ હોવી જોઈએ કે તેના દ્વારા ઉચ્ચ માનવીય મૂલ્યોનો કેટલો નિર્વાહ થઈ શક્યો અને તેમને કેટલું પ્રોત્સાહન આપી શક્યો. યોગ્યતાઓ અને વિભૂતિઓ તો માત્ર સાધનો છે. લાઠી અને ચાકુ પોતે નથી પ્રશંસનીય કે નથી નિંદનીય. તેમનો ઉપયોગ પીડા પહોંચાડવા માટે થયો કે પ્રાણના રક્ષણ માટે, એના આધાર પર જ તેમની પ્રશંસા કે નિંદા કરી શકાય છે. મનુષ્યની વિભૂતિઓ અને યોગ્યતાઓ પણ એવાં જ સાધનો છે. તેમનો ઉપયોગ ક્યાં થાય છે તે તેમના વિચારો અને કાર્યોથી શોધી શકાય છે. જો તે સત્ છે તો તે સાધનો પણ સત્ છે પરંતુ જો તે અસત્ છે તો એ સાધનો પણ અસત્ જ કહેવાશે. મનુષ્યતાનું ગૌરવ અને સન્માન આ જડ સાધનોથી નહીં પણ તેના પ્રાણરૂપ સદ્‌વિચારો અને સદ્‌પ્રવૃત્તિઓથી જોડવું જોઈએ. એ આધાર પર સન્માન આપવા અને પ્રાપ્ત કરવાની પરંપરા બનાવવી જોઈએ.

જે કાર્યથી પ્રતિષ્ઠા વધે છે, પ્રશંસા થાય છે તે જ કામ કરવા માટે અને તે જ માર્ગ પર ચાલવા માટે લોકોને પ્રોત્સાહન મળે છે. આપણે પ્રશંસા અને નિંદા કરવામાં તથા સન્માન અને તિરસ્કાર કરવામાં થોડી સાવધાની રાખીએ તો લોકોને કુમાર્ગ પર ન ચાલવા અને સત્યનો માર્ગ અપનાવવામાં મહદ્‌અંશે પ્રેરણા આપી શકીએ છીએ. મોટેભાગે જેમણે સફળતા, યોગ્યતા, સંપદા અને વિભૂતિ પ્રાપ્ત કરી લીધી છે. તેમની પ્રશંસા કરવામાં આવે છે. ચમત્કારને નમસ્કાર કરવામાં આવે છે. આ રીત ખોટી છે. વિભૂતિઓને લોકો ફક્ત પોતાની સુખસગવડો માટે જ એકત્રિત કરતા નથી પણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાનો પણ ઉદ્દેશ હોય છે. જ્યારે ધનવૈભવ ધરાવતા લોકોને જ સમાજમાં પ્રતિષ્ઠા મળે છે તો માનનો ભૂખ્યો મનુષ્ય કોઈપણ ભોગે તેને પ્રાપ્ત કરવા માટે આતુર થઈ ઊઠે છે. અનીતિ અને અપરાધોમાં વધારો થવાનું એક મુખ્ય કારણ એ છે કે આંધળી જનતા સફળતાની પ્રશંસા કરે છે અને દરેક અસફળતાને તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે. ધન કે ધની પ્રત્યે આદરબુદ્ધિ તો જ રહેવી જોઈએ, જ્યારે એ નીતિ અને સદાચારપૂર્વક કમાયેલું હોય, જો આપણે અધર્મ અને અનીતિથી મેળવેલા ધન દ્વારા ધની બનેલી વ્યક્તિ પ્રત્યે આદરની દૃષ્ટિ રાખીએ છીએ તો એથી એવા પ્રકારના અપરાધો કરવાની પ્રવૃત્તિને પ્રોત્સાહન જ મળે છે અને આ દૃષ્ટિએ આપણે પણ અપરાધોની વૃદ્ધિમાં ભાગીદાર બનીએ છીએ.

બીજાઓને સન્માર્ગ પર ચલાવવા માટેનું તથા કુમાર્ગ તરફ પ્રોત્સાહિત કરવાનું એક સશક્ત સાધન આપણી પાસે મોજૂદ છે અને તે છે આદર અને અનાદર. જે રીતે મત આપવો તે એક નાની ઘટના માત્ર છે પણ તેનું પરિણામ દૂરગામી હોય છે તે જ રીતે આદરના પ્રગટીકરણનું પણ દૂરગામી પરિણામ શક્ય છે. થોડાક મતો ચૂંટણીમાં ફેરફાર કરી શકે છે અને એ ચૂંટાયેલી વ્યક્તિનું વ્યક્તિત્વ કોઈ મહત્ત્વપૂર્ણ સ્થાન પર પહોંચીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રોમાં પ્રભાવશાળી ભૂમિકા સંપન્ન કરી શકે છે. થોડા મતો વ્યાપક ક્ષેત્રમાં તેનો પ્રભાવ બતાવી શકે છે અને અસંભવ શક્યતાઓ સાકાર બનાવી શકે છે, તેવી જ રીતે આપણી આદરબુદ્ધિ જો વિવેકપૂર્ણ ભૂમિકા પ્રસ્તુત કરે તો કુમાર્ગ પર ચાલતાં કેટલાંય કદમ રોકાઈ શકે છે અને સન્માર્ગ પર ચાલતાં ખચકાટ અનુભવતા કેટલાય પથિક પ્રેરણા અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રોત્સાહન મેળવીને એ દિશામાં તત્પરતાપૂર્વક અગ્રેસર થઈ શકે છે.

જે લોકોએ અવરોધ સહન કરીને પણ પોતાના જીવનમાં કોઈ આદર્શો સ્થાપિત કર્યા હોય તેમનું સાર્વજનિક સન્માન થવું જોઈએ, તેમની મુક્તકંઠે પ્રશંસા થવી જોઈએ અને જે લોકો નિંદનીય માર્ગો દ્વારા પ્રગતિ કરી રહ્યા હોય તેમની કોઈપણ રૂપે પ્રશંસા કે મદદ કરવી જોઈએ નહીં. ખરાબ કાર્યોમાં સામેલ થવું એ પણ એક રીતે તેમને પ્રોત્સાહન આપવા જેવું જ છે કેમ કે શ્રેષ્ઠ પુરુષોની માત્ર ઉપસ્થિતિ જ લોકો તેમનું સમર્થન માની લે છે અને પછી પોતે પણ તેમનો સહયોગ કરવા લાગે છે. આ રીતે અનુચિત કાર્યોમાં આપણું પ્રત્યક્ષ કે પરોક્ષ સમર્થન અંતે તેમને વધારનારું જ સિદ્ધ થાય છે.

મનુષ્યનું મૂલ્યાંકન આપણે તેની સફળતાઓ અને વિભૂતિઓથી નહીં પરંતુ એ નીતિ અને ગતિવિધિના આધાર પર કરવું જોઈએ કે જેની મદદથી એ સફળતા પ્રાપ્ત કરવામાં આવી હોય. બેઈમાનીથી કરોડપતિ બનેલી વ્યક્તિ પણ આપણી દૃષ્ટિમાં તિરસ્કૃત હોવી જોઈએ અને જે અસફળ અને ગરીબ વ્યક્તિએ વિષમ પરિસ્થિતિઓમાં પણ જીવનના ઉચ્ચ આદર્શોનું રક્ષણ કર્યું હોય તેને પ્રશંસા, પ્રતિષ્ઠા, સન્માન અને સહયોગ બધું જ પ્રદાન કરવું જોઈએ. એ યાદ રાખવાનું છે કે જ્યાં સુધી જનતાનો નિંદા-પ્રશંસાનો અને આદર-તિરસ્કારનો માપદંડ બદલાય નહીં ત્યાંસુધી અપરાધીઓ વધુ ઉત્સાહથી પોતાની સફળતા પર ગર્વ કરી વધુ ને વધુ ઉદ્દંડ બનતા જશે અને સદાચારને કારણે મર્યાદિત સફળતા કે નિષ્ફળતા પ્રાપ્ત કરનારાઓ ખિન્ન અને નિરાશ રહીને સન્માર્ગથી વિચલિત થવા લાગશે. યુગનિર્માણ સંકલ્પમાં એ પ્રધાન પ્રેરણા પ્રસ્તુત કરવામાં આવી છે કે આપણે મનુષ્યના મૂલ્યાંકનની કસોટી તેની સફળતાઓ અને વિભૂતિઓને નહીં, સજ્જનતા અને આદર્શવાદને જ માનીશું.

*પડતાને ઉઠાવવા, પાછળ રહી ગયેલાને આગળ વધારવા, ભટકી ગયેલાને રસ્તો બતાવવો અને જે અશાંત થઈ રહ્યા હોય તેને શાંતિદાયક સ્થળે પહોંચાડી દેવા એ વાસ્તવમાં ઈશ્વરની સેવા છે. જ્યારે આપણે દુઃખ અને દરિદ્રતા જોઈને વ્યથિત થઈએ છીએ અને મલીનતાને સ્વચ્છતામાં બદલવા માટે આગળ વધીએ છીએ ત્યારે સમજવું જોઈએ કે આ કાર્યો ઈશ્વર માટે અને તેમની પ્રસન્નતા માટે કરવામાં આવી રહ્યાં છે. બીજાની સેવા સહાયતા પોતાની જ સેવા સહાયતા છે.*

● ● ●

*મહાનનો અર્થ છે – વિશાળ, વ્યાપક. જે આત્મા પોતાનાં શારીરિક, માનસિક અને કૌટુંબિક કર્તવ્યોથી વધીને વિશ્વમાનવની જરૂરિયાતો પૂરી કરવા માટે અગ્રેસર થાય છે, માનવીય કર્તવ્યો પછીનાં દેવકર્તવ્યો પૂર્ણ કરવા માટે તત્પર થાય છે તે મહાત્મા છે. મહાત્મા પોતાને વિશે વિચારતો નથી, વિરાટ માટે વિચારે છે, પોતાને માટે જીવિત રહેતો નથી, વિરાટ માટે જીવે છે.*

● ● ●

*એની જ પ્રાર્થના સાર્થક છે, જે આત્માને પરમાત્મામાં વિલીન કરી દેવા માટે વ્યાકુળ થઈ ગયો હોય, જે પોતાને પરમાત્મા જેવો મહાન બનાવવા માટે તડપતો હોય, જે જીવનના કણકણમાં પ્રભુને ભેળવવા માટે બેચેન હોય. જે એનો થઈને જ જીવવા ઈચ્છે છે એને જ ભક્ત કહેવો જોઈએ. બીજા તો વિદૂષક છે. ભક્તિમાં આત્મસમર્પણ સિવાય બીજું કશું જ હોતું નથી. ત્યાં આપવાની જ વાત સૂઝે છે, લેવાની ઈચ્છા જ ક્યાં રહે છે !*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શું 'હું' શરીર જ છું – એથી જુદો નહીં ?

હું શું છું ? હું કોણ છું ? હું કેમ છું ? 'હું', આ નાનકડા સવાલનું સાચું સમાધાન ન કરી શકવાથી 'હું'ને કેટલી વિષમ વિડંબનાઓમાં ફસાવું પડે છે અને વિપત્તિઓમાંથી પસાર થવું પડે છે તે જો સમય રહેતાં સમજી શકાય તો આપણે એ ન રહીએ જે આજે છીએ. એવું વિચારતા ન હોત જે આજે વિચારી રહ્યા છીએ. એવું કરતા ન હોત જે આજે કરીએ છીએ.

આપણે એટલા બુદ્ધિમાન છીએ કે ધરતી અને આકાશનો ખૂણેખૂણો ફરી વળ્યાં અને પ્રકૃતિનાં રહસ્યોને પ્રત્યક્ષ કરીને બતાવી દીધાં. આ બુદ્ધિમત્તાની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી ઓછી છે અને પોતાને વિશે જેટલી ઉપેક્ષા દાખવવામાં આવી છે તેની જેટલી નિંદા કરવામાં આવે તે ઓછી જ છે.

જે કાયાને શરીર સમજવામાં આવે છે તે શું 'હું' જ છું ? શું કષ્ટ, ઘા, ભૂખ, ઠંડી, તાપ વગેરેથી ડગલે ને પગલે વ્યાકુળ થનાર, સહાયતા માટે કાપડિયો, દરજી, ખેડૂત, રસોઈયો, ચર્મકાર, ડૉક્ટર વગેરે પર આધારિત રહેનાર શું 'હું' છું ? બીજાઓની મદદ વિના જેને માટે જીવન ધારણ કરવાનું મુશ્કેલ હોય, જેની સંપૂર્ણ ખુશી અને પ્રગતિ બીજાઓની કૃપા પર ટકેલી હોય, શું એ જ અસહાય, અસમર્થ 'હું' છું ? મારી આત્મનિર્ભરતા શું કંઈ જ નથી ? જો શરીર જ 'હું' છું તો ચોકસપણે પોતાને સર્વથા પરાશ્રિત, દીન અને દુર્બળ માનવો જોઈએ.

પરમ દિવસે પેદા થયો, રમતગમત અને વાંચવા-લખવામાં બાળપણ જતું રહ્યું. કાલે જવાની આવી હતી તે નશાના ઘેનની જેમ આંખોમાં અને મગજમાં છવાયેલી રહી, ચંચળતા અને અતૃપ્તિમાં બેચેન બનાવતી રહી. આજે આથમતી ઉંમર આવી ગઈ. શરીર ઢળવા અને ગળવા લાગ્યું. ઇન્દ્રિયો ઘરડી થઈ ગઈ. દીકરાઓ અને પૌત્રોના હાથમાં સત્તા જતી રહી. એવું લાગે છે કે આપણી આ સ્થિતિ ઉપેક્ષિત અને નિરર્થક જેવી છે. આવતીકાલે આ જ કાયા જરાજીર્ણ થવાની છે. આંખોમાં મોતિયો, કમર અને ઘૂંટણનો દુખાવો, ઉધરસ અને અનિદ્રા જેવી વ્યાધિઓ ઘાયલ ગધેડા પર ઊડતા કાગડાઓની જેમ હુમલો કરવાની તૈયારી કરી રહી છે. લંગડા અને અપંગની જેમ કપાતી જિંદગી કેટલી ભારરૂપ બનશે એ વિચારવાનું મન થતું નથી, એ બિહામણું અને ઘૃણાજનક દૃશ્ય એક ક્ષણ માટે પણ આંખો સામે ઊભું થાય છે તો રોમરોમ કાંપવા લાગે છે, પરંતુ એ અટલ ભવિષ્યથી બચવાનું શક્ય નથી. જીવિત રહેવું હોય તો આવી દુર્દશાયુક્ત સ્થિતિમાં જ રીબાવું પડશે. એનાથી બચવાનો કોઈ રસ્તો નથી. શું એ 'હું' છું ? શું આ નિરર્થક ઘાણીના બળદની જેમ ચક્કર કાપવા માટે જ 'હું' જન્મ્યો છું ? શું જીવનનું આ જ સ્વરૂપ છે ? મારું અસ્તિત્વ શું આટલું તુચ્છ છે ?

આત્મચિંતન કહેશે – નહીં, નહીં, નહીં. આત્મા આટલો દુર્બળ અને હીન ન હોઈ શકે. તે આટલો અપંગ, અસમર્થ, પરાશ્રિત અને દુર્બળ કેમ હોય ? આ તો પ્રકૃતિના પરાધીન વૃક્ષો જેવું, માખી અને મચ્છરો જેવું જીવન થયું. શું આ બધું સાથે લઈને જીવવા માટે 'હું' જન્મ્યો અને જન્મ્યો તો પણ જીવન એવું કે જેમાં ન ચેન, ન ખુશી, ન શાંતિ, ન આનંદ, ન સંતોષ. જો આત્મા સાચે જ પરમાત્માનો અંશ હોય તો તે આવી તુચ્છ સ્થિતિમાં પડી રહેનાર ન હોઈ શકે. અથવા તો 'હું' છે જ નહીં. નાસ્તિકોના પ્રતિપાદન મુજબ પાંચ તત્ત્વોના પ્રવાહમાં એક ભમરા જેવી કે પાણીના પરપોટા જેવી ક્ષણિક કાયા લઈને જન્મ્યો છું અને બીજી જ ક્ષણે અભાવની વિસ્મૃતિની ખાઈમાં સમાઈ જવાનો છું. અથવા તો કંઈક છું તો એટલો તુચ્છ અને અપંગ છું કે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જેમાં ઉલ્લાસ અને સંતોષ જેવું, ગર્વ અને ગૌરવ જેવું કોઈ તત્ત્વ નથી. જો 'હું' શરીર છું તો તુચ્છ છું. પોતાને માટે અને આ ધરતી માટે ભારરૂપ. પવિત્ર અન્ન ખાઈને ગંદા મળમાં ફેરવતો રહેનાર, કોટિ-કોટિ છિદ્રોવાળા આ શરીરમાંથી દુર્ગંધ અને મેલ બહાર કાઢતો રહેનાર, અસ્પૃશ્ય અને ઘૃણિત છું 'હું'. જો શરીર છું તો એથી વધારે મારી સત્તા પણ શું હોઈ શકે ?

જો હું શરીર છું તો તેનો અંત શું છે ? લક્ષ્ય શું છે ? પરિણામ શું છે ? મૃત્યુ, મૃત્યુ, મૃત્યુ. કાલે નહિ તો પરમ દિવસ, પણ એ દિવસ ઝડપથી વાવાઝોડાની જેમ આવી રહ્યો છે જેમાં આજની મારી આ સુંદર કાયા, જેને મેં ખૂબ જ પ્રેમ કર્યો છે, પ્રેમ જ શું પણ એમાં પૂર્ણપણે સમર્પિત થઈ ગયો, ભળી ગયો તે હવે મારાથી વિખૂટી પડી જશે. વિખૂટી જ નહિ પડે પણ અસ્તિત્વ સુધ્ધાં ગુમાવી દેશે. કાયામાં ભળેલો 'હું' મોતના એક ઝાટકાથી કેટલો કુરૂપ, કેટલો વિકૃત, કેટલો નિરર્થક અને કેટલો ઘૃણિત થઈ જઈશ કે તેને પ્રિય પરિજનો પણ થોડો સમય અને એ જ ઘરમાં રહેવા દેવા માટે તૈયાર નહિ થાય જેને મેં પોતે ઘણાં અરમાનો સાથે ઘણાં કષ્ટો સહન કરીને બનાવ્યું હતું. શું એ જ મારાં પરિજનો છે ? જેમને લાડ અને પ્યારથી રાખ્યાં હતાં. હવે તેઓ મારી આ કાયાને ઘરમાંથી હટાવવા માટે, તેનું અસ્તિત્વ હંમેશ માટે મિટાવવા કેમ આતુર છે ? કાલનો જ તો 'હું' છું.

મોતના જરાક જેવા આઘાતથી મારું આ કેવું સ્વરૂપ થઈ ગયું. હવે તો મારું મૃતશરીર હાલતુંચાલતું પણ નથી, બોલતું કે વિચારતું પણ નથી. હવે તો એની કોઈ ઇચ્છાઓ પણ નથી. અરેરે, એ કેવું મલીન, દયનીય અને ઘૃણિત બનીને જમીન પર સૂઈ રહ્યું છે. એ પલંગ કે પથારી પર સૂવાનો અધિકાર સુધ્ધાં હવે ખોઈ બેઠું છે. ઘાસ અને દોરડાંથી ઢંકાયેલી, છાણથી લીંપાયેલી ભીની જમીન પર એ પડ્યું છે. હવે કોઈ ડૉક્ટર પણ ઇલાજ કરવા માટે તૈયાર નથી. કોઈ દીકરો અને પૌત્ર પણ ખોળામાં આવતો નથી. પત્ની છાતી કૂટે છે, પરંતુ પાસે બેસતાં ડરે છે. મારો પૈસો, મારો વૈભવ, મારું સન્માન બધું જ છિનવાઈ ગયું, હાય, હું પૂરેપૂરો લૂંટાઈ ગયો. મને પોતાનો કહેનારાઓ જ મારું બધું છીનવી લઈ મને આ દુર્ગતિ સાથે ઘરમાંથી કાઢી રહ્યા છે. મારી આવી દુર્દશા કરવા માટે હું જન્મ્યો ? મારો આ જ અંત છે ? મારું આ જ લક્ષ્ય હતું ? આ જ છે મારી ઉપલબ્ધિ, જેના માટે કેટલી આશાઓ સજાવી હતી, જેના માટે કેટલા પુરુષાર્થો કર્યા હતા, એ બધાનો શું આ જ નિષ્કર્ષ છે ? આ જ છું 'હું' જે મૃત બનીને પડ્યો છું અને લાકડાઓની ચિતામાં બળીને બીજી જ ક્ષણે પોતાનું અસ્તિત્વ સદાને માટે ગુમાવવા જઈ રહ્યો છું.

લો હવે હું ચિતા પર પહોંચી ગયો. લો, મારું કોમળ મખમલ જેવું શરીર, જેને સુંદર, સુસજ્જિત અને સુંદર બનાવવા માટે કલાકો શૃંગાર કરતો હતો, હવે તેની અસલ જગ્યા પર આવી ગયું. લાકડાઓના ઢગલા વચ્ચે દબાઈ ગયેલો હું. લો આગ પણ લાગી ગઈ. લો, હવે હું બળ્યો. અરે ! મને બાળશો નહિ. આ સુંદર હાડકાંઓમાં હું હજી રહેવા ઇચ્છું છું, મારાં ઘણાં અરમાનો છે, ઇચ્છાઓ તો હજારમાંથી એક પણ પૂરી ન થઈ. મને મારી કમાયેલી સંપત્તિમાંથી જુદો ન કરો, પ્રિયજનોનો વિયોગ મને સહન થતો નથી. આ કાયાને થોડું કષ્ટ થતું તો ઇલાજ, ઉપચાર માટે હું ઘણુંબધું કરતો હતો. આ કાયાને આવી નિર્દયતાથી બાળશો નહિ. અરે સ્વજન અને મિત્ર કહેનારા લોકો ! આ અત્યાચારથી મને બચાવો. પોતાની આંખો સામે જ મને આ રીતે બળતાં તમે જોતા રહેશો. મારી જરાપણ મદદ નહિ કરો. અરે આ શું, બચાવવાનું તો દૂર ઊલટાનું તમે જ મને આગ લગાડી રહ્યા છો. નહીં—નહીં, મને બાળશો નહિ, મને મિટાવશો નહિ. ગઈકાલ સુધી હું તમારો હતો, તમે મારા હતા, આજે જ શું થઈ ગયું કે તમે બધાએ મારો આ રીતે ત્યાગ કર્યો ? તમે આટલા નિષ્ઠુર કેમ બની ગયા ? હું અને મારો સંસાર શું આ ચિતાની આગમાં જ ખતમ થઈ જશે ? સપનાંઓનો અંત, અરમાનોનો વિનાશ, હાય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રે ચિતા, હત્યારી ચિતા, તું મને છોડ, મરવાનું, બળવાનું મારું જરાય મન નથી. અગ્નિદેવતા, તમે તો દયાળુ હતા. બધી નિર્દયતા મારા પર જ ઢોળવા માટે કેમ તત્પર થઈ ગયા.

લો, સાચે જ મરી ગયો. મારી કાયાનો અંત થઈ જ ગયો. સ્મૃતિઓ પણ ભુંસાવા લાગી છે. કેટલાક દિવસ ચિત્ર, ફોટો રહ્યાં. શ્રાદ્ધતર્પણનો ક્રમ થોડા દિવસ ચાલતો રહ્યો. બે ત્રણ પેઢી સુધી છોકરાઓને અને પૌત્રોને નામ યાદ રહ્યાં. પચાસ વર્ષ પણ પૂરાં ન થયાં કે બધી જગ્યાએથી નામોનિશાન મટી ગયું. હવે કોઈને કહેવામાં આવે કે આ દુનિયામાં 'હું' પેદા થયો હતો. ઘણાં અરમાનો સાથે જીવ્યો હતો, જીવનને ઘણું સજાવ્યું હતું, સંભાળ્યું હતું, તેને માટે ઘણુંબધું કર્યું હતું, પરંતુ એ બધી દોડધામ આમ નિરર્થક જતી રહી. મારી કાયાએ પણ મારો સાથ ન આપ્યો જેમાં હું સંપૂર્ણપણે ભળી ગયો હતો, જે કાયાના સુખને મારું સુખ અને જેના દુઃખને મારું દુઃખ સમજ્યો. સાચું તો એ છે કે હું જ શરીર હતો અને શરીર જ હું હતો. અમારા બન્નેનું અસ્તિત્વ એક બની ગયું હતું પણ આ શું આશ્ચર્ય સર્જાયું, હું હજીપણ મોજૂદ છું.

વાયભૂત બની હું હજીપણ આકાશમાં ભ્રમણ કરી રહ્યો છું પરંતુ મારી એ અભિન્ન સહયોગી કાયા ન જાણે ક્યાં જતી રહી ? હવે મને એ ક્યારેય નહિ મળે કે શું ? તેના વગર હું રહેવા ઇચ્છતો નહોતો, રહી શકતો ન હતો, પરંતુ હાય રે નિર્દયી ભાગ્ય, આ તેં શું કરી નાંખ્યું ? કાયા જતી રહી, માયા જતી રહી, હું એકલો જ વાયભૂત બનીને ભ્રમણ કરી રહ્યો છું. એકાકી — બિલકુલ એકાકી. જ્યારે કાયાએ જ સાથ છોડી દીધો તો તેની સાથે જોડાયેલાં કુટુંબીજનો પણ શું યાદ રાખે ? કેમ યાદ રાખે ? યાદ રાખતા હોય તો પણ હવે એથી મારું શું થઈ જવાનું છે ?

હું શરીર છું એ જન્મના દિવસથી માંડી મોતના દિવસ સુધી હું માનતો રહ્યો. એ માન્યતા એટલી ઊંડી હતી કે કથાપુરાણોની ચર્ચામાં આત્મા અને શરીરની ભિન્નતા વિશે અવારનવાર સાંભળતો રહેવા છતાં પણ ગળે ઊતરતી નહોતી. આ શરીર જ હું છું, એથી જુદી મારી સત્તા ભલા કઈ રીતે હોઈ શકે છે ? મારાં સુખદુઃખ શરીરનાં સુખદુઃખથી જુદાં કેમ હોઈ શકે ? શરીરના લાભ અને મારા લાભમાં અંતર કેવી રીતે માનવામાં આવે ? આ વાતો નહોતી સમજાતી કે નહોતો થતો એના પર વિશ્વાસ. પરોક્ષ પણ પ્રત્યક્ષને કેવી રીતે નકારી શકાય ? શરીર પ્રત્યક્ષ છે, આત્મા અપ્રત્યક્ષ છે, તેના સ્વાર્થ અને સુખદુઃખ જુદાં છે, આ વાતો કહેવા અને સાંભળવા માટેની જ હોઈ શકે છે. તેથી રામાયણ અને ગીતાનાં પ્રવચનોમાં 'હા'નો સૂર પૂરતો રહ્યો, પરંતુ તેનો વાસ્તવિકતાના રૂપમાં ક્યારેય સ્વીકાર કર્યો નહીં.

જ્યારે આજે જોઉં છું કે એ સચ્ચાઈ હતી જે સમજમાં આવી નહીં અને એ જૂઠું હતું જે હંમેશાં માથા પર સવાર રહ્યું. શરીર જ હું છું એ માન્યતા મદિરાના નશાની જેમ નસેનસમાં ભરેલી રહી. બાટલી પર બાટલી ચઢાવતો રહ્યો તો એ ખુમારી ઊતરે પણ કેવી રીતે ? પણ આજે આકાશમાં ઊડતો વાયુભૂત અને એકાકી હું વિચારું છું કે જૂઠું જીવન જીવવામાં આવ્યું. જૂઠ માટે જીવવામાં આવ્યું, જૂઠ બનીને જીવવામાં આવ્યું. સચ્ચાઈ આંખો સામેથી દૂર જ રહી. હું એકાકી છું, શરીરથી ભિન્ન છું. આત્મા છું, એ જરૂર સાંભળતો રહ્યો પણ માનવાનો અવસર જ ન આવ્યો. એ તથ્ય જાણ્યું જ નહીં, માન્યું પણ હોત તો એ અલભ્ય અવસર જે હાથમાંથી જતો રહ્યો તે આવી ખરાબ રીતે ન ગયો હોત. જે મૂર્ખતાપૂર્ણ રીતે જીવન જીવવામાં આવ્યું તેવી રીતે જીવ્યો ન હોત.

શરીર મારું છે, મારા માટે છે, હું શરીર નથી. આ નાનકડું સત્ય જો સમય રહેતાં સમજાઈ ગયું હોત તો કેટલું સારું થાત. તો મનુષ્યજીવન જેવા દેવદુર્લભ સૌભાગ્યનો લાભ લઈ શકાયો હોત, પણ હવે શું થઈ શકે ? હવે તો પશ્ચાત્તાપ જ શેષ છે. ભૂલભરેલી મૂર્ખતા માટે કોણ જાણે કેટલા લાંબા સમય સુધી રુદન કરવું પડશે ?



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રસન્નતા મનુષ્યનો જન્મસિદ્ધ અધિકાર

મનની સ્વચ્છતાની સાથે આપણી સંસ્કૃતિમાં માનસિક સંતુલન અને પ્રસન્નતાને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે. જે વ્યક્તિ ચિત્તને પ્રસન્ન રાખે છે, તે માનસિક સંતુલનનો પણ આનંદ લે છે. શ્રુતિઓમાં લખ્યું છે કે આનંદથી જ પ્રાણીઓનો જન્મ થાય છે.

**આનન્દાદેવખલ્વિમાનિ ભૂતાનિ જાયતે ।**
**આનન્દેન જાતાનિ જીવન્તિ,**
**આનન્દાભિપ્રમન્ત્યભિસંવિશન્તિ ।**

અર્થાત્ – "આનંદથી જ બધાં પ્રાણી ઉત્પન્ન થાય છે, આનંદ તત્ત્વથી જ તેઓ જીવિત રહે છે, આનંદ તરફ જ ભાગે છે અને અંતમાં આનંદમાં જ સમાઈ જાય છે."

આપણી સંસ્કૃતિના જેટલા પૂજારી મળશે તે બધા જ સંતુલિત મન તથા પ્રસન્ન વૃત્તિની જ વ્યક્તિઓ છે. કોઈપણ હિંદુ દેવી કે દેવતાનું ચિત્ર જુઓ, પ્રસન્નતાથી મહેકતું જ મળશે. મન ખિન્ન રહેવાથી માનસિક સંતુલન બગડી જાય છે, બીજી તરફ ચિત્તની પ્રસન્નતાથી મન, શરીર અને આત્મા પર ખૂબ જ સ્વાસ્થ્યદાયક પ્રભાવ પડે છે. એનાથી મનની વિભિન્ન શક્તિઓ સતેજ થઈ જાય છે, ચંચળતા અને વિક્ષેપવૃત્તિ દૂર થઈ જાય છે અને બુદ્ધિ સારી રીતે સ્થિર થઈ જાય છે.

**પ્રસન્ન ચેતસો હ્યાશુ બુદ્ધિપર્યવતિષ્ઠતે ।**

**(ગીતા)**

પ્રસન્નતા મનુષ્યના ભાગ્યની એક વિશેષ રચના છે જે સૌમાં સમાન છે. મનુષ્ય પોતાના અજ્ઞાનથી તેનાથી વંચિત રહે છે. કોઈ અપ્રસન્ન રહે તો એ તેનો દોષ છે. ભારતીય સંસ્કૃતિ તો એમ માને છે કે ઈશ્વરે દરેક મનુષ્યને પ્રસન્ન રહેવા માટે પેદા કર્યો છે. પ્રસન્ન મનમાં જ પૂર્ણ શાંતિ અને સંતુલન રહે છે. તેથી ભારતીય સંસ્કૃતિ કહે છે –

**ભવોદ્વિગ્નમના ચૈવ હૃદુદ્વેગં પરિત્યજ ।**
**કુરુ સર્વાસ્વવસ્થાસુ શાન્તં સન્તુલિતં મનઃ ॥**

અર્થાત્ - "સંસારના મનુષ્યો ! માનસિક ઉત્તેજનાઓને છોડી દો અને બધી અવસ્થાઓમાં મનને શાંત અને સંતુલિત રાખો."

તાવ આવવાથી જેમ શરીરની ગરમી વધી જાય છે અને કોઈપણ કામ થઈ શકતું નથી તેવી જ રીતે ઉદ્વેગ અને આવેશ, ઉત્તેજના અને આતુરતા વગેરે લક્ષણો માનસિક જ્વરનાં છે.

માનસિક સંતુલિત અવસ્થા એ મનની સ્થિર બુદ્ધિસંપન્ન અને શાંતિસંપન્ન સ્થિતિ છે. જેમાં વિવેક પૂર્ણરૂપે જાગૃત રહે છે. જેવી રીતે ત્રાજવાંના બન્ને પલ્લાં સમાનરૂપથી ભારે હોવાને કારણે કાંટાને સંતુલિત રાખે છે, તેવી જ રીતે મનની પૂર્ણ સંતુલિત અવસ્થામાં આપણે શાંત રહીએ છીએ. આપણું મગજ પૂરા વિવેકથી કામ કરે છો. ચિંતા અને વાસનાઓ નજીક આવતી નથી.

વિપત્તિ આવે ત્યારે ઘણું ખરું આપણે ચિંતિત, શોકગ્રસ્ત અને ભયભીત બની જઈએ છીએ, ગભરાવા લાગીએ છીએ, કાયર બની જઈએ છીએ. બીજી તરફ સંપત્તિ આવે ત્યારે અહંકાર, મદ, મત્સર, અતિહર્ષ, અતિભોગ, ઈર્ષા, દ્વેષ વગેરે ઉત્તેજનાઓમાં ફસાઈ જઈએ છીએ. આ બન્ને ઉત્તેજનાઓ મનુષ્યની આંતરિક સ્થિતિને રોગીઓ અને બાળકો જેવી કરી દે છે. એનાથી કોઈ લાભ થઈ શકતો નથી. નુકસાન જ નુકસાન છે. તેથી એને ત્યાગવી એ જ યોગ્ય છે.

આપણી સંસ્કૃતિ આપણને દરેક સ્થિતિમાં પ્રસન્ન રહેવાની શુભ પ્રેરણા આપે છે. આપણાં બધાં દેવીદેવતાઓ પ્રસન્નચિત્ત અને હસમુખાં છે. એમના મુખથી આહ્લાદનાં શુભ કિરણો નીકળતાં રહે છે. જ્યારે મનુષ્ય ગુપ્ત મનમાંથી ગભરાટ કે બેચેનીની સમસ્યાઓ કાઢી નાખે ત્યારે જ આવી સ્થિતિ થઈ શકે છે.

ઉત્તેજનાથી શારીરિક અને માનસિક શક્તિઓને ભારે નુકસાન થાય છે. અનેક માનસિક બીમારીઓ થઈ જાય છે. વાળ ખરવા અને સફેદ થવા લાગે છે, લોહીમાં વિકાર પેદા થઈ જાય છે અને બીજી પણ અનેક મુશ્કેલીઓ પેદા થઈ જાય છે. તેથી, આપણી સંસ્કૃતિ આપણને સદા પ્રસન્ન અને સંતુલિત રહેવાનો આદેશ આપે છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રેરક પ્રસંગો

## આહાર પણ, વિદ્યા પણ

શિષ્યોની જાતજાતની પરીક્ષાઓ લઈ એમને બ્રહ્મવિદ્યાનો મર્મ સમજાવવાની ગુરુની જ જવાબદારી છે.

મહર્ષિ ઉદ્દાલકે ગુરુકુળના પ્રવીણ વિદ્યાર્થીઓને બોલાવ્યા અને પરીક્ષા લેવા માટે એક - એક માસ માટે તેમનો આહાર બદલી નાંખ્યો. અવધિ પૂરી થયા બાદ બધાને બોલાવવામાં આવ્યા અને તેમની સ્થિતિ તપાસવામાં આવી. જેને એક મહિનો ભૂખ્યો રાખવામાં આવ્યો હતો એ બધું જ ભૂલી ગયો. આંખો સામે અંધકાર છવાવા લાગ્યો. સ્મૃતિ કમજોર થઈ ગઈ હતી. જેણે તામસી વસ્તુઓ ખાધી તેની ચંચળતા વધી ગઈ અને વાંચવામાં મન લાગતું નહોતું. જેના આહારમાં માદક દ્રવ્યોનો સમાવેશ હતો તેણે અધ્યયનમાં અરુચિ બતાવી અને ઘેર જવાની આજ્ઞા માગવા લાગ્યો. આ રીતે કોઈ ઝગડાખોર, કોઈ શાંત, કોઈ સૌમ્ય તો કોઈ ઉદ્દંડ જોવા મળ્યા. આ બદલાયેલી પરિસ્થિતિનો અધ્યયન પર પણ પ્રભાવ પડી રહ્યો હતો.

પ્રસ્તુત પરિવર્તનનું રહસ્ય બતાવતાં ઉદ્દાલકે વિદ્યાર્થીઓને કહ્યું – "અન્નથી જ રૂપાંતર થઈને બુદ્ધિ અને ચિત્ત બને છે. જેવું અન્ન ખાવામાં આવે છે તેવું જ મન બને છે. વિદ્યાને જેટલું મહત્ત્વ આપવામાં આવે છે તેટલું જ ધ્યાન અનુકૂળ આહાર પર પણ અપાવું જોઈએ.

## રાવણ જીવતો થઈ ગયો

વિજયાદશમીના દિવસે રામલીલા પૂરી થઈ. રાવણનું એક મોટું પૂતળું બન્યું હતું. તેને ખૂબ ધૂમધડાકા સાથે બાળવામાં આવ્યું.

રાવણનો પ્રેતાત્મા એ તરફ આવ્યો. એણે અશ્રવ્ય વાણીમાં લોકોને કહ્યું – "તમારામાંથી જે રામ હોય એ રાવણને મારે. ત્રેતામાં હું એકલો હતો તેથી એક રામે વિજય મેળવ્યો. હવે તો લાખો રાવણો પેદા થયા છે. એમના માટે એટલા રામ તો પેદા કરો."

ત્રેતામાં મને મારી નાખવામાં આવ્યો પરંતુ કળિયુગમાં મને મારવાનું સહેલું નથી. મારા ભાઈ કુંભકર્ણને તમે ક્યાં મારી શક્યા છો ? હું તો દરેક ઘરમાં જન્મ લઈ ચૂક્યો છું. વિલાસપ્રિયતાના રૂપમાં તમે મને અત્યારે પણ જોઈ શકો છો. ત્રેતામાં તો મેં એકલાએ સોનાની લંકા બનાવીને વિલાસી જીવન જીવ્યું હતું. કળિયુગમાં બધા લોકો મારું અનુકરણ કરીને વિલાસી જીવન જીવવા ઇચ્છે છે. કુંભકર્ણ આળસનું પ્રતીક છે. એ ત્રેતામાં વર્ષમાં છ માસ સૂતો હતો. હવે બધા લોકો ૧૨ કલાક આળસ અને ઊંઘમાં ગુમાવીને કુંભકર્ણ બની ગયા છે. મારી બહેન શૂર્પણખાએ દરેક ઘરમાં જન્મ લઈ લીધો છે. ત્રેતાયુગમાં એણે ફેશન અને શૃંગાર કરીને રામ અને લક્ષ્મણના ચરિત્રને બગાડવાનો પ્રયાસ કર્યો હતો, હવે કળિયુગમાં દરેક ઘરમાં મારી બહેન શૂર્પણખા જન્મ લઈ ચૂકી છે જે ફેશનબાજીમાં આસક્ત રહી ચરિત્રને નષ્ટ કરવા માટે તૈયાર થઈ ગઈ છે. મારા આધીન રહેલા કાલનેમિને ત્રેતાયુગમાં હનુમાને મારી દીધો હતો પણ કળિયુગમાં દરેક મનુષ્યના મગજમાં કાલનેમિ જન્મ લઈ ચૂક્યો છે અને તેને ઊંધો પાઠ ભણાવીને તેને કુમાર્ગ પર ચાલવા અને લડવા-ઝગડવાની પ્રેરણા આપી રહ્યો છે. જોઉં છું કોણ મારા અને મારા કુટુંબીઓનાં શસ્ત્રોથી બચી શકશે.

હા ! હા ! હા ! હું જીવતો થઈ ગયો. મારા વિજય પર મને ગર્વ છે. આ વિજયાદશમી હકીકતમાં મારા વિજયનો જ તહેવાર છે. એના પર મને ખૂબ ગર્વ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## યજ્ઞનો મર્મ

નારદજી બોલ્યા – "સૂતજી ! તમે જ્ઞાની છો. જો કોઈની કાયા સજાવવામાં આવે પરંતુ પ્રાણ કાઢી નાંખવામાં આવે તો એ રહેશે કે નષ્ટ થઈ જશે ?" સૂતજી બોલ્યા – "પ્રાણહીન શરીર તો નષ્ટ થશે જ."

નારદજીએ કહ્યું – "આ જ વાત દક્ષના યજ્ઞને લાગુ પડે છે. દક્ષ પોતાની કાર્યકુશળતા પર એટલો ગર્વ કરતા હતા કે યજ્ઞના પ્રાણ અને યજ્ઞીય ભાવ પ્રત્યે એમણે ધ્યાન જ આપ્યું નહીં. યજ્ઞને પરમાત્માનો 'સુહૃદ સર્વભૂતાનામ્' અર્થાત્ સંપૂર્ણ જડચેતન સૃષ્ટિનો મિત્ર-હિતેચ્છુ કહેવામાં આવ્યો છે. તેથી યજ્ઞ સર્વહિતભાવથી જ કરવામાં આવે છે."

હે ઋષિશ્રેષ્ઠ ! જ્યાં દ્વેષ અને વિરોધનો ભાવ હોય ત્યાં 'સર્વહિત' ભાવ તૂટી જાય છે. તેથી યજ્ઞ સત્કર્મનો પ્રારંભ કરતાં પહેલાં ઘોષણા થાય છે – "સર્વેષાં અવિરોધેન યજ્ઞ કર્મ સમારંભે" અર્થાત્ સૌની પ્રત્યે અવિરોધનો ભાવ રાખી યજ્ઞકર્મ શરૂ કરવામાં આવે છે.

દક્ષના યજ્ઞનું સંપૂર્ણ વર્ણન સમજ્યા બાદ દેવર્ષિ બોલ્યા – "હે ઋષિશ્રેષ્ઠ ! યજ્ઞીય ઉપચાર યજ્ઞીય ભાવના અને યજ્ઞીય ચેતનાના વિકાસ અને સદુપયોગ માટે કરવામાં આવે છે. યજ્ઞીય ભાવ ન હોવાથી ફક્ત ઉપચાર ક્યારેય યજ્ઞ થઈ શકતો નથી. આ મર્મ જે સમજે છે તે જ યજ્ઞરૂપ પ્રભુનો લાભ લઈ શકે છે.

## સોયની શોધ ક્યાં ?

વૃદ્ધ સ્ત્રી ઘરમાં અંધારામાં સોયથી કામ કરી રહી હતી. અચાનક સોય પડી ગઈ. વૃદ્ધ સ્ત્રી તેને શોધવા લાગી. એક જાણકારે કહ્યું – "માજી ! સોય અંધારામાં કેવી રીતે મળશે ? અજવાળામાં શોધશો તો મળી જશે. વૃદ્ધા ત્યાંથી ઊઠીને બહાર મ્યુનિસિપાલિટીના દીવાના અજવાળામાં શોધવા લાગી. એક બે સદ્ભાવી વટેમાર્ગુ મદદ કરવા લાગ્યા. ઘણા પ્રયત્નો કર્યા છતાં સોય ન મળી તો એક સમજદારે કહ્યું – "માજી ! જરા ઠીક રીતે કહો કે તમે ક્યાં બેઠાં હતાં. સોય કઈ તરફ ઉછળી હતી ?"

વૃદ્ધ સ્ત્રી એમને ઘરની અંદર લઈ જઈને બતાવવા લાગી. એમણે પૂછ્યું – "સોય પડી અહીં અને શોધો છો ત્યાં. આ તો કેવી વાત ?" ત્યારે એણે અજવાળામાં શોધવાની વાત કહી સંભળાવી. લોકો હસ્યા અને કહ્યું – " વસ્તુ જ્યાં પડી છે ત્યાં પ્રકાશ જોઈએ."

અનાસ્થા અંદર ઘર કરીને બેઠી છે, તેને હટાવવા માટે સારા વિચારોનો પ્રકાશ અંદર જ પહોંચાડવો કે પેદા કરવો પડશે. બાહ્ય ઉપચારો સફળ થશે નહિ. એ અધ્યાત્મવિજ્ઞાનથી જ સફળ થશે. અનાસ્થાનો નાશ કરવા માટે પણ આ જ રીતે વિચારપૂર્વક યોગ્ય મર્મ પર પ્રહાર કરવાની વ્યવસ્થા કરવી પડશે.

## 'ના' તો કહો

એક હતો રાક્ષસ. એણે એક માણસને પકડ્યો પણ ખાધો નહીં. ધમકાવીને કહ્યું – "મારી મરજી મુજબનાં કામો સતત કરતો રહે. ઢીલાશ કરી તો ખાઈ જઈશ." માણસથી થઈ શકે એટલું કામ કર્યું. જ્યારે થાકીને લોથપોથ થઈ ગયો અને વિનંતી કરવા આવ્યો ત્યારે એણે વિચાર્યું કે થોડું થોડું મરવા કરતાં એક દિવસ પૂરી રીતે મરવું સારું. એણે રાક્ષસને કહી દીધું – "જે મરજી હોય તે કરો પણ હું આ રીતે કામ કરતો નહિ રહું." રાક્ષસે વિચાર્યું – "માણસ કામનો છે. થોડું થોડું કામ ઘણા દિવસો સુધી કરતો રહે તો શું ખોટું છે ? એક દિવસ ખાઈ જવાથી તો એ લાભ બંધ થઈ જશે જે એની પાસેથી મળતો રહે છે."

રાક્ષસે સમજૂતી કરી લીધી અને એને ખાધો નહીં, થોડું થોડું કામ કરતા રહેવાની વાત માની લીધી.

કથાસાર એ છે – "આપણામાં 'ના' કહેવાની પણ હિંમત હોવી જોઈએ. અસત્યનું સમર્થન નહીં કરું અને એમાં સાથ નહીં આપું." જેનામાં આટલું પણ સાહસ ન હોય તો એને સાચા અર્થમાં મનુષ્ય કહી શકાય નહીં.

● ● ●



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગૌ સંવર્ધન

# ગૌ આધારિત અર્થવ્યવસ્થા

ભારતની પરંપરાગત કૃષિવ્યવસ્થા ટકાઉ હતી, આ દેશની સંસ્કૃતિને અનુરૂપ હતી, ગાય અને બળદ પર કેન્દ્રિત હતી. આપણા ઋષિઓએ ગોવધનો નિષેધ મૂળભૂત રીતે ગ્રામીણ ઊર્જાના સ્રોત બળદની વૃદ્ધિ માટે કર્યો હતો કેમ કે તેની ઊર્જાથી જ કૃષિવિસ્તાર શક્ય હતો. ટકાઉ અર્થવ્યવસ્થા રહેવાથી દરેક ગામનાં તળાવો અને કૂવાઓ આખા વર્ષ દરમિયાન મનુષ્યો અને પશુઓને પૂરતું પીવાનું પાણી ઉપલબ્ધ કરાવતાં હતાં. છાણમાંથી જે ઉત્તમ પ્રકારનું ખાતર બનતું હતું તેનો ખેતરોમાં ઉપયોગ થતો હતો તથા ખેતરોની ઊપજશક્તિ સ્થિર રહેતી હતી. ગાયનું દૂધ વેચાણ માટે નહિ પણ કુટુંબની જરૂરિયાત માટે જ હતું જેના ફળસ્વરૂપે મહિલાઓ અને બાળકોની સ્વસ્થ રહેવાની ગેરંટી રહેતી હતી. ગાયનાં ઘી, દહીં, દૂધ, ગૌમૂત્ર અને છાણના રસમાંથી બનેલ પંચગવ્યથી તથા ગોમૂત્ર અને છાણથી મનુષ્યના દરેક રોગનો ઉપચાર શક્ય હતો. મહિલાઓ અને બાળકો ગૌસેવા કરતાં હતાં. પુરુષો કૃષિકાર્યની સાથેસાથે તેમને ચરાવવા લઈ જવામાં તથા તેમના વેપારમાં પોતાનો સમય ખર્ચ કરતા હતા, જેથી ગૌવંશનો પ્રસાર થાય. મહાભારતના પ્રણેતા વાસુદેવ શ્રીકૃષ્ણે ગોપગોપીઓ સાથે વ્યર્થ બાળપણ વીતાવ્યું નહોતું. ભારતને મહાભારત બનાવવા ગોવંશ પ્રસારની તેમની ચોક્કસ યોજના હતી. ગાયો ચરાવવા માટે ગામડાઓમાં ગોચર રહેતાં હતાં અને સ્થાનિક જમીનમાંથી જ ખેડૂત મજૂરો માટે પાણી, બાળવાનાં લાકડાં, ઈંધન અને પશુઓ માટેનો ચારો મફત મેળવતા હતા. પરિવારોમાં પાળેલી ગાયો જ્યારે દૂધ આપવાનું બંધ કરી દેતી હતી ત્યારે તેમને ગૌશાળામાં દાનમાં આપી દેવામાં આવતી. ગૌશાળા અને ગોચર ક્રમશઃ ગ્રામોદ્યોગ અને કૃષિનાં કેન્દ્રબિંદુ હતાં.

દૂધ વેચાણનો ધંધો વધવાથી ભેંસ પાલનને પ્રોત્સાહન મળ્યું છે, જેને બાંધીને જ ખવડાવવામાં આવે છે. બળદના સ્થાને ટ્રેક્ટર આવી ગયાં. આ રીતે પાછલાં પચાસ વર્ષોમાં ગોવંશની અપાર ક્ષતિ થઈ છે. ગૌસેવા, ગૌશાળા અને ગોચરોનો નાશ થઈ ગયો છે. તેના પરિણામે ભારતની ટકાઉ કૃષિવ્યવસ્થા અને ખેતીવાડી આજે ભયમાં પડી ગઈ છે. તેના સ્થાને રાસાયણિક ખાતર, કીટનાશક દવાઓ, ડિઝલ આધારિત ખેતી આવી ગઈ. જેનાં દુષ્પરિણામો રાષ્ટ્રને જળ, વાયુ અને ખાદ્યપદાર્થોનું પ્રદૂષણ, લાખો હેક્ટર જમીનનું બેકાર અને પડતર જમીનમાં ફેરવાઈ જવું તથા પેટ્રોલિયમ આધારિત ઊર્જા માટે આયાત અને તે માટે વિદેશી દેવાનો ચક્રવ્યૂહ વગેરે કેટલાંય રૂપોમાં ભોગવવાં પડી રહ્યાં છે. ડિઝલથી ચાલતાં ટ્રેક્ટરો દેશમાં તેની ક્ષમતાના પચ્ચીસ ટકાથી વધુ ચાલવામાં સક્ષમ નથી. ટ્રેક્ટરો તેની સંપૂર્ણ ક્ષમતા સાથે ચાલે એટલું ડિઝલ દેશમાં ઉપલબ્ધ જ નથી. વિદેશી દેવા પર ચાલતા ભારતને અબજો રૂપિયા વ્યાજના પહેલેથી જ ચૂકવવા પડે છે. અમેરિકાની એક ધમકીથી પેટ્રોલિયમ પદાર્થોના ભાવો વધી શકે છે. આટલું ધન ગરીબ ભારત ક્યાંથી લાવશે અર્થાત્ બળદની ઉપેક્ષા કેવળ ખેડૂતને જ મોંઘી પડી રહી છે એવું નથી પણ દેશની આઝાદી પણ ભયમાં છે.

આજે સ્થૂળ પર્યાવરણ અને સૂક્ષ્મ માનવ સંવેદના બન્નેના સંરક્ષણ અને વિકાસ માટે ગોપાલ વૃત્તિ જરૂરી બની ગઈ છે. આપણે ગોપાલના ગૂઢ મહત્ત્વને ભૂલી ગયા તથા પહેલાં દૂધનો ધંધો અને પછી માંસનો વેપાર કરીને સમૃદ્ધ બનવાના ક્રૂર પ્રયાસો કરવા લાગ્યા. આ ક્રમમાં આપણે પશુધન પ્રત્યે તો ક્રૂર બની જ ગયા પણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાથે પર્યાવરણ અને માનવીય સંવેદનાઓ કચડી નાખવામાં પણ સંકોચ રહ્યો નથી. ધનના લોભમાં ગોરસ વેચવામાં આવે છે તો ક્રૂરતા વિકસે છે. પહેલાં વાછરડાં અને બાળકોનો હક છીનવી લેવામાં આવે છે. તે પછી વધુ દૂધ નિચોવવા માટે દૂધ ખેંચતાં મશીનોથી માંડી ઑક્સીટોક્સિન હોરમોન્સનાં ઇન્જેક્શનો આપવા જેવી અમાનવીય ક્રિયાઓ કરવામાં આવે છે. દૂધ ઓછું મળે તો માંસથી ધન વસૂલ કરવાની સીમા સુધી પહોંચી જાય છે. આજે સર્વત્ર એ જ થઈ રહ્યું છે. એ માટે ૩૬૦૦ થી વધુ કતલખાનાઓ ચાલી રહ્યાં છે. જ્યાંસુધી ગાય દૂધ આપવા યોગ્ય અને બળદ કામ કરવાયોગ્ય રહે છે ત્યાંસુધી તેમને પાળવામાં આવે છે નહિ તો કતલખાનામાં મોકલી દેવામાં આવે છે. જો ગૌસેવા અને ગોપાલવૃત્તિ આવે તો ગોવંશનો વિકાસ થશે, ગોવંશ વિકસશે તો બળદની ઊર્જા પ્રાપ્ત થશે, છાણ અને ગોમૂત્રથી ગામડાની જમીન ઉપજાઉ બનશે, સૌને ગાયનું દૂધ પ્રાપ્ત થશે, ગૌશાળા કેન્દ્રિત ગ્રામોદ્યોગ સૌને રોજગાર આપશે અને ગોચર કેન્દ્રિત કૃષિવ્યવસ્થા સૌને પેટ ભરીને પૌષ્ટિક ભોજન આપશે. ભારતીય કૃષિને મજબૂત આધાર પ્રદાન કરવા, બગડતા જતા પર્યાવરણને સંતુલિત કરવા તથા માનવી સંવેદનાઓને જાગૃત કરવાનું કાર્ય ફક્ત ગૌસેવા આધારિત જીવનપદ્ધતિ, ગૌશાળા આધારિત ગ્રામોદ્યોગ અને ગોચર આધારિત અર્થવ્યવસ્થા જ કરી શકશે. એ માટે જનતા દ્વારા સંચાલિત એવી ગૌશાળાઓ દેશવ્યાપી જનઆંદોલનના રૂપમાં સ્થાપવાની જરૂર છે જ્યાં દૂધ આપવાનું બંધ કરી દીધા બાદ દૂધ ન આપતી ગાયો અને કામ ન કરી શકતા બળદોની સારસંભાળ, છાણ અને ગોમૂત્ર તથા મૃત્યુ બાદ અહિંસક ચર્મ આધારિત વિભિન્ન પ્રકારના ગ્રામોદ્યોગ / કુટિર ઉદ્યોગો સ્થાપિત કરી શકાય તથા તે ગામડાની વિભિન્ન ગતિવિધિઓનું કેન્દ્ર પણ બની શકે.

ગાયના આર્થિક મહત્ત્વ પર વિચાર કરવામાં આવે તો જાણવા મળશે કે આપણી સમગ્ર કૃષિનો આધાર ગોવંશ જ છે. સડક પર ચાલતા પરિવહનનો એક મોટો ભાગ આજે પણ બળદગાડા પર આધારિત છે. ગામડાનું મોટાભાગનું ઈંધન તથા શહેરી ઈંધનનો લગભગ દસ ટકા હિસ્સો છાણનો હોય છે. ગાયના દૂધમાં બધાં પોષક તત્ત્વો આવેલાં છે. પછાત વર્ગના લોકો અને વનવાસીઓની આવકનું સાધન પણ ગોવંશ છે. ગાયથી પ્રાપ્ત થયેલ ઊર્જા પર્યાવરણના પ્રદૂષણને ફેલાવતું રોકે છે તથા દૂધ પાવડર અને રાસાયણિક ખાતરના રૂપમાં દેશમાંથી બહાર જતા વિદેશી હૂંડિયામણની બચત કરે છે. ખેતીનાં કામોમાં જો આપણે બળદની જગ્યાએ ટ્રેકટરોનો ઉપયોગ કરીએ તો એક કરોડ ત્રીસ લાખ ટ્રેકટરોની આપણને જરૂર પડશે જેની કિંમત કેટલાય અબજો રૂપિયા થશે. એમાંથી ઘણો મોટો ભાગ વિદેશી મુદ્રાના રૂપમાં આપણે વિદેશ મોકલવો પડશે. એ પછી તેમને ચલાવવા માટે આપણે દર વર્ષે અબજો રૂપિયાનું ડિઝલ વિદેશોથી મંગાવવું પડશે તે વધારામાં. બળદ ઘાસ ખાઈને છાણ આપે છે જેથી ઈંધન અને ખાતર પ્રાપ્ત થાય છે જ્યારે ટ્રેકટરોથી નીકળતો કાર્બન ડાયોકસાઈડ પ્રદૂષણના સંકટમાં વધારો કરે છે.

જ્યાં ટ્રક કે રેલવેની વ્યવસ્થા અશક્ય છે અથવા આર્થિક દષ્ટિએ મોંઘી છે ત્યાં માર્ગ પરિવહનનો ૮૦ થી ૯૦ ટકા ભાગ બળદથી ચલાવવામાં આવે છે. જે ઘરડી ગાયો અને બળદોને આપણે બિનઉપયોગી માનીએ છીએ એમના છાણથી જ આપણને પૂરો લાભ મળી જાય છે. ભોજન બનાવવા માટે કેરોસીન વાપરવામાં આવે તથા ફક્ત બે વ્યક્તિઓના કુટુંબમાં જ અડધો લિટર દરરોજ ખર્ચાય તો લગભગ ૪૦૦ રૂપિયા વિદેશી મુદ્રામાં જશે જ્યારે ફક્ત એક ઘરડી ગાય કે બળદના છાણથી પાંચ વ્યક્તિઓના કુટુંબનું ભોજન બનાવવાની ઊર્જા પ્રાપ્ત કરી શકાય છે. એમના નિભાવના ખર્ચ માટે ઘાસચારો કે સૂકાં-લીલાં પાંદડાં જ પર્યાપ્ત છે.

આજે પાશ્ચાત્ય દેશોમાં વ્યક્તિદીઠ એકથી બે કિલો સુધી દૂધનો વપરાશ છે જ્યારે ભારતમાં ફક્ત વ્યક્તિદીઠ ૧૦૦ ગ્રામ દૂધ પણ ભાગમાં આવતું નથી, જ્યારે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્વસ્થ શરીર માટે દરરોજ લગભગ ત્રણસો ગ્રામ દૂધની જરૂર છે. આ ઊણપ આપણે વિદેશોમાંથી દૂધનો પાવડર મંગાવીને કે કૃત્રિમ ખાદ્યપદાર્થો બનાવીને પૂરી કરીએ છીએ. રોજેરોજ વધતી જતી દૂધની માગ ગૌરક્ષણ દ્વારા જ શક્ય છે. આપણા દેશમાં દૂધ આપતાં પશુઓ પ્રત્યેક દરવર્ષે સરેરાશ ૭૫૦ કિલો જેટલું દૂધ આપે છે, જ્યારે સંપૂર્ણ વિશ્વનું દૂધ ઉત્પાદન પ્રતિવર્ષ પશુદીઠ ૨૦૦૦ કિલો છે. વિકસિત દેશોમાં આ પ્રમાણ પશુદીઠ ૫૦૦૦ કિલો પડે છે. દૂધનું ઉત્પાદન વધારવા માટે વિદેશોથી આયાત કરેલા સાંઢો દ્વારા સંકરિત વાછરડાથી વધુ દૂધ પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ એમાં સૌથી મોટી મુશ્કેલી એ છે કે આ જાતના બળદો ભારતીય કૃષિ માટે પૂર્ણપણે અયોગ્ય સિદ્ધ થયા છે. તેથી દૂધનું વ્યાપારિક ઉત્પાદન કરતા ધનાઢ્યો અથવા ડેરીઓ એમનો ઉપયોગ કરી શકે છે. ભારતીય ખેડૂત આ વર્ણસંકર પ્રજનનથી તેની ખેતી માટે બળદો પ્રાપ્ત નહિ કરી શકે. તેથી આપણા દેશમાં જ સાહી બાલ, સિંધી અને હરિયાણા જાતિના સાંઢોને તૈયાર કરી એમનાથી જ ગાયોનું ગર્ભાધાન કરાવવામાં આવે, જેથી દૂધ અને ખેતી બન્નેની જરૂરિયાતો પૂરી થઈ શકે.

એક રાષ્ટ્રીય સર્વેક્ષણથી જાણવા મળ્યું છે કે એક ઘરડી ગાય માટેના ઘાસચારાનો વાર્ષિક ખર્ચ ફક્ત દોઢસોથી બસો રૂપિયા આવે છે, જ્યારે એનાથી આપણને ત્રણસોથી પાંચસો રૂપિયાની પ્રાપ્તિ થાય છે. તેથી ઘરડાં પશુઓ કોઈપણ દૃષ્ટિએ નિરર્થક હોતાં નથી.

એક રાષ્ટ્રીય સર્વેક્ષણમાં જોવા મળ્યું છે કે એક ગાયના માંસથી ફક્ત એંસી વ્યક્તિ એક વાર ભોજન કરી શકે છે જ્યારે તેનું પાલન કરી તેનાથી પચીસ હજાર સાતસો ચાળીસ વ્યક્તિઓને એક વાર ભોજન આપી શકાય છે. વધતી જતી લોકસંખ્યાના સ્વાસ્થ્યના રક્ષણ માટે ગાયના દૂધનું ઉત્પાદન વધારવું અનિવાર્ય છે. ગાયોથી પ્રાપ્ત છાણનું ખાતર રાસાયણિક ખાતર કરતાં ખેતીને પાંચ ગણો વધારે લાભ પહોંચાડે છે અને એનાથી ભૂમિ પણ ખરાબ બનતી નથી. જ્યારે રાસાયણિક ખાતરોના સતત ઉપયોગથી જમીન ક્ષારયુક્ત બને છે અને તેની બિનઉપજાઉ બનવાની સંભાવના વધી જાય છે.

દરેક દૃષ્ટિએ જોઈએ તો આપણી પરિસ્થિતિઓ ગ્રામીણ અર્થશાસ્ત્રને બળ આપવા તરફ ઈશારો કરે છે. એક હદ સુધી ઔદ્યોગિકીકરણ થાય તો સારું જ છે અને અમુક હદ સુધી અનિવાર્ય પણ છે, પરંતુ પ્રગતિની દોટ એટલી આંધળી ન હોય કે અર્થનીતિના પ્રાણસમા આપણાં રાષ્ટ્રના ગોધનની ઉપેક્ષા કરી સુનિયોજિત ઢંગથી તેના વિનાશનો ક્રમ ચાલુ રાખવામાં આવે.

તેથી, આજે એ વાતની આવશ્યકતા છે કે ગોપાલનનું મહત્ત્વ લોકો ઊંડાણથી સમજે, ગોપાલનના વર્તમાન દૃષ્ટિકોણમાં પરિવર્તન આવે, દૂધ અને માંસ વેચીને ધન કમાવા કરતાં તેના વિના જ પશુધન-ગૌધનની ઉપયોગિતા છાણ અને ગોમૂત્રના આધારે સિદ્ધ થાય તથા ગૌરક્ષા અને ગૌસંવર્ધનનાં વ્યાવહારિક સૂત્રો તેના હાથમાં આવે.

*ગાયત્રીમંત્રમાં સદ્‌બુદ્ધિની ઉપાસના છે તેમછતાં તેનું અલંકારિક રૂપ બનાવવામાં આવ્યું છે. હંસવાહન, નીરક્ષીર વિવેક, અભક્ષ્ય કોઈપણ સ્થિતિમાં ગ્રહણ ન કરવું, મોતી ખાવાં, કીડા ન ખાવા. નવયુવતીમાં પણ માતૃભાવનાનું આરોપણ, હાથમાં કમંડળ અને પુસ્તક, સત્સંગની શીતળતા અને સ્વાધ્યાયજન્ય પ્રખરતા. પંચમુખી ગાયત્રીમાં શરીરગત પાંચ તત્ત્વો અને ચેતના ક્ષેત્રનાં પાંચ પ્રાણોનો સમાવેશ છે. કમલાસન – સુગંધ અને સૌંદર્યયુક્ત જીવનક્રમ અને ક્રિયાકલાપ. આ જ રીતે અન્ય દેવીદેવતાઓનાં નામ, રૂપ ભગવાનની અનેકાનેક વિશેષતાઓને ધ્યાનમાં રાખી ચિત્રિત કરવામાં આવ્યાં છે. એમને આદર્શોનાં પ્રતીક ચિત્રોના રૂપમાં આંકવાની કારીગરી કહી શકાય છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યજ્ઞનો સ્વાસ્થ્ય પર પ્રભાવ

અથર્વવેદમાં અનેક પ્રકારના રોગોત્પાદક કૃમિઓનું વર્ણન આવે છે. ત્યાં એમને રાક્ષસ, ક્રવ્યાત્, પિશાચ, રક્ષ વગેરે નામોથી યાદ કરવામાં આવ્યાં છે. તેઓ શ્વાસ, ભોજન, જળ વગેરે દ્વારા મનુષ્યના શરીરમાં પ્રવેશ કરીને અથવા મનુષ્યના શરીરમાં ડંખ દઈને તેમાં રોગ ઉત્પન્ન કરીને યાતના પહોંચાડે છે તેથી એ રાક્ષસ છે. શરીરના માંસને ખાઈ જતાં હોવાથી તે 'ક્રવ્યાત્' કે 'પિશાચ' કહેવાય છે. એમનાથી મનુષ્યે પોતાનું રક્ષણ કરવું જરૂરી હોય છે. તેથી તે 'રક્ષ' કે 'રાક્ષસ' છે. યજ્ઞ દ્વારા અગ્નિમાં કૃમિનાશક ઔષધિઓની આહુતિ આપીને આ રોગોત્પાદક કૃમિઓનો વિનાશ કરી રોગોથી બચી શકાય છે. અથર્વ ૧/૮ માં કહ્યું છે –

**ઈદં હવિર્યાતુધાનાન્ નદી કે નમિવાવહત્ ।**
**ય ઈદ સ્રો પુમાનકઃ ઈદ સ સ્તુવતાં જનઃ ॥૧॥**
**યત્રૈષાગ્ને જનિમાનિ વેત્થ ગુહા સતામત્રિણાં જાતવેદઃ ।**
**તાંસ્ત્વં બ્રાહ્મણ વાવધાનોં જહ્યેષાં શતતર્હમગ્ને ॥૪॥**

"અગ્નિમાં નાંખવામાં આવેલ આ હવિ જે રીતે નદી પાણીના ફીણને લઈ જાય છે તે જ રીતે રોગકૃમિઓને દૂર લઈ જાય છે. જે કોઈ સ્ત્રી કે પુરુષ આ યજ્ઞ કરે તેણે હવિ નાંખવાની સાથે મંત્રોચ્ચારણ દ્વારા અગ્નિનું સ્તવન પણ કરવું જોઈએ. હે પ્રકાશક અગ્નિ ! ગુપ્તમાં ગુપ્ત સ્થાનોમાં છુપાયેલાં ભક્ષક રોગકૃમિઓના જન્મોને તું જાણે છે. વેદમંત્રોની સાથે વધતો તું એ સેંકડો રોગકૃમિઓનો વધકર્તા બન."

આ વર્ણનથી સ્પષ્ટ થાય છે કે મકાનના અંધારા ખૂણાઓમાં, સંદૂક, પીપ, વગેરે સામાનની પાછળ, દીવાલની ફાટોમાં તથા ગુપ્તમાં ગુપ્ત સ્થાનોમાં જે રોગકૃમિ છુપાઈને બેઠાં હોય છે તે કૃમિહર ઔષધિઓના યજ્ઞીય ધુમાડાથી નષ્ટ થઈ જાય છે.

અથર્વ ૫/૨૬ થી આ વિષય પર વધુ સારો પ્રકાશ પડે છે –

**અક્ષ્યૌ નિવિધ્ય હૃદયં નિવિધ્ય,**
**જિહ્વાં નિતૃન્દ્ધિ પ્રદશાતો મૃણીંહિ ।**
**પિસાચો અસ્ય યતમો જઘાસ–**
**અગ્ને યવિષ્ટ પ્રતિ તં શૃણીહિ ॥૪॥**

"હે યજ્ઞાગ્ને ! જે માંસભક્ષક રોગકૃમિઓએ આ મનુષ્યને પોતાનો ગ્રાસ બનાવ્યો છે તેને તું નષ્ટ કરી દે, તેની આંખો ફોડી દે, હૃદય ચીરી દે, જીભ કાપી દે અને દાંત તોડી દે."

પાશ્ચાત્ય વૈજ્ઞાનિકોએ રોગનાં જંતુઓનો નાશ કરવા માટે બે પદાર્થો શોધી કાઢ્યા છે – (૧) એન્ટીસેપ્ટિક (વિષવિરોધી) અને (૨) ડિસઈન્ફેક્ટન્ટસ્ (ચેપનો પ્રભાવ રોકનારા) પ્રથમ શ્રેણીના પદાર્થો રોગનાં જંતુઓથી મનુષ્યનું રક્ષણ કરે છે પણ મારતા નથી. આ શ્રેણીમાં ફિનાઈલ, ક્રિજોએટ, હાઈડ્રોજન પેરાક્સાઈડ વગેરેની ગણના કરવામાં આવે છે. બીજી શ્રેણીના પદાર્થો રોગાણુઓને મારી નાંખે છે. કેટલાક પદાર્થોમાં તેમની ઘનતા અને વિરલતાની સ્થિતિ મુજબ બન્ને ગુણ જોવા મળે છે. પરંતુ આ તત્ત્વોનો સાચો પ્રયોગ એક કુશળ વૈજ્ઞાનિક જ કરી શકે છે. સામાન્ય લોકો તેની માત્રાનું સાચું માપ જાણી ન શકવાથી લાભની જગ્યાએ નુકસાન જ પામે છે અને આ નુકસાન તીવ્ર અને ઘાતક હોય છે.

હવનનો ધુમાડો આ દોષથી રહિત છે. કદાચ કોઈ વિષયુક્ત અંશ રહે તો પણ ઘીનો વાયુરૂપ પ્રભાવ તેને પણ નષ્ટ કરીને લાભકારી બનાવી દે છે. એનાથી બધા નિર્વિઘ્નપણે લાભ લઈ શકે છે. વાયુની શુદ્ધતા સિવાય હવનના ધુમાડાથી સ્થાન, જળ વગેરે અનેક તત્ત્વોની પણ શુદ્ધિ થઈ જાય છે, જેથી વરસાદ દ્વારા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અનાજ અને ઔષધિઓ પણ નિર્મળ અને પરિપુષ્ટ થઈ જાય છે. એનાથી માનવશરીર અને રોગાણુવિરોધી અને વિનાશક અણુઓથી ભરપૂર થઈ જાય છે. પછી તેના પર રોગોનું આક્રમણ થઈ જાય અને કદાચ સફળ પણ થઈ જાય તો તેના શરીરમાં રહેલા શક્તિશાળી રોગનાશક અણુ તેને વધુ સમય સુધી જીવિત રહેવા દેતા નથી અને તેનો શીઘ્ર વિનાશ કરી દે છે.

આજે સમગ્ર સંસારમાં અગ્નિહોત્ર કરવાની વિશેષ જરૂર છે. જુદા જુદા ઝેરી ગેસોને કારણે આકાશ, વાયુ, વાદળાં, વગેરે બધામાં એ વિષ ભરાઈ રહ્યું છે તેને લીધે જ સર્વત્ર ઝેરી, રાજસી અને તામસી ભાવનાઓએ અન્ન, વનસ્પતિ, બધાં પ્રાણીઓ અને મનુષ્યોમાં તેનો પ્રભાવ જમાવી રાખ્યો છે. પરિણામે સર્વત્ર રોગ, પીડા, અશાંતિ અને સંઘર્ષ ફેલાયેલાં છે. એના નિવારણનો એક જ ઉપાય છે. તે છે બધા દેશોમાં અને સ્થાનોમાં શાસ્ત્રીય વિધિથી કરવામાં આવેલા વિભિન્ન અગ્નિહોત્ર.

અગ્નિહોત્રથી વાયુમંડળમાં જે ઘી અને હવન સામગ્રીઓના ધુમાડાના અણુઓ ફેલાય છે તેમાં નેગેટિવ ચાર્જના વિદ્યુત અણુ પ્રવેશ કરે છે. આજના ભૌતિક વિજ્ઞાન દ્વારા એ પ્રયોગ સિદ્ધ થઈ ચૂક્યો છે કે આ નેગેટિવ ચાર્જ ધરાવતા વિદ્યુત અણુઓ વાયુમંડળમાંથી ભેજ શોષી લે છે અને એની આસપાસ ધીરે ધીરે વાદળના ખંડ બની જાય છે. આ વાદળાં યજ્ઞીય ધુમાડાના અણુઓથી ઓતપ્રોત રહે છે. એમનો ઝેરી અંશ નાશ થઈ જાય છે. એની વૃષ્ટિથી ફક્ત મનુષ્યમાં જ નહિ પણ સંપૂર્ણ પ્રાણીમાત્ર, વનસ્પતિ અને માટીમાં પણ સાત્ત્વિક ભાવોનો સંચાર થઈ જાય છે.

યજ્ઞના ધુમાડા દ્વારા રોગચિકિત્સાના વિષયમાં આયુર્વેદનો મત છે —

**પ્રયુક્તયા યથા ચેષ્ટયા રાજ્યક્ષ્મા પુરાજિતા ।**
**તાં વેદ વિહિતા મિષ્ટમારોન્વાર્થી પ્રયોજયેત ॥**

**— ચરક ચિ. સ્થાન અ. ૮ શ્લોક ૧૨**

પ્રાચીનકાળમાં જે યજ્ઞથી રાજયક્ષ્મા (ક્ષય)નો નાશ કરવામાં આવતો હતો, તે જ વેદમાં વર્ણવેલ યજ્ઞનું, આરોગ્ય ઈચ્છતા મનુષ્યોએ અનુષ્ઠાન કરવું જોઈએ.

પ્રાકૃતિક નિયમો સાથે નિત્ય નિયમપૂર્વક હવન કરનાર કદાપિ રોગી થઈ શકતો નથી. એ અમારો દૃઢ મત છે અને ક્ષયરોગ તો એના ઘર પાસે આવતાં ગભરાશે કેમ કે શ્રુતિનો આદેશ છે —

**ન તં યક્ષ્મા અરુન્ધતે નૈન શપથ કો અશ્નુતે ।**
**યં ભેષજસ્યં ગુગ્ગુલોઃ સુરભિર્ગન્ધો અશ્નુતે ॥**
**વિષ્વંચસ્તસ્માદ્ યક્ષ્મા મૃગાદુશ્યા દ્રવેરેતે ॥**

**— (અથર્વ કા. ૧૯ સૂ. ૩૮ મં. ૧૨)**

**અર્થ** — જેના શરીરને રોગનાશક ગૂગળની ઉત્તમ ગંધ વ્યાપે છે તેને રાજયક્ષ્મા (ક્ષય)ની પીડા થતી નથી. બીજાનો શપથ પણ લાગતો નથી. એના બધા પ્રકારના ક્ષય રોગ શીઘ્રગામી હરણોની જેમ કાંપે છે અને ડરીને ભાગે છે.

યજ્ઞ દ્વારા કયા રોગમાં કઈ વિધિથી કયા મંત્રનો ઉપયોગ કરવો જોઈએ તેની રહસ્યમય વિદ્યા આજે સારી રીતે ઉપલબ્ધ નથી. જ્યારે એ વિદ્યાની જાણકારી ફરીથી પ્રાપ્ત કરી લેવામાં આવશે તો ચોકસપણે આ ચિકિત્સા પદ્ધતિ સંસારની સર્વશ્રેષ્ઠ પદ્ધતિ હશે. પરંતુ આજે તો અનેક પ્રાચીન મહાન વિદ્યાઓની જેમ યજ્ઞવિદ્યા પણ લુપ્ત બની ગઈ છે. યજ્ઞચિકિત્સાનું પૂર્ણ શાસ્ત્રોક્ત વિધાન અજ્ઞાત હોવા છતાં પણ એવા કેટલાક સાધારણ પ્રયોગ અનુભવમાં આવતા રહે છે, જેમના દ્વારા રોગનિવારણનું કાર્ય ઔષધિ લેવા કરતાં વધુ સરળતા અને સફળતાથી થઈ શકે છે.

● ● ●

***દેવતા નથી ભૂખ્યા, નથી તરસ્યા, એમને શણગાર કે ઉપહારની જરૂર નથી. શ્રેષ્ઠ સત્કર્મો જોઈને જ તેમને તૃપ્તિ મળી જાય છે.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગસાધના

દરેક યુગની પોતાની સમસ્યાઓ અને પરિસ્થિતિઓ હોય છે. તેમને અનુરૂપ સમાધાનના ભાવાત્મક અને ક્રિયાત્મક પક્ષને યુગસાધના કહેવામાં આવે છે. યુગસાધના એટલે યુગની જરૂરિયાતોનો બોધ અને તેમનો સમગ્ર રીતે નિર્વાહ. સામાન્ય સમયમાં આપણે સામાન્ય રીતે જીવીએ છીએ, પરંતુ અસામાન્ય સમયમાં જો માનવજીવનમાં વિકૃતિઓ, અનાસ્થાઓ અને દુષ્પ્રવૃત્તિઓનો ઘોર અંધકાર ફેલાઈ જાય તો એનો નાશ કરવા માટે અવતાર સ્તરની પ્રચંડ પુરુષાર્થ પ્રક્રિયાથી કામ લેવું પડે છે. લોકજીવનમાં એ આધ્યાત્મિક પ્રખર પ્રવાહ પેદા કરવો પડે છે. જે યુગની વિપત્તિઓને સમેટી લઈ નવયુગના સર્જન માટે આધારભૂમિ બનાવી શકે. **અવતાર પ્રક્રિયા એ બીજું કંઈ નહિ, યુગની ભીષણ અવ્યવસ્થાને શ્રેષ્ઠ સુવ્યવસ્થામાં ઢાળવાનો લોકજીવન દ્વારા અપનાવવામાં આવેલો પ્રખર પુરુષાર્થ છે.** આ પુરુષાર્થ પ્રક્રિયાનું નેતૃત્વ કરનારને અવતાર કે ભગવાન માનવામાં આવે છે, પરંતુ અવતારની સમગ્રતા એટલે સુધી સીમિત હોતી નથી. અવતારી પ્રક્રિયાના સમગ્ર અંગ-અવયવો મળીને જ અવતારના પૂર્ણ સ્વરૂપનું સર્જન કરી શકે છે.

સામાન્ય સમયમાં આપણે આપણી મરજીથી પૂજા, ઉપાસના અને ધર્મકાર્યો કરતા રહીએ છીએ. કોઈ યોગી બનવાના પ્રયાસમાં રહે છે, તો કોઈ તપસ્વી બને છે. કોઈને સ્વર્ગમુક્તિ સારી લાગે છે, તો કોઈ સમાધિની પરાકાષ્ઠા સુધી પહોંચવા માગે છે, તેને માટે જ પ્રયત્ન કરે છે; પરંતુ જ્યારે ધરતી પર અવતાર પ્રક્રિયા ઉપસ્થિત થાય છે તો એક જ તપ, એક જ યોગ અને એક જ સાધના કરવાની હોય છે જેને યુગસાધના કહેવામાં આવે છે. યુગસાધના જ યુગધર્મ છે. જો આપણા વર્તમાન ધર્મનું સ્વરૂપ યુગસાધનાને અનુરૂપ ન હોય તો તેનો સુધાર કરવાયોગ્ય છે. યુગધર્મ અપનાવવાયોગ્ય છે, કેમ કે યુગધર્મના મર્મને સમજીને ચાલવાથી જ ધર્મ પર ચાલવાનું અને અધર્મથી બચવાનું શક્ય બને છે.

**બુધ જુગધર્મ જાનિ મન માહીં ।**
**તજિ અધર્મ રતિ ધર્મ કરાહીં ॥**

**રા.ચ.મા. — ઉ.કા. ૧૦૩-૩**

અવતારપ્રક્રિયા અંતર્ગત ભગવાનનું અવતરણ યુગાંતર ચેતનાના રૂપમાં થાય છે. ભગવાનને સાથ આપવા માટે જે વિધાન — પ્રયાસ અપનાવવામાં આવે છે તે બધું યુગધર્મ છે, તેની સાધના જ યુગસાધના છે અર્થાત્ યુગધર્મ અને યુગસાધના એક જ વસ્તુનાં બે નામ છે. આ આપત્તિકાળ છે, વિશેષ સમય છે. આ સમય જ્યાં વિનાશની શક્તિઓ તેની સંપૂર્ણ કરામત બતાવવા માટે, સંસ્કૃતિ, સભ્યતા અને જીવનને પૂર્ણરૂપથી નષ્ટ કરી દેવા માટે તત્પર થઈ ગઈ છે ત્યારે સર્જનના પક્ષધર ચૂપ બેસી શકતા નથી. એમણે પણ સક્રિયતા અપનાવી લીધી છે. પરિસ્થિતિઓ અનિયંત્રિત થાય તે પહેલાં જ તેમના પર કાબૂ મેળવી લેવાનું સર્જનશિલ્પીઓનું લક્ષ્ય બની ગયું છે. આવા સમયે દિવ્ય શક્તિઓની સહાયતા માટે આપણે બધા યુગની જરૂરિયાતોના નિર્વાહની સાધના શરૂ કરી દઈએ, અત્યારથી જ યુગસાધનામાં પૂરી સક્ષમતા અને સક્રિયતા લગાડી દઈએ.

આ સમય કથા પ્રવચનો સાંભળવાનો, કીર્તન-ભજનમાં મન લગાડવાનો કે કુંડલિની, સિદ્ધિઓ જગાડવાનો નથી. **સમયની માગ એક જ છે — યુગની વિકૃતિઓ સામે લડીએ, અનાસ્થા સંકટથી ઉત્પન્ન થયેલા સમસ્ત વિકારોનો નાશ કરીએ.** દિવ્યત્વથી પૂર્ણ લોકજીવનના નવસર્જનની વ્યવસ્થામાં લાગી જઈએ. આપણાં કર્તવ્યો અને આદર્શો યોગી, તપસ્વી કે સિદ્ધ વગેરે બનવાનાં નહિ પણ હનુમાન, સુગ્રીવ, અંગદ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને જાંબુવંત બનવાનાં હોવાં જોઈએ. હનુમાન જ્યારે સૌપ્રથમ ભગવાન શ્રીરામને મળે છે ત્યારે તેઓ ભગવાનને પૂછે છે કે ભગવાન ! હું તમારો સાચો ભક્ત બનવા માગું છું. સાચો ધાર્મિક અને આધ્યાત્મિક બનવા માગું છું, તમે માર્ગદર્શન કરો. હનુમાનજીને આશા હતી કે ભગવાન કોઈ જપ, તપ, અનુષ્ઠાન વગેરે કરવા માટે કહેશે. હું તે કરીને સિદ્ધ બની જઈશ, પરંતુ ભગવાન પહેલી વાતમાં જ એમને યુગસાધનાની જરૂરિયાત સમજાવીને તેને પૂર્ણ કરવા માટે પ્રેરણાપ્રદ સંકેત આપી દે છે –

**સો અનન્ય જાકેં અસિ મતિ ન ટરઈ હનુમન્ત ।**
**મૈં સેવક સચરાચર રૂપ સ્વામિ ભગવન્ત ॥**

હનુમાન ! તમે અનન્ય ભક્ત બનવા માગો છો, મહામાનવ બનવા ઇચ્છો છો, આધ્યાત્મિક ઉપલબ્ધિઓની પરાકાષ્ઠા મેળવવા માગો છો તો સમસ્ત ચરાચર (જડ અને ચેતન) જગતને ભગવાનનું સ્વરૂપ માની તેના સર્વોત્તમ વિકાસ અને કલ્યાણ માટે પોતાને સંપૂર્ણપણે સમર્પિત કરી દો. પૂજ્ય ગુરુદેવ સાથે પણ એક સાધક વારંવાર ઉચ્ચ સાધનાઓના સંબંધમાં ચર્ચા કરતા રહેતા. સાધનામાં એમણે થોડીઘણી પ્રગતિ પણ કરી હતી, પરંતુ પૂજ્ય ગુરુદેવ હંમેશાં ઉચ્ચ સાધનાઓની વિધિ બતાવવાનું ટાળતા રહેતા હતા. એક દિવસ એ સાધકે કહ્યું – ગુરુદેવ ! વધુ તો નહિ પણ આટલું બતાવી દો કે કુંડલિની જાગરણ, પંચકોશ પરિષ્કાર અને છ ચક્રોનું જાગરણ કઈ વિધિથી અતિશીઘ્ર કરી શકાય. પૂજ્ય ગુરુદેવે એમને ષટ્કર્મ કરવાની સલાહ આપી. આ વાત પર તેઓ હસી પડ્યા કે વર્ષોથી ષટ્કર્મો ચાલી રહ્યાં છે. એનાથી શું થવાનું છે ? પૂજ્ય ગુરુદેવે એમને બતાવ્યું કે જો અન્નકોશની સાધના કરવા ઇચ્છતા હો તો **પવિત્રીકરણ** સાચી રીતે કરો. પાણીનાં થોડાં ટીપાં શરીર પર નાંખી દેવાથી, દેહને જળસંપર્ક કરાવી લેવાથી પવિત્રીકરણ થઈ જતું નથી. જળની સાથે વાયુ, આકાશ, અગ્નિ, પૃથ્વી વગેરે જે પંચતત્ત્વોથી અન્નકોશ બનેલો છે એમનો સંપર્ક પણ મેળવવો પડશે અર્થાત્ પ્રાકૃતિક અને સહજ જીવન જીવવું પડશે. પ્રકૃતિનો વિલોમ વિકૃતિ છે. આપણી બધી અપવિત્રતા અને કલુષિતતા 'વિકૃતિ'નું કારણ છે. જો વિકૃતિને હટાવવી હોય, અપવિત્રતાને દૂર કરવી હોય તો પ્રકૃતિને લાવવી પડશે. પ્રકૃતિના વિધાનમાં જીવવું પડશે. તેનાં અનુષ્ઠાનોનું શ્રેષ્ઠ સુનિયોજન કરવું પડશે. કૃત્રિમ જીવન પદ્ધતિ છોડવી પડશે. અપ્રાકૃતિક રહેણીકરણી, સભ્યતા અને સંસ્કૃતિને તિલાંજલિ આપવી પડશે. **આચમન** અને **શિખાવંદન**થી મનોમય કોશના પરિષ્કારનું રહસ્ય સમજાવતાં પૂજ્ય ગુરુદેવે કહ્યું – આચમનમાં ગ્રહણ કરવાની અને શિખાવંદનમાં ધારણ કરવાની ક્રિયા થાય છે. આપણે જે કંઈ ગ્રહણ કરીએ, જળ, અન્ન વગેરે જ નહીં પણ ભાવ અને વિચાર બધાં શુદ્ધ અને પવિત્ર હોવાં જોઈએ કેમ કે જે આપણી અંદર હશે તે જ બહાર પણ ફેલાશે. મનનો સંબંધ ભોજન સાથે વધુ છે – "જેવું ખાય અન્ન તેવું બને મન"ની કહેવત એકદમ સત્ય છે. મનનો સંબંધ ભોજન સાથે જ નહીં વિચારો સાથે પણ છે. જો આપણે ઈર્ષા, દ્વેષ, કટુતા, દીનતા, હીનતા, ચિંતા વગેરેના વિચારો ગ્રહણ કરતા રહીશું તો આપણો મનોમય કોશ વિકૃત થઈ જશે. જો એમની શુદ્ધિ કરવી હોય તો એ જ ગ્રહણ કરવું જોઈએ જે વિધેયાત્મક હોય અને ઉત્કૃષ્ટ ચિંતનની કસોટી પર સાચું સિદ્ધ થાય. જે ક્ષેત્ર પર આપણો અધિકાર હોય છે ત્યાં આપણે ધ્વજ લગાડી દઈએ છીએ. આપણે મગજ પર શિખાના રૂપમાં ધ્વજ લગાડી રાખ્યો છે તો શું મગજની શક્તિઓ પર આપણો અધિકાર છે ? જો નથી, તો અધિકાર મેળવી મનોમય કોશ જાગૃત કરવો જોઈએ. અહીં અધિકારનો અર્થ એટલો જ છે કે આપણું મન મગજની શક્તિઓને શ્રેષ્ઠ દિશામાં નિયોજિત કરવામાં સક્ષમ અને સમર્થ રહે. આપણે મનને દિવ્યત્વને જ ધારણ કરાવવામાં સફળ થતા રહીએ. જ્યાં **પ્રાણાયામ**ની વિભિન્ન ક્રિયા-પ્રક્રિયાઓ દ્વારા પ્રાણમય કોશનું પરિમાર્જન અને પરિષ્કાર શક્ય બને છે ત્યાં **ન્યાસ** અંતર્ગત દિવ્યત્વને આત્મસાત્ કરવાની અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ્ઞાનેન્દ્રિયો પર પૂર્ણ નિયંત્રણની પ્રક્રિયાથી વિજ્ઞાનમય કોશ વિકસિત થાય છે. મોઢું, નાસિકા, કાન, આંખ વગેરેનો સ્પર્શ ભૌતિક દૃષ્ટિએ કોઈ મહત્ત્વ ધરાવતો નથી. જ્ઞાનેન્દ્રિયો અને મહત્ત્વપૂર્ણ અંગો સહિત સમસ્ત શરીરને દિવ્યત્વ ધારણ કરવા માટે ફરજ પાડવી એ જ ન્યાસ દ્વારા વિજ્ઞાનમય કોશની સાધના છે. ષટ્કર્મની અંતિમ ક્રિયા **પૃથ્વીપૂજન** છે. પૃથ્વીપૂજનનો અર્થ છે વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાને યથાર્થ કરવી, પૃથ્વીની બધી વિભૂતિઓ અને ઉપાદાનોનું સુનિયોજન તથા સમસ્ત પુત્રો (પ્રાણીઓ)ના કલ્યાણની યોજનાઓ અમલમાં મૂકવી. વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનામાં જ આત્મવત્ સર્વભૂતેષુનો ભાવ પેદા થાય છે અને સધાય છે. જો દુનિયાના બધા લોકો પોતાના છે, દુનિયાનું બધું જ પોતાનું છે તો પારકાં માનવાનું, ઘૃણા અને દ્વેષ કરવાનું તથા કુટિલતા અપનાવવાનું દુર્ભાગ્યપૂર્ણ કાર્ય કેવી રીતે થાય ? વિશાળ હૃદયતામાં જ આનંદમય કોશની જાગૃતિ છે. બધું આપણું લાગે. આપણે સૌને ચાહીએ, બધાં આપણને ચાહે. બધું બધાને માટે હોય, બધા સૌને માટે જીવે એમાં જ માનવજીવનના આનંદની પરાકાષ્ઠા છે. આ સ્થિતિમાં જ આનંદમય કોશ શુદ્ધ થાય છે. ક્ષુદ્રતા, અહંતા, સંકીર્ણતા અને તુચ્છતા જીવનને સીમિત બનાવે છે, બંધનમાં નાખે છે તથા આનંદને દૂર કરે છે. પૂજ્ય ગુરુદેવની વાતો સાંભળીને સાધકની ઉચ્ચ સાધના કરવાની જિદ કોણ જાણે ક્યાં જતી રહી. એમણે પૂજ્ય ગુરુદેવ સમક્ષ પોતાની જિદ માટે ક્ષમા માગી યુગસાધકના રૂપમાં જીવનના વિકાસનો સંકલ્પ લીધો.

આપણા સૌને માટે યુગસાધક બનવું જ યોગ્ય છે. પૂજ્ય ગુરુદેવની પ્રેરણા સતત મળી રહી છે. યુગસાધના કરો, વ્યર્થ ઝંઝટમાં પડશો નહિ. આ સંધિવેળા છે. આવી સંધિવેળામાં ઈશ્વરના વિશેષ પ્રતિનિધિના રૂપમાં જાગૃત આત્માઓએ વિશિષ્ટ કર્તવ્યો પૂરાં કરવાં પડે છે. આપત્તિકાળમાં સામાન્ય નિયમો ચાલતા નથી. એ દિવસોમાં વિશેષ નિર્ણયો લેવાય છે અને વિશેષ ક્રિયાકલાપ ચાલે છે. ગામ આગમાં બળી રહ્યું હોય ત્યારે સામાન્ય દૈનિક કાર્યો કરવામાં આવતાં નથી. એ વખતે લાભ કે નુકસાનની પરવા કર્યા વિના વિશિષ્ટ પરિસ્થિતિઓનો સામનો કરવા માટે જાગૃતોએ જોડાઈ જવાનું હોય છે.

વ્રજના ગ્વાલ બાલ, કિષ્કિંધાના રીંછવાનરો, ઈન્દ્રપ્રસ્થના પાંડવો, બુદ્ધના પરિવ્રાજકો અને ગાંધીના સત્યાગ્રહીઓ યુગધર્મને સમજી શક્યા હતા. એમણે ઈશ્વરના આહ્‌વાનને સાંભળ્યું હતું. તેને અનુરૂપ પોતાના વિશેષ સ્તરને સમજી વિશેષ જવાબદારીનો અનુભવ કર્યો અને લોભ, મોહની કૃપણતા છોડીને મહામાનવોની પરંપરા અપનાવી યુગધર્મનું પાલન કરવામાં લાગી ગયા.

યુગસાધનામાં ભગવાનના **નામ**ને ઉપેક્ષિત કરવામાં આવતું નથી પણ ભગવાનના **કામ** માટે જ પોતાની ક્ષમતા અને પ્રતિભા સંપૂર્ણપણે લગાડી દેવામાં આવે છે. **નામ ખૂબ જ ગૌણ બની જાય છે. કામ જ મુખ્ય હોય છે.** કામ કરવા માટે જ અવતારી ચેતનાના અનુયાયીઓ પ્રાણપનથી જોડાઈ જાય છે. ભગવાનના કાર્ય માટે ઊંચામાં ઊંચી કુરબાની અને મોટામાં મોટું બલિદાન આપવા તૈયાર થઈ જાય છે. નિષાદ તેના કર્તવ્યપાલન માટે જ્યારે તત્પર થાય છે, ત્યારે બોલી ઊઠે છે –

**સમર મરન પુનિ સુરસરિ તીરા ।**
**રામ કાજુ ક્ષણ ભંગ શરીરા ॥**

**– રા. ચ. મા. – અયો. કા. ૧૮૯-૨**

**સ્વામિ કાજ કરિહઉં રન રારી ।**
**જસ ધવલિહઉં ભુવન દસ ચારી ॥**

**– રા. ચ. મા. – અયો. કા. ૧૮૯-૩**

માતા સુમિત્રા લક્ષ્મણને પ્રેરિત કરે છે કે તમારા માટે ભગવાન જ સર્વસ્વ છે. એમનું કાર્ય જ બધી રીતે કરવાયોગ્ય છે.

**અવધ તહાં જહં રામ નિવાસૂ ।**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તરહં દિવસ જહં ભાનુ પ્રકાસૂ ॥
ૈં પૈ સીય રામુ વન જાહીં ।
ગવધ તુમ્હાર કાજુ કછુ નાહીં ॥
રા. ચ. મા. – અયો. કા. ૭૩-૨

હનુમાનજીએ સંપૂર્ણ હૃદય અને મનથી ભગવાનના કાર્યો કર્યાં. પોતે જ નહીં, બીજાઓને પણ પ્રેરિત કર્યા. સુગ્રીવ જ્યારે પ્રભુકાર્યને ભૂલી જાય છે ત્યારે ભગવાનના કાર્યની યાદ અપાવે છે.

ઈહાં પવનસુત હૃદયં બિચારા ।
રામ કાજુ સુગ્રીવ વિસારા ॥
નિકટ જાઈ ચરનન્હિ સિરુ નાવા ।
ચરિહુ વિધિ તેહિ કહિ સમુઝાવા ॥
રા. ચ. મા. – કિષ્કિંધા. કા. ૧૮-૧

સુગ્રીવ રામકાર્ય માટે પ્રાણપ્રણથી તત્પર થઈ જાય છે અને પોતાની સંપૂર્ણ સેના પ્રભુકાર્ય માટે આપે છે. બધાને આદેશભરી સલાહ આપે છે –

મન, ક્રમ, વચન સો જતન વિચારેહુ ।
રામચન્દ્ર કર કાજ સંવારેહુ ॥
ભાનુપીઠિ સેઈઅ ઉર આગી ।
સ્વામિહિ સર્વ ભાવ છલ ત્યાગી ॥
રા. ચ. મા. – કિષ્કિંધા. કા. ૨૨-૨

યુગધર્મ નિભાવવા માટે આપણે આપણી સુખસગવડોને ભૂલી જવી જોઈએ. પરિસ્થિતિઓની અનુકૂળતાની પ્રતીક્ષા કર્યા વિના મનને મજબૂત બનાવીને કર્મપથ પર લાગી જવું જોઈએ. રામકાજ કરનારાઓની દૈહિક સુખની કામના સમાપ્ત થઈ જાય છે.

ચલે સકલ વન ખોજત, સરિતા સર ગિરિ ખોહ ।
રામકાજ લયલીન મન વિસરા તન કર છોહ ॥
રા. ચ. મા. – કિષ્કિંધા. કા. ૨૩

જટાયુ ભગવાનના કાર્ય માટે સંઘર્ષ કરે છે, પોતાની પાંખો કપાવીને ઘાયલ અને મૂર્છિત થઈ જાય છે. રાવણ સીતાને લઈને ચાલ્યો જાય છે. જટાયુ સફળતા કે નિષ્ફળતા પર ધ્યાન આપતો નથી. એ ભગવાનનું કામ કરવામાં જ પોતાનું ધ્યેય અને લક્ષ્ય સમજે છે. આ કારણથી જ તેને ભગવાનનો વિશેષ અનુગ્રહ પ્રાપ્ત થાય છે. જટાયુ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરતાં અંગદ કહે છે –

કહ અંગદ વિચાર મન માંહી ।
ધન્ય જટાયુ સમ કોઉ નાહીં ॥
રામકાજ કારન તનુ ત્યાગી ।
હરિપુર ગયઉ પરમ બડ ભાગી ॥
રા. ચ. મા. કિષ્કિંધા. કા. ૨૬-૪

મહાકાલની દિવ્ય પ્રેરણા આપણને પણ પ્રેરિત કરી રહી છે – 'રામ કાજ લગિ તવ અવતારા ।' પરંતુ આપણે રામકાજમાં, યુગસાધનામાં પૂરી તત્પરતા અને તન્મયતા દાખવી રહ્યાં નથી. એ સમય આવી ગયો છે કે આપણે કટિબદ્ધ થઈ પ્રભુકાર્ય કરવા માટે પ્રચંડ પુરુષાર્થ અપનાવીને હનુમાન જેવા ઉદ્‌ઘોષ કરી દઈએ –

રામ કાજ કીન્હે બિના મોહિ કહાં વિશ્રામ ।

જટાયુ જ નહીં તેનો ભાઈ સંપાતી પણ રામકાજ માટે વ્યાકુળ થઈ ઊઠે છે. એ સીતાનો પત્તો આપતાં કહે છે –

મૈં દેખઉં તુમ્હ નાહીં, ગીધહિં દૃષ્ટિ અપાર ।
બૂઢ ભયઉ ન ત કરતેહું કછુક સહાય તુમ્હાર ॥
રા. ચ. મા. કિષ્કિંધા. કા. ૨૮

સો યોજન સમુદ્ર લાંઘવાની વાત સાંભળીને સ્તબ્ધતા છવાઈ જાય છે તો સંપાતી સાહસ આપતાં બોલી ઊઠે છે –

મોહિ બિલોકિ ધરહું મન ધીરા ।
રામ કૃપા કસ ભયઉં સરીરા ॥
પાપિઉ જાકર નામ સુમિરહીં ।
અતિ અપાર ભવ સાગર તરહીં ॥
તાસુ દૂત તુમ તજિ કદરાઈ ।


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રામ હૃદય ધરિ કરહું ઉપાઈ ॥

રા. ચ. મા. કિષ્કિંધા. કા. ૨૮-૧, ૨

યુગસાધના કરવામાં કઠણ અવશ્ય લાગે છે પણ એ જ કરવાની છે. યુગસાધના કર્યા વિના યુગની વિપત્તિઓનો નાશ થવો શક્ય નથી. આ કઠણાઈઓ યુગસાધનામાં આવે છે. જો સાચો યુગસાધક યુગની જરૂરિયાતોને પૂરી કરવા માટે પ્રાણની પરવા કર્યા વગર જોડાઈ જાય તો એને બધાનો સતત સહયોગ અને અનુદાન મળવા લાગે છે. હનુમાનનું સાહસ અને ધ્યેયની પવિત્રતા જોઈ સુરસાએ તેમને આશીર્વાદ આપવા પડ્યા. આશીર્વાદ હંમેશાં રામકાજ માટે, યુગસાધનાને સફળ બનાવવા માટે જ હોય છે.

રામ કાજુ સબ કરિહહું, તુમ બલ બુદ્ધિ નિધાન ।

રા. ચ. મા. સુંદર કા. ૨

લંકિની પણ પ્રેરણા ભરે છે –

પ્રબિસિ નગર કીજૈ સબ કાજા ।<br>
હૃદય રાખિ કૌશલપુર રાજા ॥<br>
ગરલ સુધારિપુ કરહિં મિતાઈ ।<br>
ગોપદ સિંધુ અનલ સિતલાઈ ॥<br>
ગરુડ સુમેરુ રેનુ સમ તાહી ।<br>
રામ કૃપા કરી ચિતવા જાહી ॥

રા. ચ. મા. સુંદર કા. ૪-૧, ૨

અહીં એ પ્રત્યક્ષ કર્યું છે કે રામકાર્ય અર્થાત્ યુગસાધના કરનારાઓને જે કંઈ સિદ્ધિઓ અને સફળતાઓ મળવાની વાત લંકિનીએ હનુમાનને કહી છે તે સત્ય થઈ છે. લંકિનીએ કહ્યું કે રામકાજ કરનારને માટે વિષ પણ અમૃત બની જાય છે. વિષધારીઓ (વિષયુક્ત જીવ) અને સાપોની માતા સુરસા હનુમાન માટે અમૃત (આશીર્વાદ) આપનાર બની ગઈ. લંકિની પોતે શત્રુ હતી. લંકાના મુખ્ય દ્વારની મહારક્ષિકા હતી, તે હનુમાનને સાથ આપવા તૈયાર થઈ ગઈ. રિપુ (શત્રુ)ની કરણી મિતાઈ (મિત્રતા)ની થઈ ગઈ. સો યોજન લાંબો સમુદ્ર પાર કરવાનું ગોખુર (ચિહ્ન) પાર કરવા જેટલું ઓછું કષ્ટદાયક બની ગયું. પૂંછડીમાં લાગેલી આગથી આખી લંકા બળી ગઈ પણ હનુમાન માટે શીતળ જ રહી, એટલું જ નહિ કાર્ય પૂરા થવાના અસીમ સંતોષની તૃપ્તિ પણ આપી. સુમેરુ અથાત્ પવન રેણુ અર્થાત્ ધૂળ સમાન થઈ ગયો. હનુમાન પર્વત ઉખેડી લાવ્યા. સંજીવનીથી લક્ષ્મણની મૂર્છા દૂર થઈ.

તેથી એ નિર્વિવાદ સત્ય છે કે યુગસાધકોને મુશ્કેલીઓ તો ઘણી વેઠવી પડે છે. છતાં યુગની જરૂરિયાતોને પૂરી કરવાનો સંતોષ, અસીમ આત્મશાંતિ અને પરમ પ્રગતિ લઈ સામે આવે છે. ભૌતિક ઉપલબ્ધિઓ અને દૈવી વરદાનોથી તેનું જીવન ધન્ય બની જાય છે. બુદ્ધના પરિવ્રાજક, રામના રીંછવાનર, કૃષ્ણના ગોવાળિયા અને પાંડવ તથા ગાંધીના સત્યાગ્રહી બધાએ પોતપોતાના સમયની યુગસાધના પૂર્ણ કરી. કોઈને પણ કોઈ રીતે અસંતુષ્ટ થવું ન પડ્યું, ઊલટું, એમનું વ્યક્તિત્વ બધી ઉપલબ્ધિઓ અને બહુમુખી પ્રાપ્તિઓથી સમૃદ્ધ બની ગયું.

આદર્શોને પ્રેમ કરવો અને તેમને જીવનમાં ઉતારવા એ યુગસાધનાનો મુખ્ય આધાર છે. જો આપણે યુગસાધનામાં સફળ થવા માગતા હોઈએ તો ફક્ત આદર્શો માટે જીવવાનું, બધું આદર્શો માટે જ ખપાવી દેવાનું શીખવું પડશે. આદર્શોથી ક્યારેય વિચલિત ન થઈએ. સુષેણ વૈદ્ય જ્યારે ભગવાનને મદદ કરવા આવે છે ત્યારે કહે છે કે ભગવાન અમે શત્રુપક્ષના માણસો છીએ. તમે અમારી સહાયતા લઈને અધર્મ તો કરી રહ્યા નથી ને. તમે અમને અમારા આદર્શોથી ડગાવી તો નથી રહ્યા ? ભગવાન રામ તરત જ કહે છે –

જિસ ધર્મ હેતુ વન ગમન કિયા,<br>
પૂજ્ય પિતા કા મરણ હુઆ ।<br>
સીતા પ્યારી ભી હરી ગઈ,<br>
લક્ષ્મણ પર યહ આક્રમણ હુઆ ॥



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**સીતા હમેં મિલે ન મિલે,**
**લક્ષ્મણ કા પ્રાણ નિકલ જાયે ।**
**હમ સબ અસફલ હોકર લૌટેં,**
**લેકિન તવ ધર્મ ન જા પાયે ॥**

રામ કહે છે કે સુષેણ ! જો ન્યાય અને નીતિનો પક્ષ લેવામાં તમને અધર્મ લાગતો હોય તો તમે લક્ષ્મણનો ઉપચાર કર્યા વિના જતા રહો, અમે આદર્શથી વિપરીત કાર્ય નહીં કરીએ પછી ભલે અમારે પૂર્ણરૂપે અસફળ થઈ જવું પડે.

માતા પાર્વતી શિવને પ્રાપ્ત કરવા માટે અતિ કઠોર તપ કરે છે. શિવ પ્રસન્ન થાય છે અને એમને ઇચ્છિત વર આપવા માટે પહોંચી જાય છે. પાર્વતીનું તપ આદર્શોથી યુક્ત છે કે કોઈ વ્યક્તિવિશેષને અર્થાત્ કેવળ શંકરને પામવા માટે છે તેની શિવ પરીક્ષા લે છે. શિવ મગર બનીને એક બાળકને નદીમાં ખેંચી જાય છે. પાર્વતી આ જુએ છે ત્યારે બાળકને મગરથી છોડાવી લે છે પોતાની તપસ્યાનું સંપૂર્ણ ફળ બાળકને છોડાવવા માટે સમર્પિત કરી દે છે. લોકકલ્યાણ પ્રત્યેની તેમની આ આદર્શનિષ્ઠાથી જ તેમને હંમેશને માટે શિવનું દિવ્ય સાંનિધ્ય પ્રાપ્ત થાય છે. એમનો સંકલ્પ હતો –

**જન્મ કોટિ લગિ રગર હમારી ।**
**વરઉં શંભુ ન ત રહહું કુંઆરી ॥**
**રા. ચ. મા. બાલ. કા. ૮૦-૩**

ગમે તેટલો પુરુષાર્થ કેમ ન કરવો પડે પરંતુ કલ્યાણના સમૂહનું જ વરણ કરવાનું છે.

સંસારમાં આદર્શોનું પાલન કરવું એ જ સૌથી મહાન કર્તવ્ય છે. આદર્શને સમર્પિત વ્યક્તિ જ યુગસાધના કરી શકે છે. જડ ભરત પરમહંસની અવસ્થામાં હોવા છતાં બહેન ધીરજ પ્રત્યેની પોતાની જવાબદારી પૂરી કરી. જનક વિદેહ હોવા છતાં પ્રજાની સર્વાંગીણ પ્રગતિ અને કલ્યાણ માટે રાજ્ય કારભાર સંભાળ્યો.

ભગવાન રામનું જીવન વનવાસી થયા બાદ ભરતે રાજ્યની ઉત્તમ વ્યવસ્થા સંભાળી. એમણે પોતાની રીતે ભગવાનનું કાર્ય અર્થાત્ યુગસાધના કરી. રામ અને લક્ષ્મણ તો વનમાં રહીને તપસ્વી જીવન જીવે છે પરંતુ ભરત અતિવૈભવ અને વિલાસ વચ્ચે રહીને પણ નિર્લિપ્ત રહે છે –

**લખન રામ સિય કાનન બસહીં ।**
**ભરત ભવન બસિ તપ તન કસહીં ॥**

ભગવાન રામ બહારનું સંતુલન બનાવવામાં લાગ્યા છે તો ભરત અંદરનું સુનિયોજન કરવામાં તત્પર થઈ ગયા છે. બન્ને પોતપોતાના ઢંગથી યુગકાર્ય અને યુગધર્મ નિભાવી રહ્યા છે.

અવતારી ચેતનાને તેનું કાર્ય કરનારાઓ જ ગમે છે. એમને જ એ શ્રેય અપાવે છે અને સૌભાગ્યોથી ભરી દે છે. જેઓ યુગદાયિત્વોને પ્રેમ કરે છે, એમને પૂરાં કરે છે એમને જ ભગવાન અપનાવે છે, આગળ વધારે છે અને વિકાસ કરે છે. ભગવાનને પ્રેમ અર્થાત્ કર્તવ્યોને પૂર્ણ કરવાનું જ પ્રિય છે.

**રામહિં કેવલ પ્રેમ પિયારા ।**
**જાનિ લેહુ જો જાનનિહારા ॥**
**રા. ચ. મા. અયોધ્યા. કા. ૧૩૬-૧**

ભગવાનને પ્રેમ કરવાનું પ્રિય છે. પ્રેમ કરવો એટલે આપવું. એમનાં કાર્યોમાં પોતાના સમયને, પ્રતિભાને, ક્ષમતાને તેમજ જે કંઈ છે તે બધું જ લગાવી દેવું, ખર્ચી નાંખવું, સમર્પિત કરી દેવું. પૂજાપાઠ, જપતપ, નિયમસંયમ વગેરે બધું કરવાનો એક જ ઉદ્દેશ છે કે આપણને આદર્શો સાથે, ભગવાન સાથે તેમજ યુગ કર્તવ્યો સાથે અસીમ પ્રેમ થાય. એ માટે આપણે ઊંચામાં ઊંચું અને સારામાં સારું કરી શકવાની પાત્રતા મેળવીએ અને યુગસર્જનનું વધુમાં વધુ કાર્ય પૂરું કરીએ.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**ઉમા જોગ જપ દાન તપ, નાના મખ વ્રત નેમ ।**
**રામ કૃપા નહિં કરહિં તસિ, જસિ નિષ્કેવલ પ્રેમ ॥**

**રા. ચ. મા. લંકા. કા. ૧૧૭ ખ**

ભગવાનનો જેટલો વધુ અનુગ્રહ તેમના પ્રત્યેના પ્રેમ એટલે ત્યાગ, બલિદાન અને સમર્પણભર્યાં કાર્યો દ્વારા યુગની જવાબદારીઓ પૂરી કરવાથી મળે છે તેટલો અન્ય કોઈપણ સાધન કે સાધનાથી પ્રાપ્ત થઈ શકતો નથી. ભગવાન માટે જીવનાર, એમના અનુશાસનને માનનાર અને યુગસાધના કરનાર એમને પ્રિય નહીં, પ્રિયતર નહીં બલકે પ્રિયતમ છે.

**સોઈ સેવક પ્રિયતમ મમ સોઈ ।**
**મમ અનુશાસન માનહિં જોઈ ॥**

**રા. ચ. મા. ઉત્તર. કા. ૪૨-૩**

અમે ગુરુદેવને બહુ માનીએ છીએ, મિશનને બહુ માનીએ છીએ પરંતુ જો ગુરુદેવનાં અનુશાસનોને શિરોધાર્ય કરી યુગસાધના નથી કરતા તો એ માનવાનો શો મતલબ રહ્યો ?

જીવનની મોટામાં મોટી ઉપલબ્ધિ ભગવાનનો સૌથી પ્રિય (પ્રિયતમ) થવામાં જ છે અને એ ઉપલબ્ધિ ભગવાનના અનુશાસનને માનવાથી, યુગસાધના કરવાથી આવે છે. તેથી આપણે વધુ સમય ગુમાવ્યા વિના, આળસની ઉપેક્ષા કરી યુગસાધનાનો સમગ્ર રીતે સ્વીકાર કરી લઈએ.

એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે યુગની સમસ્યાઓના સમાધાન માટે જે આવશ્યક કર્તવ્યો પૂરાં કરવામાં આવે છે તે બધાં યુગસાધના અંતર્ગત આવે છે. આજે પ્રત્યક્ષવાદ, બુદ્ધિવાદ અને અનાસ્થાના સંકટે માનવસંસ્કૃતિની સભ્યતા જ નહીં અસ્તિત્વ સુદ્ધાં સમાપ્ત કરવાનું બીડું ઉઠાવી લીધું છે. સામાજિક કુરીતિઓ અને અંધવિશ્વાસે સમાજને કઠોર સકંજામાં જકડી રાખ્યું છે. વ્યક્તિ નૈતિક મૂલ્યો ગુમાવતો જાય છે. પરિવારનું સ્વર્ગીય વાતાવરણ બહુ દૂર જતું રહ્યું છે. હવે દરેક જગ્યાએ નરક જ ભરાઈ ગયેલું દેખાય છે. નારી હજી પણ પગ તળે કચડાઈ રહી છે. દહેજનું દૂષણ રોકાવાનું નામ લેતું નથી. દુર્વ્યસનોના રાક્ષસ સુરદુર્લભ માનવદેહ સડાવીને નષ્ટ કરવા માટે તત્પર છે. વિકૃત ચિંતન અને ભ્રષ્ટ આચરણ તેની છેલ્લી કક્ષાએ છે. આવા સમયે આપણું કર્તવ્ય બને છે કે આપણે પોતાની સંપૂર્ણ ચેતના અને ક્ષમતા આ યુગ વિનાશિકાઓને નષ્ટ કરવામાં લગાડી દઈએ જેથી માનવસૃષ્ટિનો સંપૂર્ણ વિનાશક્રમ રોકાઈ જાય અને યુગસર્જનનું નવપ્રભાત જોઈ શકાય. કહેવાતા ધર્માચાર્યો અને તેમના ધર્મો, અધ્યાત્મ, ઉપચારો, સાધનાઓ અને કર્મકાંડોના પતન પ્રવાહને રોકવાનું શક્ય રહ્યું નથી. કથા કીર્તનોમાં ભાન ગુમાવી દેનારા અને ઉત્કૃષ્ટ કાર્ય, યુગસાધનારહિત ભક્તિના ઉન્માદમાં વહી જનારા લોકો પાસેથી કોઈ આશા રાખવી નિરર્થક જ નહીં હાનિકારક પણ છે. આ કાર્ય તો જેમનામાં હિંમત અને કંઈક કરી બતાવવાનો ઉમંગ છે એવા પ્રાણવાન પરિજનોનું જ છે. કોઈ વિશેષ જવાબદારી પૂર્ણ કરવાનો સાહસભર્યો સંકલ્પ હતો તો યુગસાધનામાં વિનાવિલંબે જોડાઈ જવું જોઈએ. પરમપૂજ્ય ગુરુદેવે બતાવેલ માર્ગ પર ચાલીને તેમના વિચારોના આધાર પર યુગસાધના કરવી જોઈએ. મનુષ્ય જ્યારે પણ સુધરશે અને વાસ્તવિક પ્રગતિ કરશે તો તેનો આધાર પૂજ્ય ગુરુદેવના યુગવિચાર જ હશે. કહેવાતા ધર્મોપદેશકોના વિચારોમાં એ પ્રખરતા અને પ્રતિભા જોવાતી નથી જે યુગદિશાને વાળવામાં મદદ કરી શકે. તેથી જો સાચા રૂપમાં માનવજીવનને સફળ બનાવવાની નેમ હોય અને ધર્મ-કર્મ-સાધના કરવાની ઇચ્છા હોય તો એક જ રસ્તો છે – યુગસાધનાનો, જેના પર આજથી અને અત્યારથી જ ચાલવાનું શરૂ કરી દેવું જોઈએ. જે ઉપલબ્ધિઓ હજારો વર્ષ સુધી અનેક જન્મોની તપસ્યાઓ અને સાધનાઓથી પ્રાપ્ત થાય છે તે અવતારી ચેતનાએ બતાવેલાં યુગકાર્યો પૂરાં કરવાથી ખૂબ જ અલ્પ સમય તથા અલ્પ પ્રયાસથી પ્રાપ્ત થઈ જાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સામાન્ય લાગતો નરેન્દ્ર સ્વામી વિવેકાનંદ બનીને વિશ્વવ્યાપી પ્રભાવ પાડી શકે છે, સામાન્ય જિંદગી જીવનાર હનુમાન રામ સમાન પ્રખર પરાક્રમી બની જાય છે. સામાન્ય બેરિસ્ટર વિશ્વવંદ્ય ગાંધી બને છે. આપણા જેટલા મહાપુરુષો થયા છે તે બધાએ યુગસાધના કરી છે, લોકહિતમાં જીવન ખપાવ્યું છે, ચાહે મોહમ્મદ હોય કે મહાવીર, ગૌતમ હોય કે ગાંધી, ઈસુ હોય કે નાનક, અરવિંદ હોય કે રમણ – બધાનો પ્રયાસ લોકહિતમાં પોતાને સમર્પિત કરી દેવાનો જ રહ્યો છે. એ જ લોકો વિશ્વ આકાશમાં ચમકી રહ્યા છે. કહેવાતા યોગીઓ તપસ્વીઓ કે કુંડલિની સાધકોમાંથી કોઈને પણ એ સફળતાઓ મળી નથી જે આ દિવ્ય પુરુષોને મળી.

કરવા માટે બસ એક જ કાર્ય છે યુગચેતનાનો પરિપૂર્ણ વિસ્તાર અને ગુરુદેવના વિચારોને લોકો સુધી ફેલાવ પોતાના જીવનમાં એ વિચારોને ઉતારવા અને પણ દ્વારા લોકશિક્ષણ આપવું. પૂજ્ય ગુરુદેવના વિચારોથી જ આસ્તિકતા સંવર્ધન, નારી જાગરણ, સત્પ્રવૃત્તિ સંવર્ધન, દુષ્પ્રવૃત્તિઓની નાબૂદી, સ્વાસ્થ્ય સંવર્ધન, દહેજ નાબૂદી, દુર્વ્યસનોનો નાશ વગેરે નૈતિક, બૌદ્ધિક અને સામાજિક ક્રાંતિઓનું સફળતાથી સંચાલન કરી શકાય છે, લક્ષ્ય સુધી પહોંચી શકાય છે. તેથી આપણું સૌથી મુખ્ય કર્તવ્ય છે કે અધ્યાત્મના ત્રણ પ્રવાહો ઉપાસના, સાધના અને આરાધનાની સુસંતુલિત વ્યવસ્થા અપનાવીને લોકકલ્યાણની સમગ્રતમ પ્રાપ્તિ માટે યુગસમસ્યાઓની પૂર્ણતમ નિવૃત્તિના યુગને અનુરૂપ વિચાર તથા ઉપચારોની યુગસાધના સંપૂર્ણ મને પ્રયાસો દ્વારા ફક્ત પોતે જ નહિ પરંતુ બીજાઓ પાસે પણ કરાવવામાં કોઈ કમી કે કચાશ રાખવી નહીં. યુગસાધનામાં જ બધી સાધનાઓની ઉપલબ્ધિઓ છે. યુગસાધક જ સાચો જીવનસાધક, સાચો અધ્યાત્મવાદી, યોગી અને તપસ્વી છે. યુગસાધક જ યુગનેતૃત્વ કરી શકશે એમાં જરા પણ શંકા નથી.

● ● ●

*જિજ્ઞાસાને જીવંત રાખો અને વિચારો કે તમે શું કરી રહ્યા છો ? શ્રેષ્ઠ વ્યક્તિ બનવાનો પ્રયોગ કરો, આપ્યા વગર મેળવવાનો પ્રયત્ન ન કરો. શ્રેષ્ઠ વ્યક્તિ જીવન કે વ્યક્તિઓ પાસેથી જેટલું લે છે તેથી અનેકગણી વ્યસ્ત એમને પાછું આપવાના પ્રયત્નમાં રહે છે.*

● ● ●

*મનુષ્યના જીવનમાં અડધી ભૂલો તો ફક્ત એ માટે થઈ જાય છે કે જ્યાં આપણે વિચારથી કામ લેવું જોઈએ ત્યાં આપણે ભાવનાથી કામ લઈએ છીએ અને જ્યાં ભાવનાની જરૂર રહે છે ત્યાં વિચારોને અપનાવીએ છીએ.*

● ● ●

*મનુષ્યની અંદર જ્યારે યોગ્ય અને અયોગ્યનું અંતર્દ્વંદ્વ ઊભું થાય તો સમજવું જોઈએ કે સુખશાંતિના દિવસો નજીક આવી ગયા.*

● ● ●

*ભગવાનની પૂજા માટે સૌથી સુંદર પુષ્પો છે – શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ, દયા, મૈત્રી, સરળતા, સાધુતા, સમતા, સત્ય, ક્ષમા વગેરે દૈવી ગુણો. સ્વચ્છ અને પવિત્ર મંદિરમાં મનમોહનની સ્થાપના કરી આ પુષ્પો વડે એમની પૂજા કરો. જે આ પુષ્પોને ફેંકી દે છે અને ફક્ત બહારનાં ફૂલોથી ભગવાનને પૂજવા માગે છે, તેના હૃદયમાં ભગવાન આવતા જ નથી. પછી એ પૂજા કોની કરશે ?*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અવતારનો ઉદ્દેશ અને કાર્ય

**(પરમપૂજ્ય ગુરુદેવે સન્ ૧૯૬૮માં ગાયત્રી તપોભૂમિ, મથુરામાં શ્રી સત્યનારાયણ કથા, શ્રી રામકથા અને ગીતા પર પ્રવચનો કર્યાં હતાં. તે વખતે અહીં ટેપ કરવાની સગવડ નહોતી. અમે તેમનાં પ્રવચનોની નોટ્સ તે જ વખતે લખી હતી. શ્રુતિ અને સ્મૃતિના રૂપમાં જે સાંભળ્યું અને યાદ રહ્યું તેને આ સ્તંભમાં શ્રેણીબદ્ધ આપી રહ્યાં છીએ. આ બધા વિચારો પૂજ્ય ગુરુદેવના જ છે.)**

આપણા ઋષિઓ અને મુનિઓએ કથાની પુણ્યપરંપરા ચલાવી. આ પરંપરા પાછળ એક જ ઉદ્દેશ છે — આદર્શ અને સિદ્ધાંતોને અંતઃકરણમાં ઉતારવા. કોઈ સિદ્ધાંત કે કોઈ આદર્શને સમજાવવા હોય તો તેને કથાના માધ્યમથી સમજાવવામાં આવતા હતા. ભાગવતકથા આજકાલ દરેક સ્થળે થવા લાગી છે. ભાગવતકથા ભક્તિનો વિષય છે, પરંતુ આજનો સમય અને આજનો યુગ કર્મનો યુગ છે. ગીતામાં આ કર્મનો જ સંદેશ છે. હવે દરેક મનુષ્યે અર્જુન બનવું જોઈએ, ધનુષ્ય ધારણ કરવું જોઈએ. ગીતામાં માનવજીવનના બધા ઉપદેશ છે. આજે આપણે થોડો સમય પૂજાપાઠ કરીને ઈશ્વરને પ્રાપ્ત કરવા માગીએ છીએ. જ્યારે આપણું સંપૂર્ણ જીવન સાધનામય બને તો જ આત્માની પ્રગતિ થઈ શકે છે. આત્માનો વિકાસ કરવાની કઈ રીત છે ? જીવનનિર્વાહ કરવાની પદ્ધતિ શું છે ? વ્યક્તિ પોતાનાં દૈનિક કાર્યો કઈ રીતે કરે ? આ બધાનું માર્ગદર્શન ગીતા કરે છે. ગીતાનો ઉપદેશક પણ કર્મયોગી હોવો જોઈએ. ગીતા મનુષ્યને મનુષ્ય બનાવે છે, તેથી સૂઈ ગયેલી ગીતાને આપણે જગાડવી પડશે.

મહાભારતનું યુદ્ધ શરૂ થઈ ગયું છે. બન્ને તરફ યોદ્ધાઓ પોતાનાં હથિયાર લઈને ઊભા છે. ધૃતરાષ્ટ્ર સંજયને પૂછે છે કે અમારા પુત્રો અને પાંડુપુત્રો શું કરી રહ્યા છે ? સંજયને દિવ્યદૃષ્ટિ મળેલી છે. સંજયે કહ્યું — મહારાજ ! હું તમને આખો વૃત્તાંત કહું છું. અહીં એક માર્મિક વાત છે. મહાભારતનું યુદ્ધ જ્યારે નક્કી થઈ ગયું ત્યારે એવું લાગ્યું કે હવે આને ટાળી શકાય એમ નથી તો ભગવાન કૃષ્ણે દૂતોને યુદ્ધભૂમિની પસંદગી માટે મોકલ્યા અને કહ્યું કે એવી દૂષિત ભૂમિની શોધ કરો જ્યાં ભાઈ-ભાઈ વચ્ચે પ્રેમ ન હોય. દૂતોએ કહ્યું — એક ભૂમિ જોઈ છે, જ્યાં મોટાભાઈએ નાના ભાઈને કહ્યું — વરસાદ થયો છે, જા ખેતર જોઈને આવ. નાના ભાઈએ કહ્યું — હું નહિ જાઉં, તું કેમ નથી જતો. આ વાત પર મોટા ભાઈએ નાના ભાઈને કાપીને જમીનમાં દાટી દીધો. આ એક જ એવી ભૂમિ છે જ ભાઈ-ભાઈ વચ્ચે પ્રેમ નથી. જે ભૂમિ આવી નીચ સ્તરની અને કુસંસ્કારથી યુક્ત હોય ત્યાં જ યુદ્ધ થઈ શકે છે.

મહાભારતમાં અર્જુનને યુદ્ધ કરવાની ઇચ્છા નહોતી. અર્જુન કહી રહ્યો હતો કે હું પોતાનો રોટલો કમાઈ લઈશ, ચાકરી કરીને પેટ ભરીશ. પરંતુ ભગવાન કૃષ્ણે યુગધર્મના નિર્વાહ માટે યુદ્ધ કરવાની પ્રેરણા આપી. ભાઈ-ભાઈ વચ્ચેના યુદ્ધને પણ ધર્મયુદ્ધ બતાવ્યું. ભગવાન રામ કહેતા હતા કે રાજગાદી ભરતને મળે અને ભરત કહેતા હતા કે રામને મળે. એક ભાઈ કહેતો હતો કે હું રાજ્ય કરવા ઇચ્છતો નથી, હું તો વનમાં જઈશ ત્યારે બીજો ભાઈ કહે છે કે હું પણ રાજ્ય કરવા ઇચ્છતો નથી. અહીં રાજ્યને ફૂટબોલ બનાવવામાં આવ્યું. આ દૃષ્ટિથી રામાયણ અને મહાભારત એકબીજાથી વિપરીત છે. ગીતા એ જ મહાભારતનો એક અંશ છે, પરંતુ એ કોઈ ઐતિહાસિક પુસ્તક નથી, પણ આધ્યાત્મિક પુસ્તક છે. વ્યક્તિનું ચરિત્ર ગીતામાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. દરેક વ્યક્તિની અંદર મહાભારત થઈ રહ્યું છે. એક તરફ પુણ્ય, બીજી તરફ પાપ અને વચ્ચે આત્મા ઊભો છે. જેમ કોઈ બે પત્નીવાળાનો ઝગડો થાય છે. એક કહે છે – મારા ઘરે ચાલ તો બીજી કહે છે – મારા ઘરે ચાલ. એક તરફ પ્રગતિ કરાવનાર ઊભી છે તો બીજી તરફ પતન કરાવનાર. એક કહે છે – મારી તરફ આવ, અહીં મોટર છે, કાર છે, બંગલો છે, બધી સાધનસગવડો છે. એક કહે છે – મારી તરફ આવ, ઈમાનદારી, સજ્જનતા, આત્મીયતા, ઉદારતા, સંયમ અને સેવા મારી પાસે છે, એમાં આનંદ છે.

અર્જુન ભગવાન કૃષ્ણને કહે છે કે હું લડીશ નહીં. જે ભગવાન કરશે તે જ થશે. એ મોહવશ કર્તવ્યપાલનને ભૂલી બેઠો છે. જેવી રીતે કેટલાક વિદ્યાર્થી વાંચતા નથી અને કહેતા હોય છે કે ભગવાનની મરજી હશે તો પાસ થઈ જ જઈશ. એક ખિસ્સાકાતરુની બહેન કહે છે – ભાઈ ! ખિસ્સા કાપવાં બહુ ખરાબ કામ છે. ભાઈ કહે છે – જે કંઈ થાય છે તે ભગવાન કરાવે છે. જે કંઈ થઈ રહ્યું છે તે ભગવાનની ઇચ્છાથી થઈ રહ્યું છે. જે કંઈ થઈ રહ્યું છે તે ભાગ્યમાં લખાયેલું થઈ રહ્યું છે. અર્જુન પણ ભગવાન કૃષ્ણને કહેવા લાગ્યો – જે કંઈ ભગવાન ઇચ્છશે તે જ થશે. હું કેમ લડું ? રાજ્ય મળવાનું હશે તો આપમેળે મળી જશે. આ વાત પર ભગવાન નારાજ થઈ ગયા અને ફટકારવા લાગ્યા – આવું ક્યારેય થયું નથી. જે કંઈ થાય છે તે પરિશ્રમથી થાય છે અને કહે છે કે આ કર્તવ્યની ઘડીએ તારી અંદર પાપ ક્યાંથી આવી ગયું ? જે વાત તું કરી રહ્યો છે તેવી વાતો કાયર અને નકામા લોકો કરતા હોય છે. પોતાનું કર્તવ્ય પૂરું કરવું જોઈએ અને ફળ ભગવાન પર છોડી દેવું જોઈએ. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ઘણુંબધું સંભળાવ્યું. અરે અર્જુન ! નપુંસક બનીશ નહિ. આ વાતો તને શોભતી નથી. તારું મન બહુ ડરપોક છે. તું કર્તવ્યો જોઈને બહાનાં ઘડી રહ્યો છે. હૃદયની કમજોરી છોડી દે. શિકારીને જોઈને જેમ શાહમૃગ જાન બચાવવા માટે તેની ગરદન રેતીમાં છુપાવીને બેસી જાય છે તે જ રીતે કેટલાક લોકો પૂજાના સ્થળે છુપાઈને બેસી જાય છે. તું પણ એ જ ઇચ્છે છે. પોતાનાં ધર્મકર્તવ્યોને જોઈ કંપીશ નહિ, ધર્મથી વધીને કોઈ કર્તવ્ય નથી. કર્તવ્યનું પાલન કરતાં તું યુદ્ધ નહિ કરે તો તારી કીર્તિ ખતમ થઈ જશે અને તું પાપને પ્રાપ્ત થઈશ. દુનિયા તારા પર થૂંકશે, ધિક્કારશે અને તારી નિંદા કરશે. દુનિયા કહેશે – ડરીને ભાગી ગયો. ભગવાન કૃષ્ણ અર્જુનને કહેવા માગતા હતા કે અર્જુન, તું પાપ અને પુણ્યની વચ્ચે ઊભો છે. પાંડવો પાંચ હતા. પાંડવ એટલે સત્કર્મ. કૌરવો હજાર છે જે દુષ્કર્મો કરે છે. તારે સત્કર્મનું સમર્થન કરવું જોઈએ. અર્જુને કહ્યું – મને ઝગડાની વચ્ચે કેમ નાંખો છો ? તમે પોતે જ એ કામ કેમ કરતા નથી. તમે તો ઘાસમાં આગ લગાડીને દૂર થઈ જશો. ભગવાન સમજી ગયા અને કહ્યું – જ્યારે જ્યારે મારો અવતારો થયો છે તે આ માટે જ થયો છે. જ્યારે પણ ધર્મ કમજોર પડી જાય છે –

**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।**
**અભ્યુત્થામધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥**

જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે, પાપ વધી જાય છે ત્યારે હું જન્મ લઉં છું. પાપોનો નાશ કરવો અને પુણ્યનું રક્ષણ કરવું તે મારું કર્તવ્ય છે. હું નાચવા માટે, રાસ કરવા માટે કે વાંસળી વગાડવા માટે જન્મ લેતો નથી. સાધુઓનો ઉદ્ધાર કરવા માટે અને પાપીઓનો નાશ કરવા માટે અવતાર ધારણ કરું છું. ભગવાન રામચંદ્રજીએ લીલા કરવા માટે અવતાર લીધો નહોતો, એમનું એક માત્ર લક્ષ્ય હતું – પાપોનો નાશ કરવો અને પુણ્યનો વિસ્તાર કરવો.

**અસુર મારિ થાપહિં સુરન્હ, રાખેહિં નિજ શ્રુતિ સેતુ ।**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**જગ વિસ્તારહિં વિશદ યશ, રામ જન્મ કર હેતુ ॥**

ભગવાને દસ અવતાર લીધા છે. બધા અવતારોમાં આ જ કામ કર્યું છે.

પહેલો મત્સ્યાવતાર થયો. રાજા મનુ સંધ્યાવંદન કરવા બેઠા હતા. જળનું આચમન કરવા લાગ્યા તો હાથમાં એક નાનકડી માછલી દેખાઈ. તેને એમણે કમંડળમાં નાંખી દીધી. થોડી વારમાં તે કમંડળ જેવડી થઈ ગઈ. એણે પ્રાર્થના કરી કે રાજન્ ! મને કોઈ મોટા જળાશયમાં નાંખી દો કે જ્યાં હું સુખપૂર્વક રહી શકું. રાજાએ એને તળાવમાં નાંખી દીધી. એ તળાવમાં પણ એટલી મોટી થઈ ગઈ કે જગ્યા ઓછી પડવા લાગી. એણે ફરીથી મનુને પ્રાર્થના કરી કે મારી મદદ કરો, મને મોટા જળાશયમાં પહોંચાડી દો. રાજા મનુને દયા આવી. એમણે તેને બીજા મોટા જળાશયમાં પહોંચાડી દીધી. ધીરે ધીરે એને સમુદ્રમાં પહોંચાડવી પડી. માછલીએ તેના વિસ્તારથી સંપૂર્ણ સમુદ્ર ઘેરી લીધો.

હવે તમે કહેશો કે શું ગપ્પાં મારો છો ? આટલી મોટી માછલી ક્યાં હોય છે ? આ બધી આલંકારિક વાતો છે. ભગવાન જ્યારે પણ મનુષ્યના જીવનમાં આવે છે ત્યારે નાના રૂપમાં આવે છે. મનુષ્યના વિચારોની સીમા જેટલી નાની હોય છે તેટલો જ એ નાનો હોય છે. આપણે આપણી ભાવનાઓ ઉચ્ચ રાખવી જોઈએ. આખું વિશ્વ જ મારું કુટુંબ છે, મારો પરિવાર છે એવું જ્યારે વિચારે છે ત્યારે એ મહાન બને છે. મનુષ્યને મત્સ્યાવતારે કહ્યું છે કે નાના વર્તુળમાં ન રહો. ભાવનાઓ ઉચ્ચ બનાવો. આત્મીયતાનો વિસ્તાર કરો. 'વસુધૈવ કુટુંબકમ્'નો આદર્શ સામે રાખો, આત્મવિસ્તાર કરો. આ જ મત્સ્યાવતારનો સંદેશ છે.

બીજો કચ્છપ અવતાર થયો. દેવતાઓ અને રાક્ષસો મળીને સમુદ્રમંથન કરી રહ્યા હતા. સમુદ્ર મથતી વખતે જ્યારે મંદરાચળ પર્વત નીચે ડૂબવા લાગ્યો ત્યારે ભગવાને કચ્છપ (કાચબો)નું રૂપ ધારણ કરી પર્વતનો બોજ પોતાની પીઠ પર લઈ લીધો અને સમુદ્રમંથનનું કાર્ય પૂરું થયું. ભગવાન હંમેશાં પુરુષાર્થીઓ અને મહેનતુ લોકોને મદદ કરે છે.

ત્રીજો અવતાર વરાહ અવતાર છે. હિરણ્યાક્ષ નામના રાક્ષસે પૃથ્વીને ચોરી લીધી હતી અને સમુદ્રમાં છુપાવી દીધી હતી. ભગવાને તેનું પેટ ફાડી નાખ્યું અને પૃથ્વીને છોડાવી લાવ્યા. લોકો આની મજાક ઉડાવે છે. આ બધું અલંકાર છે. જેમણે બધું ધન તિજોરીઓમાં બંધ કરી રાખ્યું છે તેઓ બધા હિરણ્યાક્ષ છે. હિરણ્યાક્ષ લાલચુ હતો, સંગ્રહી હતો, એણે બધી સંપત્તિ પર અધિકાર જમાવી દીધો હતો, ભગવાને તેનું પેટ ફાડી નાખ્યું. એમાં મૂડીવાદના ભવિષ્યનો ઈશારો છે. ધન જેટલું વધે તેટલું લોકમંગલનાં કાર્યોમાં લગાડવામાં આવે, નહિ તો જેવા હાલ હિરણ્યાક્ષના થય હતા તેવા જ હાલ થશે. ભગવાન આ ચેતવણી વરાહ અવતારમાં આપે છે.

ચોથો અવતાર નૃસિંહના રૂપમાં થયો. હિરણ્યકશ્યપ રાક્ષસ તેના પુત્ર પ્રહ્લાદને પોતાના જેવા ખોટા માર્ગ પર ચાલવા માટે મજબૂર કરતો હતો. પ્રહ્લાદે કહ્યું – પિતાજી ! હું તમારા પગ દબાવી આપીશ, ચરણસ્પર્શ કરીશ, બધી રીતે સેવા કરીશ કેમ કે શરીર તમે આપ્યું છે. શરીરથી તમારું કહેવું માનીશ પરંતુ આત્મા ભગવાનની દેન છે. આત્માનો પિતા ભગવાન છે. પરમાત્માની આજ્ઞાનું પાલન કરીશ. તેમની પૂજા અને ઉપાસના કરીશ. તેમના આદર્શો પર ચાલીશ. પોતાની અનુચિત આજ્ઞા ન માનવાથી તેણે પ્રહ્લાદને મારવા માટે ઘણા ઉપાયો અજમાવ્યા. હિરણ્યકશ્યપની ક્રૂરતા અને નિષ્ઠુરતાને કારણે ત્રાહિ - ત્રાહિ મચી ગઈ હતી. ભગવાન નરસિહનું રૂપ લઈને આવ્યા અને નખો વડે એ રાક્ષસનો સંહાર કર્યો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આજકાલ બાપ દીકરાના લગ્નમાં દહેજમાં મોટરસાઈકલ, કૂલર, ફ્રિજ, પંખા અને એક લાખ રૂપિયા માગે છે અને દીકરાને પણ તે માટે પ્રોત્સાહિત કરે છે. આ હિરણ્યકશ્યપની જ વૃત્તિ છે. જે દીકરાને ખોટા માર્ગ પર ચાલવાની આજ્ઞા આપે છે. દરેક પુત્રએ પિતાની કોઈપણ અનુચિત આજ્ઞાનું પાલન કરવું ન જોઈએ. આવા કાર્યમાં ભગવાન પ્રહ્લાદની જેમ જ મદદ કરે છે.

પાંચમો અવતાર છે — વામન અવતાર. વરાહ અવતારમાં ભગવાને જમાખોરનું પેટ ફાડી નાંખ્યું હતું. બીજી તરફ વામન અવતારમાં ભગવાને સમજાવટથી કામ લીધું. દમન કરવાનું જ નહિ પણ હૃદય પરિવર્તન કરવું એ પણ એક ઉપાય છે જે વામન અવતારે કર્યો. રાજા બલિ પાસેથી ત્રણ પગલાં જમીન લઈને બધું પ્રાપ્ત કરી લીધું. આકાશ, પૃથ્વી અને પાતાળ સુધ્ધાં ભગવાને પ્રાપ્ત કરી લીધાં.

છઠ્ઠો અવતાર પરશુરામજીનો થયો. ભગવાન પરશુરામે એકવીસ વખત લોકોના વિચારો બદલ્યા. વિચાર પરિવર્તનનું, બ્રેઈન વોશિંગનું, હૃદય પરિવર્તનનું કામ કર્યું. આ રીતે ખરાબ ચિંતન હઠાવીને આસુરી વૃત્તિઓનો વિનાશ કર્યો. સાતમો અવતાર રામનો છે, જેમણે ઋષિઓનાં હાડકાંનો પહાડ જોઈને સંકલ્પ લીધો હતો —

**"નિશિચર હીન કરૌં મહિ, ભુજ ઉઠાઈ પ્રન કીન્હ।"**

નિશાચરોને પૃથ્વી પરથી ખતમ કરીને જ જંપીશ. એમણે રાક્ષસોનો સંહાર કર્યો. અનીતિ અને અત્યાચારોનો સામનો કર્યો અને મર્યાદાઓની સ્થાપના કરી.

ત્યારપછી આઠમો અવતાર કૃષ્ણાવતાર થયો. એમણે પૂતના, કંસ, કાલિયનાગ, અઘાસુર, બકાસુર, આદિ અનીતિ આચરનારાઓ સામે બાળપણમાં જ ટક્કર ઝીલી. સંઘર્ષ કરીને એમણે ધર્મની રક્ષા કરી, ગાંડિવને સહાય કરી.

નવમો બુદ્ધાવતાર થયો. તેમણે બુદ્ધિ, ધર્મ અને સત્યને શરણે જવાનો માર્ગ ચીંધ્યો. યજ્ઞોમાં પશુઓના બલિ અને દેવી-દેવતાઓ સામે પશુઓ કાપનારનો વિરોધ કર્યો. બૌદ્ધિક ક્રાંતિ આણી અને કહ્યું — તર્કને, બુદ્ધિને શરણે જાવ. આત્માની વાત, વિવેકની વાત માનો. સંગઠન બનાવીને રહો. કર્તવ્યને શરણે જાવ.

દસમો અવતાર પ્રજ્ઞાવતારનો છે. તે વિચારોના રૂપમાં થશે. વિચારોને બદલવા માટે અવતાર થવાનો છે. તેને લોકો નિષ્કલંક (કલ્કિ) અવતારના નામથી ઓળખશે. તે તમામ મનુષ્યોના વિચારો બદલવાનું કામ કરશે. તે વ્યાપક અને નિરાકાર હશે. એક અદૃશ્ય પ્રવાહ જે સદ્‌પ્રવૃત્તિ સંવર્ધનનું કામ કરશે, જેનાથી સમસ્ત સંસારમાં નવી ચેતનાનો ઉદય થશે.

આપણે પણ સ્વાર્થીપણું, સંકુચિતતા, પાપ, લોભ, મોહ, અહંકાર સામે સંઘર્ષ કરવો જોઈએ. પુણ્યોનો પક્ષ લેવો જોઈએ. પાપો સામે લડવું જોઈએ. પુણ્યો વધારવાં જોઈએ. દુષ્કર્મો સામે લડવું જોઈએ. સત્કર્મો અપનાવવાં જોઈએ. દુષ્કર્મો સામે લડો, સંઘર્ષ કરો અને સત્કર્મોને વધારો એ જ તો ગીતા કહે છે.

આ દસેય અવતારોનું રહસ્ય એ છે કે અનીતિ, અન્યાય, અત્યાચારનો સામનો કરવા માટે બુદ્ધિ - તર્કનો સહારો લઈએ. જેવીરીતે ઠંડું લોઢું ગરમ લોઢાને કાપે છે તેવી જ રીતે કુવિચારોને સુવિચારોથી કાપીએ. જો એ શક્ય ન હોય, તો બુદ્ધિની જગ્યાએ બળનો સહારો લઈએ. જ્યાં શાસ્ત્રથી કામ ન થાય, ત્યાં શસ્ત્રથી કામ લઈએ. એ જ ગીતાનો સંદેશ છે.

● ● ●



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## યુગગીતા-૬

# યોગસ્થ બની યુગધર્મનું પાલન કરીએ

**(શ્રીમદ્ ભગવદ્ગીતાના સાંખ્ય યોગ (દ્વિતીય અધ્યાય)ની યુગાનુકૂલ વિવેચના – ગતાંકથી ચાલુ)**

(ગત અંકોમાં યોગેશ્વર શ્રીકૃષ્ણ દ્વારા જિજ્ઞાસુ સાધક અર્જુનને 'દેહાતીત આત્માનું ભાન' સંબંધી વિવેચના આપણે વિસ્તારપૂર્વક જાણી. સદ્ગુરુ-પારદર્શી-અંતર્યામી ભગવાન જણાવે છે કે પંડિતોએ, જેઓ મૃત્યુ પામ્યા છે કે જીવિત છે – કોઈને માટે કોઈ પ્રકારનો શોક ન કરવો જોઈએ. તેઓ વિભિન્ન ઉદાહરણોના માધ્યમથી પોતાના શિષ્યને આસક્તિના બંધનમાંથી મુક્ત કરવા ઈચ્છે છે. અમે યુગગીતાના આ ખંડમાં વાચકોને બતાવ્યું હતું કે સદ્ગુરુના રૂપમાં આપણી ગુરુસત્તાએ પણ કેવી રીતે આપણી આસક્તિનાં બંધનો પર ચોટ મારતાં આપણને ઘડવાનો પ્રયાસ કર્યો. નાશરહિત, નિત્યસ્વરૂપ જીવાત્મા તથા તેને ધારણ કરેલ નાશવાન શરીરનું સ્વરૂપ સમજાવતાં ભગવાન ગીતામાં અર્જુનને વારંવાર યુદ્ધ કરવાનું યાદ અપાવે છે. જેઓ પોતાના દેહ માટે, દેહ સાથે જોડાયેલા સંબંધો માટે વ્યથિત થતા રહે છે, તેમના માટે દ્વિતીય અધ્યાયના પૂર્વાર્ધમાં ભગવાનનો સંદેશ છે કે આપણે આપણા શાશ્વત સંબંધોને ઓળખવાનો પ્રયાસ કરવો જોઈએ. આત્મા-પરમાત્મા, શિષ્ય-ગુરુ, જીવ-બ્રહ્મનો સંબંધ જ શાશ્વત છે એમ જણાવતાં ભગવાન પોતાના શિષ્યને યુગધર્મની યાદ અપાવે છે. દેહથી સ્વધર્મ આચરણ કેવી રીતે થાય તેની પ્રારંભિક મીમાંસા ગત અંકમાં કરવામાં આવી હતી તેમ જ ૩૨, ૩૩ અને ૩૪મા શ્લોકના માધ્યમથી એમ સમજાવવામાં આવ્યું હતું કે તેણે આ ધર્મયુક્ત યુદ્ધમાં જરૂર લડવું જ જોઈએ, નહિતર તે સ્વધર્મ અને કીર્તિને ખોઈને પાપને પ્રાપ્ત કરશે. દેહથી સ્વધર્મ આચરણની એ જ વ્યાખ્યાને આ અંકમાં આગળ વધારીએ છીએ.)

યુગધર્મની વ્યાખ્યા કરતાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને વારંવાર એ તથ્ય સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે જો તે યુદ્ધ નહિ કરે તો તે ધર્મથી ચ્યુત થઈને પાપને પ્રાપ્ત કરશે. તેઓ એક મહત્ત્વની વાત કરતાં નીચેના શ્લોકોના માધ્યમથી એક સંદેશ આપે છે –

**ભયાદ્રણાદુપરતં મંસ્યન્તે ત્વાં મહારથાઃ ।**
**યેષાં ચ ત્વં બહુમતો ભુત્વા યાસ્યસિ લાઘવમ્ ॥**

"જેમની દૃષ્ટિમાં પહેલાં ખૂબ સન્માનિત થઈને હવે લઘુતાને પ્રાપ્ત કરીશ, તે મહારથી લોકો તને ભયને કારણે યુદ્ધમાંથી ખસી ગયેલો માનશે."

**અવાચ્યવાંદાશ્ચ બહૂન્ વદિષ્યન્તિ તવાહિતાઃ ।**
**નિન્દન્તસ્તવ સામર્થ્યં તતો દુઃખતરં નુ કિમ્ ॥**

"તારા શત્રુઓ તારા સામર્થ્યની નિંદા કરતાં તને ખૂબ ન કહેવાનાં વચનો પણ કહેશે. એનાથી અધિક દુઃખ બીજું કયું હશે ?"

**હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગં જિત્વા વા ભોક્ષ્યસે મહીમ્ ।**
**તસ્માદુત્તિષ્ઠ કૌન્તેય યુદ્ધાય કૃતનિશ્ચયઃ ॥**

"કાં તો યુદ્ધમાં શહીદ થઈને સ્વર્ગને પ્રાપ્ત કરીશ અથવા સંગ્રામમાં જીતીને પૃથ્વીનું રાજ્ય ભોગવીશ. આ કારણે હે અર્જુન ! તું યુદ્ધ માટે નિશ્ચય કરીને ઊભો થા."

**સુખદુઃખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ ।**
**તતો યુદ્ધાય યુજ્યસ્વ નૈવં પાપમવાપ્સ્યસિ ॥**

"જય-પરાજય, લાભ-હાનિ અને સુખ-દુઃખને સમાન સમજીને તે પછી યુદ્ધ કરવાથી તું પાપમાં પડીશ નહિ."


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઉપર્યુક્ત ચાર શ્લોકોના માધ્યમથી મુખ્ય ત્રણ વાતો સામે આવે છે. પહેલી — "તારાં મમત્વ - મોહ - અસમંજસ તને પાપ તરફ લઈ જઈ રહ્યાં છે. આ પલાયનવાદ એ મહાપાપ છે." બીજી — "કર્તવ્યપાલન કરતાં કરતાં મરી જવું એ શ્રેષ્ઠ છે. મરીને સ્વર્ગ પ્રાપ્ત કરવું અને સંગ્રામમાં જીતીને પૃથ્વીનું રાજ્ય ભોગવવું — યોદ્ધાનું આ એક લક્ષ્ય હોવું જોઈએ. એટલા માટે તું કૃતનિશ્ચય બની યુદ્ધ માટે ઊભો થઈ જા." ત્રીજી — "હાનિ-લાભ, જય-પરાજય, સુખ-દુઃખના વિષયમાં કાંઈ ન વિચાર. એના દ્વંદ્વમાં ફસાઈશ તો પડીશ, તિરસ્કૃત થઈશ, નિકૃષ્ટ યોનિને પ્રાપ્ત કરીશ, કારણ કે આ યુદ્ધ તું પાપકર્મના નિમિત્તે નહિ — કર્તવ્ય કર્મના નિમિત્તે કરી રહ્યો છે. દૃઢ નિશ્ચય બનીને યુદ્ધ માટે તું તૈયાર થઈ જા."

અકારણ પરિજનોથી મોહ-કર્તવ્યથી દૂર ભાગવું — નૈષ્કર્મ્યથી જન્મેલ પલાયનવાદ, આળસ-પ્રમાદ — આ તમામ વૃત્તિઓ આપણને પાપ તરફ લઈ જાય છે. આપણે આપણા માટે નિર્ધારિત કર્મોને જોઈને દેહથી સ્વધર્મ આચરણમાં જ પ્રવૃત્ત રહેવું જોઈએ. આ શિક્ષણ, આડત્રીસમા શ્લોક સુધી ભગવાને આપેલ પ્રતિપાદનના માધ્યમથી આપણી સામે આવે છે. યોગેશ્વર શ્રીકૃષ્ણે એક વાત બહુ સ્પષ્ટ કહી છે. પોતાના સ્વધર્મથી વિમુખ થવું એ મહાપાપ છે. આપણે તમામ ગાયત્રી પરિજન આ વાતને ગાંઠે બાંધીને એમ વિચારી લઈએ કે સન્ ૨000ની સમાપ્તિ સુધી — એકવીસમી સદીનું નવપ્રભાત આવે ત્યાં સુધી આપણે આપણા શરીર-મનની તમામ તકલીફોને ભૂલીને ગુરુકાર્યોમાં તત્પર રહેવાનું છે. જરાપણ આળસ-પ્રમાદને આડે આવવા દેવાનાં નથી. કોઈપણ કાલનેમિની માયામાં ફસાયા વગર માત્ર આપણાં કર્તવ્ય કરતાં રહેવાનું છે, તો કેવળ આ દેહથી સ્વધર્મ આચરણ સંભવ બનશે એટલું જ નહિ, પ્રતિકૂળ સમય પણ વીતી જશે અને આપણે એવા જમાનામાં પહોંચી જઈશું, જ્યાં થોડોક પુરુષાર્થ પણ આપણને યશ-કીર્તિના ચરમ શિખર સુધી પહોંચાડી દેશે. આ દિવસોમાં મહાપૂર્ણાહુતિનું કાર્ય આપણા માથે છે. સંપૂર્ણ રાષ્ટ્રમાં નીતિમત્તા-રાષ્ટ્રીયતાના જાગરણની અલખ જગાવવાની છે. આ યુગધર્મ બજાવવાનો જ છે. તેનાથી વિમુખ થવું એ મહાપાપ છે. જો આ જ સંદેશ આપણને મળી જાય તો બહુ મોટી વાત છે.

ભગવાન કહે છે કે આ જ કામ કરતાં કરતાં જો તું અંતિમ ગતિને પામીશ તો પણ કંઈ વાંધો નહિ, તને સ્વર્ગ મળશે. જો જીવિત રહીશ તો યશની પરાકાષ્ઠાએ પહોંચીશ. આ જ વાત તો આપણને આપણા સદ્‌ગુરુદેવ પણ સમજાવી ગયા, તો પછી શાની દ્વિધા ? પરમપૂજ્ય ગુરુદેવે સપ્ટેમ્બર, ૧૯૭૮ના અખંડ જ્યોતિમાં લખ્યું છે — "રિઝર્વ ફોર્સના સૈનિકો ઘણા દિવસો સુધી સૂઈ ગયા. આળસ કરી ચૂક્યા. કર્તવ્યથી વિમુખ થશે તો તેમનું કલ્યાણ નથી આજે, નથી કાલે." આ વાક્ય આપણા પોતાનામાં ગુરુસત્તાની ઝંખના જ દર્શાવતું નથી, આપણને આપણાં કર્તવ્યકર્મ પણ સમજાવે છે.

ત્યારપછીના શ્લોકોમાં ભગવાન શ્રીકૃષ્ણ પોતાના શિષ્ય અર્જુનને કર્મયોગના પરિપ્રેક્ષ્યમાં, તેને કેવી બુદ્ધિથી અપનાવવું જોઈએ, તે સમજાવે છે. તેઓ કહે પણ છે કે હમણાં સુધી તો આત્મા-પરમાત્માની, યુગધર્મની જ્ઞાનયોગપરક વાતો સાંભળી રહ્યો હતો, પરંતુ હવે આ પ્રતિપાદનને કર્મયોગના વિષયમાં સાંભળ — જે બુદ્ધિથી યુક્ત થયેલ તું કર્મોનાં બંધનોને સારી રીતે ત્યાગી દઈશ અર્થાત્ સર્વ પ્રકારે નષ્ટ કરી દઈશ (અને પછી યુગધર્મમાં પ્રવૃત્ત થઈ જઈશ). (શ્લોક-૩૯ — **"બુદ્ધ્યા યુક્તો યયા પાર્થ કર્મબન્ધં પ્રહાસ્યસિ"**). આ જ વાત આગળ સારી રીતે સમજાવતાં કહે છે કે "આ કર્મયોગમાં આરંભનો અર્થાત્ બીજનો નાશ નથી, અને ઊલટા ફળરૂપ દોષ પણ નથી. પરંતુ આ કર્મયોગ રૂપી ધર્મનું થોડુંક પણ સાધન જન્મ-મૃત્યુ રૂપી મહાન ભયથી રક્ષા કરી લે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે.'' (શ્લોક-૪૦)

આર્યધર્મ-ક્ષત્રિયધર્મની વ્યાખ્યા પછી તરત વાસુદેવે પોતાના ઉપદેશની શૈલી બદલી છે. તેઓ અર્જુનની કઠણાઈઓ-આક્રોશનો પહેલો ઉત્તર સંક્ષેપમાં દઈ ચૂક્યા છે. હવે તેઓ બીજા ઉત્તર તરફ વળે છે અને એમના મુખમાંથી જે શબ્દો નીકળે છે તે આપણને સૌને સાંખ્ય અને યોગમાં એક ભેદ બતાવે છે. જ્યારે બુદ્ધિને યોગમાં લગાડવામાં આવે છે — એ બુદ્ધિથી યોગમાં સ્થિત થઈને કર્મ કરવામાં આવે છે, તો અર્જુન પોતાનાં કર્મબંધનોને છોડાવી શકે છે, તે તેમણે ઉપર્યુક્ત ૩૯મા શ્લોકમાં સમજાવ્યું.

અહીં શ્રી અરવિંદના 'ગીતા પ્રબંધ'ના પરિપ્રેક્ષ્યમાં આ જટિલ કૂટપ્રશ્ન (પહેલી)ને થોડો સમજી લઈએ. ''ગીતા મૂલતઃ વેદાંત ગ્રંથ છે. વેદાંતના ત્રણ સર્વમાન્ય પ્રમાણગ્રંથોમાં એક તે ગીતા છે. એનો એટલો અધિક આદર છે કે તે શ્રુતિ ન હોવા છતાં પણ લગભગ તેરમા ઉપનિષદ રૂપે માન્યતા પ્રાપ્ત છે. તેના વૈદાંતિક વિચારોને કારણે તેના દર્શન પર એક વિલક્ષણ સમન્વય સાંખ્ય અને યોગની છાપ આવી ગઈ છે. આ સિદ્ધાંત અને વ્યવહારનું અદ્‌ભુત સંમિશ્રણ છે. ગીતાનું આ જ્ઞાન કર્મને જ્ઞાન અને ભક્તિના પાયા પર ખડું કરે છે. ગીતાનો સાંખ્યયોગ એક સ્વાભાવિક આત્મવિકાસની પ્રક્રિયા પર આધારિત છે. ગીતા ઈચ્છે છે કે કર્મના કેટલાક સિદ્ધાંતોનું અવલંબન લઈને જીવ પોતાનો ઉદ્ધાર કરે. નિમ્ન પ્રકૃતિમાંથી દિવ્ય પ્રકૃતિ તરફ આરોહણ કરે.'' વ્યાવહારિક અધ્યાત્મના રૂપમાં આ જ દિવ્યજ્ઞાન પરમપૂજ્ય ગુરુદેવે આપણને આપ્યું અને આપી જીવન જીવવાની કલા — નરમાનવમાંથી દેવમાનવ બનવાની દિશાધારા અને સૂત્ર. આ બધું જ તો ભગવાને આ શ્લોકોમાં સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

જેમ કોઈ શસ્ત્રક્રિયા સમજી-વિચારીને યોગ્ય પદ્ધતિથી થઈ રહી હોય તેમ ભગવાન અર્જુનના મનની અસમંજસને ધીરે ધીરે મિટાવી રહ્યા છે. અર્જુનને પાપનો ડર છે, દુઃખનો ડર છે — નરક અને દંડ મેળવવાનો ઈશ્વરનો ડર છે. પરંતુ જો તે ભગવાન કૃષ્ણની વાતને સમજી લે, તેના પર વિશ્વાસ રાખે તો આ મહાભયમાંથી મુક્તિ તેને તારી શકે છે. તેથી જ ભગવાન કહે છે — ''આ કર્મયોગ રૂપી ધર્મનું થોડુંઘણું સાધન પણ જન્મ-મૃત્યુ રૂપી મહાભયથી તારી રક્ષા કરશે. સ્વલ્પ સાધન પણ તને મુક્તિ અપાવશે.'' એક વાર પણ તેં આ માર્ગ પર ચાલવાનો પ્રયાસ કર્યો તો તું જોઈશ કે તારું એક ડગલું પણ વ્યર્થ નથી ગયું. કોઈ પણ અવરોધ એવો નહિ મળે જે તારી પ્રગતિને અટકાવી શકે. વારંવાર ભયભીત - શંકિત મનવાળા અર્જુનને આશ્વાસન આપતી, યોગેશ્વર કૃષ્ણની આ પ્રતિજ્ઞા કેટલી નિર્ભીક છે ! ગીતાના આ પ્રારંભિક ઉદ્‌ઘોષ સાથે જો આપણે ૧૯૪૦થી આજ સુધી ચાલ્યા આવતા ગુરુસત્તાના માર્ગદર્શનને જોડી દઈએ તો લાગશે કે આ યુગના મહાનાયક યુગકૃષ્ણ આપણને આ જ તો બતાવી રહ્યા છે. ગાયત્રીમંત્ર રૂપી સાધનામાં જાતને પ્રવૃત્ત કરીને તેનાં થોડાંક સાધન પણ જીવનનું અંગ બની જાય, તો આપણા જીવનનું કલ્યાણ સુનિશ્ચિત છે. એમાં ક્યાંય પણ બીજનો નાશ નથી કે નથી ઊલટા ફળસ્વરૂપ દોષ. આવું પણ વારંવાર બધાંને સમજાવીને ગુરુસત્તાએ કરોડો વ્યક્તિઓના જીવનની દિશાધારા બદલી દીધી. બુદ્ધિને સદ્‌બુદ્ધિમાં બદલવાની આ નાની શી ચિનગારીએ એક મહાદાવાનલ ખડો કરીને ક્રાંતિ આણી બતાવી છે, જેને સહજ સમજી શકાય છે.

ભગવાન અહીં કહે છે કે માનવી બુદ્ધિ બે પ્રકારની હોય છે. (૪૧ થી ૪૪ મો શ્લોક). પ્રથમ બુદ્ધિની વિશિષ્ટતા છે એકત્વ, એકાગ્ર સ્થિરતા, કેવળ પરમતત્ત્વને સમર્પિત. દ્વિતીય બુદ્ધિમાં કોઈ સંકલ્પ નથી, કોઈ એક નિશ્ચય નથી, તે જીવન અને પરિસ્થિતિમાંથી ઊઠતી ઈચ્છાઓની આગળ પાછળ ભટક્યા કરે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગીતામાં બુદ્ધિ શબ્દ આવે છે – મનનો વિવેક અને નિશ્ચય કરનારી સમસ્ત ક્રિયાના સંદર્ભમાં. આમ ભગવાન વ્યાવસાયિક અને અવ્યાવસાયિક બે પ્રકારની બુદ્ધિના રૂપનું વિશ્લેષણ કરે છે. બહુશાખાવાળી, બહુ ધંધાવાળી, અનેક વેપારોમાં વ્યસ્ત બુદ્ધિ પોતાના કર્તવ્યકર્મની ઉપેક્ષા કરે છે, ભગવાન એ બાબત સમજાવવાનો પ્રયાસ અહીં કરે છે. બુદ્ધિને ઊર્ધ્વમુખી અને અંતર્મુખી કરવી એ જ આપણું કર્તવ્ય હોવું જોઈએ – આ વાત સમજાવવા માટે ભગવાને આટલું મોટું સ્પષ્ટીકરણ અર્જુનને આપવું પડ્યું છે.

૪૧મા શ્લોકમાં ભગવાન કહે છે –

**વ્યવસાયાત્મિકા બુદ્ધિરેકેહ કુરુનન્દન ।**
**બહુશાખા હ્યનન્તાશ્ચ બુદ્ધયોઽવ્યવસાયિનામ્ ॥**

અર્થાત્ હે અર્જુન ! આ કર્મયોગમાં નિશ્ચયાત્મિકા બુદ્ધિ તો એક જ હોય છે, પરંતુ અસ્થિર વિચારવાળા વિવેકહીન સકામ મનુષ્યોની બુદ્ધિ નિશ્ચિતરૂપે બહુ ભેદવાળી અને અનંત હોય છે.

આપણે આમાં બે-ત્રણ શબ્દોને સમજવા જોઈએ – અસ્થિર વિચારવાળા, વિવેકહીન, સકામ, બહુ ભેદોવાળી તથા અનંત બુદ્ધિ. પહેલા ત્રણ શબ્દો એવા મનુષ્યો માટે પ્રયોજવામાં આવ્યા છે, જેઓ ધર્મને કર્તવ્યકર્મ નહીં, વ્યાપાર માને છે. ભગવાન સાથે પણ સકામ ભક્તિ કરે છે. કામનાની પૂર્તિ થાય તો ભગવાન છે, નહિતર નથી. આવા લોકોને વિવેકહીન કહીને ભગવાને તેમની બુદ્ધિ અનંત અર્થાત્ બહુદિશાવાળી, ભટકનારી અને અસ્થિર દર્શાવી છે. આગળ તેઓ કહે છે –

"હે અર્જુન ! જેઓ ભોગોમાં તન્મય થઈ રહ્યા છે, જેઓ કર્મફળનાં પ્રશંસક વેદવાક્યોમાં જ પ્રીતિ રાખે છે, જેમની બુદ્ધિમાં સ્વર્ગ જ પરમપ્રાપ્ય વસ્તુ છે અને જેઓ સ્વર્ગથી વિશેષ બીજું કાંઈ છે જ નહિ એવું કહેનારા છે, જે અવિવેકીજન આ પ્રકારની પુષ્પિત અર્થાત્ દેખાવની શોભાયુક્ત વાણી કહ્યા કરે છે, જે જન્મરૂપ કર્મફળ દેનારી તથા ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિ માટે અનેક પ્રકારની ક્રિયાઓનું વર્ણન કરનારી છે, એ વાણી દ્વારા જેમનું ચિત્ત હરાઈ ગયું છે, જે ભોગ અને ઐશ્વર્યમાં અત્યંત આસક્ત છે તેવા પુરુષોની બુદ્ધિ પરમાત્મામાં નિશ્ચયાત્મિકા હોતી નથી."

(૪૨ થી ૪૪ શ્લોક)

એક રીતે એમણે આજના યુગની સમીક્ષા જ કરી દીધી છે. ભોગવાદમાં લિપ્ત – દેખાવમાં ખૂબ સુંદર શોભનીય વાણી ઉચ્ચારનારી પરંતુ મનમાં ઐશ્વર્યની કામના રાખી બેઠેલી એવી વ્યક્તિ જેનું ચિત્ત સદાય ભૌતિકવાદમાં જ લિપ્ત છે તે આત્મકલ્યાણની વાત કેવી રીતે વિચારી શકે છે ? તથાકથિત ધર્મપરાયણ માનવામાં આવતો આજનો મોટા ભાગનો વર્ગ આ શ્રેણીમાં આવે છે.

વ્યવસાયાત્મિકા બુદ્ધિને ભગવાન શ્રી રામકૃષ્ણ પરમહંસ કહેતા – પટવારી બુદ્ધિ, બાંધ-છોડની બુદ્ધિ. આટલો ત્યાગ કરવાથી આટલું મળશે – આવી બાંધ-છોડ ન કરીને સંપૂર્ણ કામનાઓનો ત્યાગ જે કરે તેની જ બુદ્ધિ સાચી છે. એટલા માટે તો ભગવાન અર્જુનને કહે છે, "તું આસક્તિહીન બનીને યોગક્ષેમને ન ઈચ્છનાર તથા સ્વાધીન અંતઃકરણવાળો બન." (૪૫મો શ્લોક) અપ્રાપ્તની પ્રાપ્તિનું નામ છે – 'યોગ' અને પ્રાપ્ત વસ્તુની રક્ષા કરવાનું નામ છે 'ક્ષેમ'. આના જ માટે તેઓ કહી રહ્યા છે કે આને ન ઈચ્છીને તું સ્વાધીન અંતઃકરણવાળો બન. વ્યવસાયાત્મિકા બુદ્ધિને છોડીને સદ્બુદ્ધિને ગ્રહણ કર તેમ જ દ્વંદ્વોથી રહિત બનીને પોતાના કર્તવ્યકર્મમાં લાગી જા, સાથે જ કર્મોના ફળની કામના પણ ન કર.

હવે અહીં આપણે ગીતાના સર્વાધિક મહત્ત્વપૂર્ણ શ્લોક પર આવીએ છીએ જેનું ગાન યુગોયુગોથી કરવામાં આવતું રહ્યું છે. કર્મયોગ પ્રધાન – સાંખ્યયોગ પ્રધાન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કર્મ લઈને આ શ્લોક હજારો વર્ષોથી જનચેતનાનો પ્રેરણાસ્રોત રહ્યો છે.

**કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।**
**મા કર્મફલહેતુર્ભૂર્મા તે સંગોઽસ્ત્વકર્મણિ ॥**

અર્થાત્ "તારો અધિકાર કર્મ કરવામાં જ છે. તેના ફળોમાં ક્યારેય નહીં. એટલા માટે તું કર્મફળનો હેતુ ન બન તથા કર્મ ન કરવામાં પણ તારી આસક્તિ ન હોય."

અહીંથી માંડીને ૫૩મા શ્લોક સુધી જે વિવેચન આવ્યું છે, તે ગીતાનો મર્મ છે, વાસ્તવિક સાર છે, યોગની સાચા અર્થોમાં વ્યાખ્યા છે. ભગવાન કહી રહ્યા છે કે તને કર્મ કરવા સુધીનો જ અધિકાર પ્રાપ્ત થયો છે, તેનાં ફળ મળવાનો નહીં — ફળ ન મળ્યાં તો કેમ ન મળ્યાં — એ વિચારવાનો તારો જરાપણ અધિકાર નથી. કેટલાય લોકો ગીતાના આ વાક્યને મહાવાક્ય પણ કહે છે. પરંતુ ગીતાને જો સમજવી હોય તો તેની શરૂઆતથી અંત સુધી વિકાસાત્મક ક્રમથી તેને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. ગીતાકાર અહીં કહી રહ્યા છે કે મનુષ્ય કર્મનો કર્તા નથી, ત્રૈગુણ્યમયી શક્તિ જ તેને કર્મ કરાવે છે અને શિષ્યએ એ સ્પષ્ટરૂપે જોઈ લેવું અને શિક્ષણ ગ્રહણ કરવું પડશે કે કર્મનો કર્તા તે નથી. આપણને આપણી ચેતનામાં જેવી એમ અનુભૂતિ થવા માંડે છે કે આપણે આપણાં કર્મોના કર્તા નથી તેવો જ કર્મ ફલાધિકારની જેમ કર્માધિકાર પણ મન-બુદ્ધિમાંથી લય પામવા લાગે છે અને ત્યારે કર્મવિષયક તમામ અહંકાર પણ સમાપ્ત થઈ જાય છે. આગળના અધ્યાયોમાં આપણે જોઈશું કે ભગવાન અર્જુનને સમજાવી રહ્યા છે કે સાધકે ત્રિગુણાતીત બનીને પોતાનાં કર્મો તે પરમ પુરુષને સમર્પિત કરવાનાં રહેશે, જેને આપણે પરમેશ્વર કહીએ છીએ. તેના સંકલ્પ સાથે આપણા સંકલ્પનું તાદાત્મ્ય સાધવું પડશે, તેની ચેતનાથી સચેતન થવું પડશે, તેને જ કર્મનો નિર્ણય અને આરંભ કરવા દેવો પડશે. આ સમર્પણ જ મનુષ્ય માટે નિર્ધારિત યોગ છે — તેને નરમાંથી નારાયણ બનાવનાર, જીવથી બ્રહ્મ સાથે એકાકાર કરાવનાર મહાપુરુષાર્થ છે. તેની શરૂઆત અહીંથી કરવાની છે, જે ૪૭મા અને ૪૮મા શ્લોકમાં જણાવ્યું છે.

૪૮મા શ્લોકમાં ભગવાન કહે છે — "હે ધનંજય ! તું આસક્તિનો ત્યાગ કરીને તથા સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાન બુદ્ધિવાળો બનીને યોગમાં સ્થિત રહીને કર્તવ્યકર્મો કર. સમત્વને જ યોગ કહેવામાં આવે છે." — **"યોગસ્થઃ કુરુ કર્માણિ"** યોગમાં સ્થિત થઈને કર્મ કર. **"સંગં ત્યક્ત્વા"** — આસક્તિને છોડીને તથા **"સમત્વં યોગ ઉચ્યતે"** જે કાંઈપણ કર્મ કરવામાં આવે, તે પૂરાં થવામાં કે પૂરાં ન થવામાં તથા તેના ફળમાં સમભાવ રાખવાનું નામ સમત્વ છે અને એને જ યોગ કહેવામાં આવ્યો છે. આ ત્રણ મહત્ત્વપૂર્ણ વ્યાખ્યાઓ આ શ્લોકમાં આવી છે અને સાંખ્યયોગના મૂળ મર્મ સુધી આપણને લઈ જાય છે. જો આપણે જીવનની કોઈપણ જટિલતાનું સમાધાન જોઈતું હોય, તો આપણે 'યોગસ્થ' બનીને કર્મ કરવાની શૈલી શીખવી પડશે. એ જ આપણને શ્રેષ્ઠ જીવન જીવનાર કલાકાર, શ્રેષ્ઠ વ્યવસ્થાપક, પરિવારના શ્રેષ્ઠ અધિષ્ઠાતા બનાવી શકે છે. લોકસેવી બનીને યુગસાધના કરવાનું પરમપૂજ્ય ગુરુદેવે આપણને શીખવ્યું તો વારંવાર કહ્યું — યોગમાં સ્થિત થઈને પોતાનાં કર્મ કરો. ભવબંધનોથી આસક્તિ છોડો અને સમત્વનો ભાવ મનમાં લાવો. જો આપણે ઘરે રહીને પરિવાર ચલાવતાં ચલાવતાં પણ જીવન જીવવાનું ઈચ્છીએ, તો આ જ સૂત્ર આપણા જીવનનું માર્ગદર્શક બની જાય છે.

એક ખૂબ વિશેષ વાત આ શ્લોકમાં આવી છે — **"સંગં ત્યક્ત્વા ધનંજય"** — હે ધનંજય ! તું આસક્તિને છોડીને કર્મ કર. 'ધનંજય' એ અર્જુનનું ખૂબ પ્રખ્યાત નામ છે. પણ અહીં જ ભગવાને તેને આ નામથી સંબોધિત કેમ કર્યો ? એનો પ્રત્યુત્તર ખૂબ રોચક છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

'ધનંજય'નો અર્થ છે — ધનનો ખજાનો જીતીને આવનાર વિજયી પુરુષ. શ્રીકૃષ્ણ અહીં 'પાર્થ' પણ કહી શકતા હતા. અર્જુન પણ કહી શકતા હતા, પરંતુ જ્યાં સાધનો પ્રતિ આસક્તિ છોડીને યોગમાં સ્થિત થવાની વાત આવી રહી છે, ત્યાં કહી રહ્યા છે ધનંજય ! તું ખજાનો જીતીને લાવ્યો હતો. તને સિદ્ધિ પ્રાપ્ત છે, તું વૈભવશાળી છે, વીર છે પરંતુ આ સર્વ ભાવો પ્રતિ આસક્તિ છોડીને કર્મ કર. તું 'સમત્વ'ને ધારણ કર. સંતુલન — કર્મો પૂર્ણ થવામાં, પૂર્ણ ન થવામાં તથા તેના ફળમાં સમભાવ રાખવામાં વિશ્વાસ રાખ, કારણ કે આ જ વાસ્તવિક યોગ છે. સમત્વ એટલે સંતુલન. અર્જુન ખૂબ વધારે જ્ઞાની બને છે, પણ જ્ઞાનીઓ જેવું આચરણ નથી. અતિવાદી ન બનતાં મધ્યમ માર્ગ પર ચાલવું એ જ શ્રેષ્ઠ છે અને તે આસક્તિના ભાવોને છોડ્યા વિના આવી શકતો નથી.

આગળ ભગવાન કહે છે — "આ સમત્વ રૂપ બુદ્ધિ યોગથી સકામ કર્મ અત્યંત નિમ્ન શ્રેણીનું છે. એટલા માટે હે ધનંજય ! તું સમબુદ્ધિમાં જ રક્ષાનો ભાવ શોધ. જે ફળના હેતુ બને છે તેઓ અત્યંત હીન હોય છે." (શ્લોક ૪૯/૨). આ શ્લોકમાં સમબુદ્ધિ શબ્દ ખૂબ વિશિષ્ટ રૂપે પ્રયુક્ત થયો છે. બુદ્ધિમાં સમત્વ ભાવ લાવવો એ કાંઈ રમત વાત નથી. જે એમ કરે છે તે યુક્તપુરુષ - સ્થિતપ્રજ્ઞ બની જાય છે, જેની વ્યાખ્યા સાંખ્યયોગના ઉત્તરાર્ધના ૧૮ શ્લોકોમાં કરવામાં આવી છે. ભગવાન કહે છે કે યોગસ્થ બનીને કરવામાં આવેલ કર્મ કેવળ ઉચ્ચતમ જ હોય છે એમ નહિ, પરંતુ અત્યંત સમજદારીભર્યું, સાંસારિક વિષયોના પ્રસંગ આવે ત્યારે પણ અતિ શક્તિશાળી અને અમોઘ હોય છે. કારણ એ છે કે આમાં સર્વ કર્મોના સ્વામી ભગવાનનાં જ્ઞાન અને સંકલ્પ ભરેલાં હોય છે. એથી, ભગવાન આગળ કહે છે —

**તસ્માદ્યોગાય યુજ્યસ્વ યોગઃ કર્મસુ કૌશલમ્**

તું સમત્વરૂપી યોગમાં જ લાગેલો રહે. આ યોગ જ કર્મોમાં કુશળતાનો પર્યાય છે અર્થાત્ કર્મબંધનમાંથી છૂટવાનો ઉપાય છે. ભગવાન કહે છે કે આવો યોગી જન્મબંધનથી મુક્ત થઈને પરમપદને પામે છે (૫૧/૨). એટલા માટે તેઓ અર્જુનને મોહરૂપી કળણમાંથી ઊગરી આવવાનું જ કહેતા નથી, પરંતુ લોક તથા પરલોક સંબંધી ભોગોથી વૈરાગ્યપ્રાપ્તિનું આશ્વાસન પણ તેને આપે છે (૫૨/૨). આ યોગ કેવી રીતે પ્રાપ્ત થાય તે માટે તેઓ ૫૩માં શ્લોકમાં કહે છે કે "જાતજાતનાં વચનો સાંભળવાથી વિચલિત થયેલ તારી બુદ્ધિ જ્યારે પરમાત્મામાં અચલ અને સ્થિર થશે, ત્યારે તું યોગને પ્રાપ્ત કરીશ અર્થાત્ તારો પરમાત્મા સાથે નિત્ય સંયોગ થઈ જશે." અર્જુનની સમસ્ત જિજ્ઞાસાઓનો કેટલો સુંદર ઉત્તર છે ! કેટલાય ચડાવ ઉતાર પછી મમત્વથી ધમકાવ્યા બાદ યોગેશ્વર શ્રીકૃષ્ણ પોતાના શિષ્ય અર્જુનને એવી સ્થિતિમાં લાવી મૂકે છે કે તેનો શોક જ દૂર થતો જતો નથી, પરંતુ તે બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત યોગી બનવાની દિશામાં પણ અગ્રેસર બની રહ્યો છે, પરંતુ તેના પ્રશ્નો હવે જાગી ઊઠ્યા છે. તે જાણવા માગે છે કે તે બ્રહ્મમાં દૃઢ પ્રતિષ્ઠ યોગી કેવી રીતે બને ? આ પ્રશ્ન તથા તેના ઉત્તરની સાથે જ સાંખ્યયોગનો ત્રીજો અને અંતિમ અતિ મહત્ત્વપૂર્ણ પ્રસંગ શરૂ થાય છે — સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ, તે કેવો હોય છે, કેવી રીતે બોલે — ચાલે છે, તેનું આચરણ કેવું હોય છે, વગેરે. 'નિશ્ચલા' બુદ્ધિની વાત કહીને ભગવાને તેની જિજ્ઞાસાને જગાડી છે. સ્થિતપ્રજ્ઞ યોગીના સંબંધમાં વિશદ વ્યાખ્યા અને વિવેચના ત્યારબાદ આવે છે. દેહથી સ્વધર્મ આચરણથી માંડીને સમત્વ બુદ્ધિ યોગ, કર્મ કુશળતાવાળા યોગની વ્યાખ્યા અત્યાર સુધી આ લેખમાં થઈ છે. આનાથી આગળ આપણે આવતા અંકમાં જોઈશું.

● ● ●



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# 'રેકી'' અર્થાત્ ધ્યાન-ધારણાથી ચિકિત્સા

કેટલાંક પ્રતિપાદનોમાં વિચારની સરખામણી રેતીનાં કણો - રજકણો સાથે પણ કરવામાં આવી છે. તેઓ ક્યાંથી, કેવી રીતે આવે છે અને આંતરવ્યવસ્થાને પ્રભાવિત કરી ક્યાં ચાલ્યાં જાય છે તે જાણવું મુશ્કેલ છે. એ જ પ્રતિપાદનો અનુસાર વિચારોને કેન્દ્રિત અને સંકલિત કરવામાં આવે તો તેને પણ પથ્થરોની જેમ નક્કર અને તીરની જેમ તાકી શકાય તેવાં બનાવી શકાય છે. તેઓ બંદૂકમાંથી છૂટેલ ગોળીની જેમ લક્ષ્યને વીંધીને આરપાર જઈ શકે છે. જાપાનમાંથી શરૂ થયેલી અને સમગ્ર વિશ્વમાં ફેલાયેલી સ્પર્શ ચિકિત્સા પદ્ધતિ રેકીમાં પણ વિચારોની આ શક્તિનો જ મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે. ચિકિત્સક તેના શિક્ષણની શરૂઆત વિચારોને કેન્દ્રિત કરવાના પ્રયત્નથી જ કરે છે. આ પદ્ધતિનો મૂળ સ્રોત ભારતની યોગવિદ્યા છે. અહીં વિચારોને કારણ માનવામાં આવે છે. ભાવ, સંસ્કાર, શ્રદ્ધા, વગેરે પણ એ જ સ્રોતમાંથી નીકળે છે, જ્યાંથી વિચારો. એટલું જ નહીં આ તમામ એ જ સ્રોતમાંથી નીકળેલ તત્ત્વનાં જ સઘન-વિરલ સ્વરૂપ છે. બરફ અને બાષ્પની જેમ સંકલ્પ, વિચાર અને ભાવને પણ જળતત્ત્વનાં જ વિવિધ રૂપ કહેવામાં આવે છે.

સંકલ્પ, વિચાર અને ભાવની ઉત્પત્તિનું કેન્દ્ર મન છે. યોગશાસ્ત્ર આ ગંગોત્રીને જાળવવા પર ભાર મૂકે છે. રેકી નિષ્ણાતો ત્યાંથી નીકળતા પ્રવાહને સાધવાની તરફેણ કરે છે. પ્રયાસ ગમે તે દિશાએથી કરવામાં આવ્યો હોય, પણ સાચો અને સમગ્ર હોય, તો એક જ લક્ષ્ય સાધે છે. ચિત્તને સાધવામાં આવે અથવા તો તેમાંથી ઉદ્ભવતા વિચારોને સુવ્યવસ્થિત કરવામાં આવે, તો બન્નેથી એક જ હેતુ પાર પડે છે અને તે છે આંતરિક ઊર્જાનો વિસ્ફોટ.

રેકી નિષ્ણાતોનું માનવું છે કે વિચારોને કેન્દ્રિત કરવામાં આવે તો ઊર્જા જાગૃત થાય છે. તેઓને વેરવિખેર રહેવા દઈએ તો તેઓ ઊર્જા પણ અવરોધક બને છે. કણ પણ જો એમ જ વેરવિખેર ભટકતાં હોય તો શ્વાસથી પર્યાવરણ સુધી બધે જ અવરોધ ઊભા કરે છે, તેને સાચવી લેવામાં આવે તો તે ઊર્જામાં ફેરવાઈ જાય છે. વેરવિખેર વિચારો રોકવા માટે રેકીમાસ્ટર સાક્ષી ભાવ કેળવવાનું કહે છે. આ પ્રકારના શિક્ષણની શરૂઆત આ રીતે થાય છે કે મનમાં જેટલા પણ વિચારો - સંકલ્પો ઉદ્ભવે, તેની સામે કોઈ પણ પ્રકારની પ્રતિક્રિયા નહીં કરવામાં આવે. તેને ઊઠતા અને લય થતા ચૂપચાપ-શાંતિથી જોઈ રહો. મનમાં ગુસ્સો આવે છે, તો તે ક્યાંથી આવ્યો, ધુમાડો ક્યાં જાય છે અને આગ કોને બાળી રહી છે અને કેટલો સમય તે રહ્યો તે જુઓ. સાધકોનો અનુભવ છે કે આ સાક્ષીભાવ પછી ગુસ્સો શમી જાય છે. એક અન્ય અભ્યાસમાં કોઈ પણ ભાવ કે વિચાર ઉદ્ભવવાની સાથે જ ક્રિયાશીલ ન બની જવું જોઈએ. તેને અમલમાં મૂકવા માટે કે વ્યક્ત કરતાં પહેલાં થોડો સમય રોકાઈ જવું જોઈએ. ગુસ્સો આવે ત્યારે કાંઈ કરી બેસવા કરતાં પહેલાં દસેક મિનિટ રોકાઈ જાવ તો ગુસ્સો આપોઆપ શમી જાય છે. આસક્તિ, લોભ, અભિમાન, રાગ-દ્વેષ અને શત્રુતા-વિરોધના ભાવોને પણ શાંત ચિત્તે જોયા કરીએ તો તે પણ લય પામે છે. પછી મૂળસ્વરૂપ જ બાકી રહે છે.

વિચારો પ્રતિ સાક્ષી ભાવ કેળવવાથી તેમાં રહેલી મલિનતાનો નાશ થાય છે. રેકી માસ્ટર ગ્રેબિયલ કોજિન્સના મત પ્રમાણે તે પછી આત્મજ્ઞાન વિકાસ પામે છે. પ્રાચીન સમયમાં આત્મામાં વિદ્યમાન શોધશક્તિને જ વધુ મહત્ત્વ આપવામાં આવતું હતું. મધ્યકાળમાં પણ દેસ્કાર્ટીજ જેવા મનીષીઓએ અંતર્જ્ઞાનની જગ્યાએ વિચાર અને તર્કને પ્રાધાન્ય આપવાનું શરૂ કર્યું. એને વધુ પડતું મહત્ત્વ આપવાનું પરિણામ એ આવ્યું કે વિચાર અને તર્ક જ અંતિમ કસોટી બની ગયા. એમાં શુષ્કતા આવી ગઈ. વિચાર અને તર્કને જ કસોટી બનાવવામાં આવ્યા તો કેટલાક મનીષીઓએ પ્રશ્ન ઉઠાવ્યો કે આ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નિષ્કર્ષ પણ ભાવના સ્તર પર જ આવ્યો છે. જો આ નિષ્કર્ષ ભાવ અથવા અંતર્જ્ઞાન પરથી આવ્યો છે તો કસોટી નક્કી થાય તે પહેલાં જ પૂરી થઈ ગઈ. વિચાર અને તર્કના પ્રબળ આગ્રહવાળા તે યુગમાં આ સવાલને એક બાજુએ મૂકવામાં આવ્યો. બૌદ્ધિકતાના પ્રબળ આગ્રહે અંતર્જ્ઞાન, સૂક્ષ્મ ચેતના, દૈવી સહાયતાના સિદ્ધાંતનો અને વિજ્ઞાનનો ખરાબ રીતે નાશ કર્યો. આ જ પ્રકારના આગ્રહને લીધે પશ્ચિમના દેશોમાં ઓઝાઓ, પીર, ઓલિયા, અને ગૂઢ વિદ્યાઓના જાણકારોની કત્લેઆમ કરવામાં આવી. પોલા હૉરેન લખે છે કે સત્તરમી સદી પછીનાં અઢીસો વર્ષમાં દસ લાખ લોકોને એટલા માટે સળગાવી દેવામાં આવ્યા કે તેઓ આ પ્રકારની ગૂઢ વિદ્યાઓ જાણતા હતા. તેમાં તેઓની નિપુણતા હતી અને અંતર્જ્ઞાનના આધારે રોગ-બીમારીઓના ઈલાજ કરતા હતા.

આ સદીના પૂર્વાર્ધમાં આલ્બર્ટ સ્વાઈત્ઝરે ભાર દઈને કહ્યું કે ગૂઢ વિદ્યાઓને પણ તેનું વિજ્ઞાન છે, એ એટલું જ સાચું અને પ્રભાવી છે, જેટલું આધુનિક વિજ્ઞાન. આ ગૂઢ વિદ્યાના ક્ષેત્રમાં ઠગો અને ચાલબાજો પાર વિનાના છે, એ અલગ બાબત છે. પરન્તુ આધુનિક વિજ્ઞાન અને ચિકિત્સાપદ્ધતિમાં પણ ક્યાં ઓછા ઠગો અને દગાબાજો હોય છે ! સચ્ચાઈ એ છે કે ભૂતપ્રેત ભગાડનારા પીર-ફકીરો પણ સફળ થાય છે અને આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કરનારા દાક્તરો પણ. તફાવત માત્ર નિષ્ઠા, માન્યતા અને પ્રતિષ્ઠાનો છે. સ્વાઈત્ઝરના આ પ્રતિપાદનને, મનીષીઓએ આગળ વધાર્યું — તૃક, તથ્ય અને સાબિતી શોધ્યાં અને સાબિત કરી બતાવ્યું કે અંતર્જ્ઞાન, વિચાર અને તર્કની સરખામણીમાં અનેકગણું શક્તિશાળી અને પ્રભાવશાળી છે.

રેકીમાં પ્રયુક્ત અંતર્જ્ઞાન, વિચારની સૂક્ષ્મ અને સંગઠિત શક્તિને દિશા આપે છે. તેની સાથેસાથે ભાવ અને સંકલ્પને પણ એકાગ્ર કરી એવી શક્તિ કેળવવામાં આવે છે કે જે ખીલાની અણીથી પહાડ ખોદી નાખવા જેવું કામ કરી બતાવે છે. યોગ વિદ્યાની જેમ, ઊર્જા ઉપચારકો અથવા તો રેકી નિષ્ણાતો પણ માને છે કે આપણા શરીરમાં પણ એવાં કેટલાંય કેન્દ્રો છે જેને છેડવામાં આવે તો જુદા જુદા પ્રકારની ઊર્જાઓ અને ભાવલહેરો ઉત્પન્ન થાય છે. એનો સ્પર્શ એવી સંવેદનાઓ જગાડે છે જે અસ્તિત્વમાં કાં તો અદ્ભુત સામંજસ્ય લાવી દે છે અથવા તો અસાધ્ય વિષમતાઓ ઊભી કરી દે છે.

પોલા હૉરેને નરી બૌદ્ધિકતા કે શુષ્ક તર્ક અને વિચારોની વ્યર્થતા સિદ્ધ કરતાં લખ્યું છે કે આપણે બુદ્ધિવાદના અતિશય આગ્રહવાળા યુગમાં જીવી રહ્યા છીએ. આ આગ્રહ એટલો વધી ગયો છે, છતાં આપણી સામે આભમાં ન સમાય એટલી સમસ્યાઓ છે. રોજ-બ-રોજ નવી ઊભી થતી અને જૂની સમસ્યાઓએ સાથે મળીને જે સંકટ ઊભું કર્યું છે એનાથી સિદ્ધ થાય છે કે સમાધાન બુદ્ધિવાદની પાસે નથી. તે મદદરૂપ તો થઈ શકે છે પરંતુ આપણે તેને એ સારતત્ત્વની સામે નહીં રાખી શકીએ કે વસ્તુતઃ આપણે શું છીએ ? આ દિશામાં ભૂલસુધારણાનું પ્રથમ પગલું એ હોવું જોઈએ કે આપણે આપણા અદશ્ય અંતર્જ્ઞાનનો વિકાસ કરીએ.

કોજિન્સ, પોલા, નૈરીમેયો, ઈયાશી વગેરે પરિવર્તકોએ વિચાર અને તર્ક પર કાબૂ મેળવવા માટે ચક્રોના ધ્યાન પર ભાર મૂક્યો. એવો અનુભવ કરવામાં આવ્યો છે કે ચક્રો પર ધ્યાન કરવાથી ભાવના કેન્દ્રોને જાગૃત કરવામાં મદદ મળે છે. ભાવકેન્દ્રો જાગૃત થવાથી ચિત્તની વૃત્તિઓ એકાગ્ર બને છે. એકાગ્રતા, શક્તિના અખંડ સ્રોત સાથે જોડે છે અને તેમ થતાં સામર્થ્ય-સિદ્ધિમાં કોઈ કસર બાકી રહેતી નથી.

રેકી માસ્ટર જે કેન્દ્રો પર ધ્યાન કરાવે છે તેમાં મૂલાધાર ચક્ર મુખ્ય છે. કામકેન્દ્ર કહેવાતા આ ચક્ર પર ધ્યાન ધરવાથી ભાવજગતમાં ઊંડી ડૂબકીઓ ખાવા મળે છે. એક વખત જો ત્યાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો આજ્ઞાચક્રની ક્ષમતાઓ પણ જાગૃત થવા માંડે છે. કુંડલિની વિજ્ઞાનમાં મૂલાધાર ચક્રને કામકેન્દ્ર માનવામાં આવે છે. જ્યાં આત્મશક્તિના પ્રચંડ વેગરૂપે કુંડલિની સુષુપ્તાવસ્થામાં છે, એને જાગૃત કરવામાં આવે તો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આજ્ઞાચક્ર સુધીની યાત્રાની શરૂઆત થઈ જાય છે. જાગૃત થવાની આ યાત્રા સાધકને અપૂર્વ સંભાવનાઓથી ભરી દે છે.

રેકીનો પ્રયોગ અથવા તો અભ્યાસ કરનાર સાધક ચક્રો પર ધ્યાન ધરવા માટે પદ્માસન વાળીને બેસે છે. અમુક પરિસ્થિતિઓમાં ખુરશી પર બેસવાની છૂટ છે, પરન્તુ કરોડરજ્જુ સીધી જ રાખવી જોઈએ. પીઠ, ગળું અને માથું ખૂંટીએ કપડાં ટીંગાડ્યા હોય તેમ સીધાં અને સ્થિર રહેવાં જોઈએ. શરીરને સીધું અને સ્થિર રાખીને ધીમેધીમે ઊંડો શ્વાસ લેવામાં આવે છે. મોં ખુલ્લું રહે છે. ત્યાંથી હવા અંદર લઈ જઈને ફેફસાંમાં ભરવા પ્રયત્ન કરવામાં આવે છે. શ્વાસ બહાર કાઢવાની પ્રક્રિયા નાકમાંથી થવી જોઈએ. આને રેકી પ્રાણાયામ કહેવામાં આવે છે.

પ્રાણાયામના અભ્યાસ સાથે ભાવના કરવામાં આવે છે કે સોનેરી પ્રકાશનો એક પુંજ મસ્તિષ્ક પર ઘૂમી રહ્યો છે. ચક્રની ગતિથી ઘૂમતો પ્રકાશપુંજ મસ્તિષ્કની ઉપરથી ઊતરતો નીચેની તરફ આવી રહ્યો છે. સૌ પ્રથમ એ સહસ્રારમાં પહોંચે છે. ત્યાં તે રીંગણી (જાંબલી) રંગની આભાથી ચમકી રહ્યો છે. સહસ્રાર ચક્રમાં એક પ્રાણાયામ પૂરો થાય ત્યાં સુધી પ્રકાશપુંજને સ્થિર રાખ્યા પછી એવી ભાવના કરવામાં આવે છે કે એ આજ્ઞાચક્ર સુધી આવી ગયો છે. આજ્ઞાચક્રમાં એ આસમાની આભા સાથે ચમકી રહે છે. અભ્યાસ દરમિયાન શ્વાસ ખેંચવાના સમયે પ્રકાશપુંજ મોટો થવાની અને શ્વાસ છોડતી વખતે આંખોની સામે સ્પષ્ટ થવાની ભાવના કરવામાં આવે છે. પ્રાણાયામ અને પ્રકાશપુંજના ધ્યાનની પ્રક્રિયા સાથેસાથે ચાલવી જોઈએ. આ ધ્યાનના સમયે અંતર્જ્ઞાનના વિકાસનો ભાવ પણ કરવામાં આવે છે. આજ્ઞાચક્ર પછી પ્રકાશપુંજને વિશુદ્ધિચક્રમાં ઉતારવામાં આવે છે. ઘાટ્ટા નીલા રંગનો પ્રકાશપુંજ અહીં નીલકમલ જેવા રંગમાં રૂપાંતરિત થાય છે. વર્ણ ફરીથી એકવાર થોડો બદલાઈ જાય છે અને લીલા નીલમણિ રંગથી આચ્છાદિત થઈ જાય છે. પ્રકાશની આભા પહેલાંની જેમ જ સોનેરી હોય છે. શ્વાસની સાથે પ્રકાશ અંદર જવાની અને છોડેલ શ્વાસની સાથે પ્રકાશ બહાર નીકળીને આજુબાજુના લોકો પર છવાઈ જવાની ભાવના કરવામાં આવે છે.

રેકી નિષ્ણાત વિશુદ્ધિ પછી અનાહત ચક્રમાં પ્રકાશપુંજને સ્થિર કરવાનું કહે છે. પ્રકાશનો રંગ અહીં આછો થઈ જાય છે. લીલા રંગમાં દેખાતી નીલી આભા વિખરાઈ જાય છે. અનાહત પછી મણિપુર ચક્રમાં પણ આ જ ધ્યાન-ભાવના બેવડાવવામાં આવે છે. અનાહત પ્રેમનું કેન્દ્ર છે. જ્યાંથી પ્રેમ અને સદ્‌ભાવનાનો પ્રકાશપુંજ શ્વાસની સાથે બાહ્ય જગતમાં પહોંચે છે. મણિપુર ચક્રમાં પ્રકાશપુંજની આભા પીતવર્ણી બની જાય છે. તે, મણિપુર ચક્રમાં સ્થિર થઈને જ્ઞાન અને શક્તિનો સંચાર કરે છે.

ત્યાર પછીનું ચક્ર સ્વાધિષ્ઠાન છે. જ્યાં પ્રકાશની આભા સિંદૂરી-સોનેરી થઈ જાય છે. સ્વાધિષ્ઠાન શાંતિ અને નિસ્તબ્ધતાનું કેન્દ્ર છે. પ્રાણાયામનો અભ્યાસ ચાલુ રાખતાં એવી ભાવના કરવામાં આવે છે કે ચિત્તમાં તે જ ભાવ પ્રબળ થઈ રહ્યા છે. શ્વાસ છોડતી વખતે પ્રકાશનાં કિરણો સૌંદર્ય અને શાંતિનો ફેલાવો કરી રહ્યાં છે. ચક્રોના ક્રમમાં આ પછી છેલ્લી સીડી બાકી રહે છે. મૂલાધાર ચક્રમાં સ્થિર થઈને પ્રકાશ સમગ્ર શરીરમાં પ્રસરી જાય છે. શ્વાસ છોડતી વખતે પ્રેમ અને સર્જનની ભાવના આસપાસના વિશ્વમાં પ્રસરી રહી છે. મૂલાધારથી શરૂ કરી પ્રકાશપુંજને ફરી એકવાર સ્વાધિષ્ઠાન ચક્રમાં લઈ જવામાં આવે છે. જ્યાં પ્રકાશની સ્થિર પ્રતિષ્ઠા થાય છે. ભાવના કરવામાં આવે છે કે ધ્યાન-ધારણા હવે વિશ્રામની કક્ષાએ પહોંચી રહ્યાં છે. ધીરે ધીરે આંખો ખોલવામાં આવે છે અને ચિત્તને સ્થિર-શાંત કરવામાં આવે છે. સ્વાભાવિક સ્થિતિમાં પાછા ફરતાં આપણા સંપર્કો અને નજીકની વસ્તુઓ પ્રત્યે સહજ બનવામાં આવે છે. રેકી માસ્ટરો, પ્રાણચિકિત્સાવિદો અથવા સ્પર્શ ઉપચારનું શિક્ષણ આપનાર વિદ્વાનોનો દાવો છે કે ધ્યાનની આ પદ્ધતિ વ્યક્તિત્વમાં ઊર્જા અને સંવાદિતાનું સામંજસ્ય લાવે છે.

● ● ●


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# કાયાકલ્પ કેવી રીતે કરશો ?

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

દેવીઓ, ભાઈઓ ! મનુષ્યને બે દુઃખ છે. એક દુઃખનું નામ છે — 'નરક' અને બીજાનું નામ છે 'બંધન' આ બે બાબતોમાંથી મનુષ્ય નીકળી જાય તો આખા સંસારમાં સુખ જ સુખ છે. બંધન શું છે ? બંધન એ છે કે જેમાં અમે અને તમે જકડાઈ જઈએ છીએ. એ પક્ષીની કલ્પના કરો જે પિંજરામાં પુરાયેલું છે. જે કાંઈ આવે છે કે મળી જાય છે તે ખાઈ લે છે. દાણા તો ખાઈ લે છે, પરંતુ બંધનમાં જકડાયેલ હોવાથી કાંઈ કરી શકતું નથી. બંધનને કારણે ખુલ્લી હવા લઈ શકતું નથી કે ક્યાંય આકાશ જોઈ શકતું નથી કે ક્યાંય વાદળો જોઈ શકતું નથી. કશું જોઈ શકતું નથી અને નાના પિંજરામાં દિવસો ગુજારતું રહે છે.

બંધનમાં બંધાયેલી વ્યક્તિ કેવી હોય છે ? જેલખાનામાં કેદી વિશે આપ જાણો છો ને, તે ચારેય બાજુથી જકડાયેલો હોય છે, હાથ જેના બાંધેલા હોય છે, પગ જેના બાંધેલા હોય છે, ગળામાં દોરડું નાખેલું હોય છે. આજકાલ તો એટલું નથી હોતું, પરંતુ પહેલાંના સમયમાં કેદખાનામાં માણસો રાખવામાં આવતા હતા. તેમના હાથોમાં હાથકડીઓ કાયમ માટે રહેતી હતી. તેઓ કશું જ કરી શકતા નહોતા. પગમાં બેડીઓ બાંધેલી રહેતી હતી. ગળામાં દોરડું બાંધેલું રહેતું હતું. બિચારો કશું જ કરી શકતો નહોતો. જેવી રીતે ઘોડાને આગળ તથા પાછળ લગામ લગાવી દે છે એવી જ રીતે કેદીને રહેવું પડતું હતું. જે લોકો તે સમયમાં રહેતા હતા, એમના દુઃખની કલ્પના આપ કરી શકો છો કે ત્યારે મનને કેટલું સમજાવવું પડતું હશે.

મિત્રો, આપણી યોગ્યતા, પ્રતિભા, ભગવાનનો આપેલો આ સંસાર અને આપણી ક્ષમતા — આ બધાનો આપણે જરા પણ ઉપયોગ નથી કરી શકતા. બધું જ અસ્તવ્યસ્ત થઈ જાય છે. ત્યારે શું કરવું જોઈએ ? આપણાં શાસ્ત્રોમાં માનવી માટે સૌથી મોટો પુરુષાર્થ એક જ બતાવવામાં આવ્યો છે. એ કયો બતાવવામાં આવ્યો છે ? તે છે — ''બંધનોમાંથી મુક્તિ''. બંધનોમાંથી મુક્તિ મળી જાય તો માનવી કેટલો સુખી થઈ શકે છે ? મુક્તિનો અર્થ લોકો બીજી રીતે જ સમજે છે. સાયુજ્ય મુક્તિ, સારૂપ્ય મુક્તિ, સાંનિધ્ય મુક્તિ અને સાલોક્ય મુક્તિ. મુક્તિની કલ્પના એ રીતે લોકોએ પોતાનામાં ભરી રાખી છે કે ભગવાન નામની કોઈ વ્યક્તિ છે. એનું એક મોટું એવું વૈકુંઠ નામનું ગામ છે. આ ગામમાં નવરા માણસો બેસી રહે છે. ભગવાનની નજીક બસ બેસી જ રહે છે, નથી કાંઈ કરતા અને નથી કાંઈ કરવા દેતા. બસ એમની નજીક સાંનિધ્ય મુક્તિ, સાલોક્ય મુક્તિના લોભમાં રહે છે. ખાવા-પીવાની બધી જ વસ્તુઓ ભરેલી પડી છે. બસ એમાં જ પરોવાયેલા રહે છે. આ સાલોક્ય મુક્તિ છે, સારૂપ્ય મુક્તિ છે. એનું સ્વરૂપ કેવું છે ? એનું રૂપ ભગવાન જેવું છે. ભગવાનનું રૂપ ખૂબ સુંદર છે. અમારું રૂપ પણ ખૂબ સુંદર થઈ ગયું છે. ખાવા-પીવાની બધી વ્યવસ્થા સાલોક્યમાં છે. અમે પણ તેમાં સામેલ થઈ ગયા છીએ. સામીપ્યમાં ચોવીસ કલાક બેઠા રહ્યા. ભગવાનની નજીક શું સુગંધ આવી રહી છે ? પંખા વીંઝાતા રહે છે, ભગવાનની નજીક ! આ પ્રકારની કલ્પના મુક્તિ વિશે લોકોએ કરી રાખી છે. વાસ્તવમાં આ કલ્પના બાળકો જેવી છે. આનાથી શું લાભ થઈ શકે ?

મુક્તિનું માહાત્મ્ય દરેક આધ્યાત્મિક શાસ્ત્રીએ શિખવાડ્યું છે અને એ બતાવ્યું છે, સંભળાવ્યું છે કે જે વ્યક્તિ મુક્તિની અધિકારી બની જાય છે તે જીવનમાં સફળતા પ્રાપ્ત કરી લે છે. જીવનમુક્ત અને પ્રભુપ્રાપ્તિ જેવા અર્થોમાં લેવામાં આવી છે. જીવનમુક્ત કોને કહેવાય છે ? જીવનમુક્ત એને કહે છે, જેનું જીવન બંધનોથી મુક્ત થઈ ગયું છે, જે પિંજરામાંથી નીકળી ગયો છે, જે જેલમાંથી છૂટી ગયો છે. જે બાળક માતાના પેટમાં નાની જગ્યામાં બેસી રહે છે તે ન તો હલી શકે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે, ન ડોલી શકે છે, ન બોલી શકે છે, ન વાત કરી શકે છે, ન શ્વાસ લઈ શકે છે. એમાંથી જ્યારે પ્રસૂતિ થઈ જાય છે, જન્મ થઈ જાય છે ત્યારે તે મુક્ત બની જાય છે. આપ સાંસારિક મુક્તિનો અર્થ સમજી ગયા હશો ને ? સારું, હવે એ વાત વિચારો કે મોહથી મુક્તિ શું છે ? બંધનોથી મુક્તિ શું છે ?

બંધનોથી મુક્તિ એ છે કે જેવી રીતે આપણી વિચારણાઓ, ભાવનાઓ છે અને આપણી ક્રિયાશીલતા છે, જે બંધનોમાં જકડાઈ ગઈ છે, એ બંધનોને આપણે તોડી નાંખીએ, છોડી દઈએ તો આપણે જીવનમુક્ત બની જઈએ છીએ. વાસ્તવમાં આ જ જીવનમુક્તિ છે, લોકોનો જે એ ખ્યાલ છે કે સ્વર્ગમાં જઈને મુક્તિ મળે છે, વ્યક્તિ સ્વર્ગમાં ક્યાંક બેસી રહે છે કે ભગવાનજીના માલગોદામમાં ક્યાંક જમા થઈ જાય છે. બેટા ! ન ક્યાંય ભગવાનજીનું માલગોદામ છે, ન ક્યાંય માણસ બેસી રહે છે. મુક્તિ ફક્ત જીવનમાં જ હોય છે. જીવનમુક્ત વ્યક્તિ હોય છે, જેને ઋષિ કહેવાય છે, તત્ત્વદર્શી કહેવાય છે, જેને મનીષી કહેવાય છે. મુક્તિ કેવળ માનવજીવનમાં જ સંભવ છે.

તો શું કરવું જોઈએ ? એ જ તો હું આપને નિવેદન કરી રહ્યો છું, શું કરવું જોઈએ ? આપ સૌએ ત્રણ બંધનોથી છુટકારો મેળવી લેવો જોઈએ. આપ અહીં શાંતિકુંજમાં આવ્યા છો. કલ્પસાધના કરી રહ્યા છો, ઉપાસના કરી રહ્યા છો તો આપ સૌ એ શું કરવું જોઈએ ? આપ સૌએ ત્રણ બંધનોથી મુક્તિ મેળવવી જોઈએ. આપ કોશિશ કરો કે ત્રણ બંધનોને તોડી શકાય. જો આપ ઇચ્છો તો આ ત્રણ બંધનોને તોડી શકો છો. કરોળિયો જાળું જાતે જ બનાવે છે અને એમાં પોતે જ ફસાઈ જાય છે અને ફસાઈ ગયા પછી એને ભાન થાય છે કે જાળું મારા માટે નુકસાનકારક છે અને મારે જાળામાં ન રહેવું જોઈએ તો એ શું કરે છે ? આખું જાળું પોતાના મ્હોંમાં સમેટી લે છે અને ગળી જાય છે તથા ભાગી જાય છે.

મિત્રો ! આ આપણું બંધન પણ, જે ચોતરફથી આપણને જકડી રાખે છે, વાસ્તવમાં કોઈ બીજી બહારની શક્તિની તાકાત નથી. કોઈ બહારની શક્તિમાં એટલી ક્ષમતા અને તાકાત નથી કે તે માણસને જકડી શકે. ભગવાનના પુત્રોને ભલા કોણ જકડી શકે ? મનુષ્યને બંધનમાં કોઈ નથી રાખી શકતું. બંધનોમાં આપને કોણ જકડી શકે છે. બંધનોમાં જકડવા માટે તેનું પોતાનું જ અજ્ઞાન, પોતાની જ બેવકૂફી, પોતાના જ કુસંસ્કાર છે, જેણે આપને જકડી લીધા છે, તે કયાં કયાં બંધન છે ? એમાંથી એકનું નામ છે – 'લોભ', એકનું નામ છે – 'મોહ' અને એકનું નામ છે – અહંકાર'. આ ત્રણ આપણા શત્રુ છે. ગીતાના ત્રીજા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે –

**કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ ।**
**મહાશનો મહાપાપ્મા વિદ્ધયેનમિહ વૈરિણમ્ ॥**

આ ત્રણેય સૌથી મોટાં બંધન અને વેરી છે. આપના આ ત્રણેય દુશ્મનો સામે – રાવણ, કુંભકર્ણ અને મેઘનાદ સામે જો આપ ફાવી જશો તો મજા આવશે. જો આપ કંસ, જરાસંઘ, વગેરેનો સામનો કરી લેશો તો મજા આવશે. આ ત્રણ આપના દુશ્મન છે. એમણે આપની જિંદગીને કેવી ભયાનક બનાવી દીધી છે ? કેટલી હલકી બનાવી દીધી છે ? કેટલી અસ્તવ્યસ્ત બનાવી દીધી છે ? જો તે આપના જીવનને અસ્તવ્યસ્ત ન બનાવે તો આપ આપને પોતાને જોઈ શકો છો કે આપના જીવનમાં કેટલો કાયાકલ્પ થઈ શકે છે અને આપ વર્તમાન પરિસ્થિતિઓની સરખામણીમાં થોડાક જ દિવસોમાં ક્યાંથી ક્યાં પહોંચી શકો છો. આપ આ દુશ્મનો સામે સાવધાન થઈ જાવ અને તેમને તોડવા માટે પ્રયત્ન કરો.

લોભ શું છે અને તેને કેવી રીતે તોડી શકાય ? લોભ કહેવાય છે અનાવશ્યક સંગ્રહને. માણસને ગુજરાન માટે મુઠ્ઠીભર વસ્તુઓની જરૂરત છે. માણસને મુઠ્ઠીભર વસ્તુઓ જોઈએ અને તેનાથી તેનું ગુજરાન થઈ જાય છે. માણસનું પેટ કેટલું નાનું હોય છે ? ભેંસનું પેટ કેટલું મોટું હોય છે ? પરંતુ માણસનું પેટ તો કેટલું નાનું છે ? થોડુંક જ છે. એના માટે થોડું ચાર મુઠ્ઠી અનાજ પૂરતું હોવું જોઈએ. પરંતુ માણસના લોભને તમે જોયો છે ને ? તે કેટલો લાલચુ , કેટલો સંગ્રહખોર, કેટલો વિલાસી હોય છે. કેટલુંય ભેગું કરે છે છતાંય ચોવીસે કલાક ભેગું કરવા માટે મરી જતો, ખૂંપેલો રહેતો, આકુળવ્યાકુળ રહેતો હોય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંસારમાં ઘણી જાતના નશા છે જેની લોકોને આદત પડી જાય છે. દારૂડિયાને નશાની આદત પડી જાય છે અને તે વારંવાર દારૂ માંગે છે. એવી જ રીતે લાલચ એક શરાબ છે. માણસની જરૂરિયાત શું છે અને કેટલી છે ? જરા પણ નહીં. બિનજરૂરી પોતાના અહંકારને વધારવા માટે, પોતાનાં બાળકો અને ઘરના સભ્યોને બરબાદ કરવા માટે, પાછળ ઝઘડા ઉત્પન્ન કરવા માટે અને દુર્વ્યસન પેદા કરવા માટે ફક્ત ધનસંગ્રહ કરતો રહે છે. જિંદગીનો બધો જ ભાગ તેમાં ખર્ચાઈ જાય છે. આપ સૌએ આ લાલચને છોડવી પડશે. આપ સૌએ આ લોભને છોડવો પડશે.

એના માટે આપ સૌએ શું કરવું પડશે ? આપ શું કરશો ? આપ સૌએ સાદું જીવન અને ઉચ્ચ વિચારના સિદ્ધાંતોનો સ્વીકાર કરવો પડશે. ઊંચા વિચાર ફક્ત એ વ્યક્તિ પાસે આવી શકે છે જે સાદું જીવન જીવે. સાદા જીવનનો સંબંધ ઠાઠમાઠ સાથે નથી પરંતુ લોભ લાલચ સાથે છે. આપ લોભ અને લાલચ આપના મનમાંથી કાઢી નાંખો અને ગુજરાનની વાત વિચારો તો આપ થોડાક જ કલાક મહેનત કર્યા પછી આપનું પોતાનું પેટ ખૂબ આનંદથી ભરી શકો છો. રહી કુટુંબીઓની વાત, તો તેઓની વાત પણ એવી જ છે, જેને 'મોહ' કહેવાય છે. લોભનો ફેલાઈ ગયેલો વિસ્તાર જે કુટુંબ સુધી ફેલાય છે તેનું નામ 'મોહ' છે, અને જે પોતાના સુધી સીમિત રહે છે, ધન સુધી સીમિત રહે છે તેનું નામ 'લોભ' છે, અને જે કુટુંબીઓ સુધી ફેલાઈ જાય છે એનું નામ મોહ છે.

કુટુંબીઓ પ્રત્યે આપની જવાબદારીઓ તો છે જ, હું એમ નથી કહેતો કે આપની જવાબદારી નથી. જવાબદારી તો આપની દરેક પ્રત્યે છે. આપની જવાબદારી આપના શરીર પ્રત્યે પણ છે, મસ્તિષ્ક પ્રત્યે પણ છે. જીવન પ્રત્યે પણ આપની જવાબદારી છે. ભગવાન પ્રત્યે પણ આપની જવાબદારી છે. આપની બહુ જ જવાબદારીઓ છે. આ બધી જ જવાબદારીઓને આપ સહયોગથી નિભાવો. એમાં આપનું કુટુંબ પણ સામેલ છે. કુટુંબીઓ સામેલ હોવાનો અર્થ એ નથી કે કોણ કેવું છે ? એ બધાની લાલચ આપ પૂરી કરો છો કે કેમ ? કુટુંબીઓની લાલચ આપ પૂરી ન કરો. કુટુંબીઓની બિનજરૂરી આવશ્યકતાઓને અને અનાવશ્યક માગણીઓને આપ સ્વીકારશો નહીં તો આપ શું કરશો ? જો તેઓ માંગે તો પણ નહીં અને ન માંગે તો પણ નહીં. જે ચીજવસ્તુની જરૂર હોય એ જ આપો.

આપના કુટુંબીઓને શેની જરૂર છે. આપના કુટુંબીઓને ત્રણ ચીજોની જરૂર છે. પહેલી જરૂરિયાત છે – શિક્ષણ. આપના કુટુંબીઓએ શિક્ષિત થવું જોઈએ. સ્કૂલના શિક્ષણની હું વાત નથી કરતો, પરંતુ હું એ કહું છું કે સ્કૂલનું શિક્ષણ આપની પાસે ન પણ હોય છતાં જેને શાલીનતા કહે છે, સભ્યતા કહે છે, સજ્જનતા કહે છે તે તો હોવી જ જોઈએ. શિક્ષણનો સંબંધ સભ્યતા, શાલીનતા અને સજ્જનતા સાથે છે. આપ આપના ઘરના સભ્યોને તૈયાર કરો. એમનો વ્યવહાર એવો બનાવો, એમની વિચારવાની પદ્ધતિ એવી બનાવો, જાણકાર બનાવો, શિક્ષિત બનાવો. જો આમ કરી શકો તો હું સમજું છું કે આપે આપના ઘરના સભ્યોને આજીવિકાથી પણ વધુ, જીવન બનાવવાથી પણ વધુ, રેશમનાં કપડાં સીવડાવવાથી પણ વધુ, સોના-ચાંદીનાં ઘરેણાં બનાવી આપવાથી પણ વધુ તેમની મદદ કરી. આથી આપે મોહ કરતાં શિક્ષણ પાછળ ખર્ચ કરવો જોઈએ.

મિત્રો ! શિક્ષણની સાથે-સાથે શું કરશો ? પોતાના દરેક કુટુંબીને સ્વાવલંબી બનાવો. કોઈને પરાવલંબી ન બનવા દેશો. આપ આપની પત્નીને સ્વાવલંબી બનાવો, ઢીંગલી ન બનાવશો. એને આપ એમ ન કહેશો કે આપે પાણી નથી ભરવાનું, ખેતી નથી કરવાની, આપ ખાવાનું ન બનાવશો તે તો નોકરાણી બનાવશે. આપનાં કપડાં નોકરાણી ધોશે, આપ પંખા નીચે બેસી રહો, એવું ન કહેશો. આપ એને સ્વાવલંબી બનવા દો.

ભગવાન ન કરે ક્યારેય એવો ખરાબ દિવસ આવે જ્યારે આપ ન હો. ભગવાન ન કરે એવો દિવસ આવે કે આપની સંપત્તિ ચાલી જાય. પછી આપ શું કરશો ? આપે તો આપની સ્ત્રીને ઘૂંઘટમાં રાખીને અપંગ બનાવી દીધી. એને મહેનત ન કરવા દીધી, પરિશ્રમ ન કરવા દીધો, ધન ઉપાર્જન યોગ્ય બનાવી નહીં, ક્ષમતા વધારી નહીં. આજે દરેક વ્યક્તિની અંદર ઉપાર્જનની ક્ષમતા ઉત્પન્ન થવી જોઈએ. આપ આપના કુટુંબીઓ માંથી દરેકમાં ઉપાર્જનની ક્ષમતા ઉત્પન્ન થવા દો, વધવા દો, બાળકો થોડાં મોટાં થઈ ગયાં છે તો એમને કામમાં મદદ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરવા દો, જેથી તેઓ જે ઘરનું અનાજ ખાય છે તે સંસ્થાને થોડી મદદ તો કરે. એમને દળવા-ખાંડવાનું શિખવાડો, પાણી ભરવાનું શિખવાડો, શાકભાજી ઉગાડવાનું શિખવાડો, કપડાં ધોવાનું શિખવાડો, જેથી તેઓ પોતાના ઘરની આર્થિક સ્થિતિમાં કાંઈક મદદ કરી શકે. આપ એમને સ્વાવલંબી બનાવો, પરિશ્રમશીલ બનાવો.

મિત્રો ! જો આપે આપના ઘર-ગૃહસ્થીવાળાઓને સ્વાવલંબી ન બનાવ્યા તો તે આપનો મોહ છે. જો આપ આપના ઘરના સભ્યોની અનાવશ્યક બાબતોને, ઇચ્છાઓને પૂરી કરવા માટે, ઘરેણાં ખરીદવાથી માંડીને સિનેમા બતાવવા સુધી અર્થાત્ એ બાબતો જે તેમના જીવનને વિકસિત કરવા માટે જરૂરી નથી, ફક્ત તેમના મનોરંજન માટે છે તેવી આદત અને માનસિક ગાંડપણને પૂરાં કરવા માટે જે માંગે છે તેને આપ પૂરી કરો છો તો તે આપનો 'મોહ' બની જાય છે. તેની જગ્યાએ તેઓને સંસ્કારવાન બનાવો, સભ્ય બનાવો, શિક્ષિત બનાવો, સ્વાવલંબી બનાવો. જો આપ આ ત્રણેય કામ કરવા માટે જેટલી મહેનત કરો છો, હું માનું છું કે આપ આપના કુટુંબીઓ માટે કર્તવ્યપાલન કરી રહ્યા છો.

જો આપ કુટુંબીઓની માંગણીઓ, ઇચ્છાઓ અને દબાણોને એટલા માટે પૂરી કરો છો કે કુટુંબી આપનાથી પ્રસન્ન રહેશે અને પ્રસન્ન રહેવાથી બાળકો આપની આજ્ઞા માનશે અને પત્ની આપની કામવાસનાની પૂર્તિ માટે મદદ કરશે, તેથી આપે તેને પ્રસન્ન રાખવાં જોઈએ. તો આપ ભૂલ કરો છો. આપ કોઈને પ્રસન્ન ન કરશો. પ્રસન્ન કરવો હોય તો આપના આત્માને પ્રસન્ન કરો, આપના પરમાત્માને પ્રસન્ન કરો. તે સિવાય આ સંસારમાં આપ જેટલાં પણ લોકોને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરશો એટલા જ આપ હેરાન થશો અને એટલા જ આપ ખાલી હાથ રહી જશો. આથી લોભ અને મોહનાં બે બંધનોની લાલચ ન રાખો. સમય પર જો આપ આપના મગજને ખાલી કરી દો કે અમારે ગુજરાન પૂરતું જ કમાવું છે તો આપનું મગજ, આપની સ્કીમ, આપની યોજનાઓ, આપનો પરિશ્રમ અને પુરુષાર્થ બધું જ બચી જશે. પછી તે બચેલી શક્તિને, ક્ષમતાને આપ એ કાર્યોમાં લગાવી શકશો જેનાથી આપના આત્માની ઉન્નતિ થાય છે અને સમાજ પ્રત્યે આપણું કર્તવ્યપાલન થાય છે અને ભગવાનના આદેશોનું પાલન થાય છે. આનાથી ઓછામાં કામ થશે નહીં.

આપની લાલચ ભલે પૂરી થતી હોય કે ન થતી હોય. હું એમ તો નથી કહી શકતો કે આપ સંપન્ન થઈ ગયા છો કે નહીં, પરંતુ આપ મને લાલચુ જરૂર લાગો છો. આવી સ્થિતિમાં આપ સંપન્ન કેવી રીતે બની જશો. અક્કલ તો છે નહીં, યોગ્યતા તો છે નહીં, વિદ્યા નથી, પુરુષાર્થ નથી, પરિશ્રમ નથી, તર્ક નથી, પૂંજી નથી, તો કેવી રીતે ધનવાન બની જશો, આપ તો ગરીબના ગરીબ રહેનારા હતા અને ગરીબ જ રહેવાના છો. કેમકે વ્યક્તિને સંપન્ન બનાવવા માટે તો અનેક સાધનો જોઈએ. આપની પાસે તો કોઈપણ સાધન નથી, પછી કેવી રીતે સંપન્ન બનશો ? પરંતુ જો આપે લાલચ છોડી દીધી હોત તો આપ આટલાં જ સાધનો વડે ઓછામાં ઓછા સમયમાં ગુજરાન કરી શકતા હોત. લાલચ અત્યારે આપનો જેટલો સમય ખાઈ જાય છે, શક્તિ ખાઈ જાય છે, બુદ્ધિ ખાઈ જાય છે તે બધાને આપે બચાવી લીધી હોત. બચાવ્યા પછી એ કામ કરી લીધાં હોત જે અસંખ્ય લોકોએ કર્યાં છે — પારિવારિક જવાબદારીઓને નિભાવીને પણ.

કબીરનું પણ લગ્ન થઈ ગયું હતું. જવાહરલાલ નહેરુનું પણ લગ્ન થયું હતું. ગાંધીજીનું પણ લગ્ન થયું હતું, શંકર ભગવાનનું પણ લગ્ન થયું હતું. રામચંદ્રનું પણ લગ્ન થયું હતું. અમારું પણ લગ્ન થઈ ગયું છે. લગ્ન કરવું અને પેટ ભરવું એટલું મોટું કામ નથી કે જેના માટે એમ કહેવાય કે આપણી બધી જ શક્તિ અને બધી બુદ્ધિ, બધો જ પરિશ્રમ અને બધો જ પુરુષાર્થ એમાં જ ખર્ચાઈ જાય છે. વાસ્તવમાં આ લોભ અને મોહનાં — વ્યામોહનાં બે બંધન છે, જે આપની અક્કલને ચાલવા દેતાં નથી કે નથી પરિશ્રમ થવા દેતાં. આપનો બધો જ પરિશ્રમ લોભમાં વપરાઈ ગયો, આપની અક્કલ અને ભાવના મોહની પાછળ ખર્ચાઈ ગઈ. લોભની પાછળ આપનો શારીરિક શ્રમ ખતમ થઈ ગયો, મોહની પાછળ ભાવનાઓ અને માનસિક ક્ષમતા વપરાઈ ગયાં તો પછી આપની પાસે શું બચ્યું ? તોડી નાંખોને આ બંધનો ને ! આપ અહીં રહીને આ કલ્પસાધનામાં આપને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પોતાને બદલી નાંખો અને લોભ તથા મોહનાં બંધનોથી આપને પોતાને પાછા ખસેડી લો.

મિત્રો ! હું આપને એમ થોડું કહી રહ્યો છું કે આપે પેટ ભરવા માટે ઉપાર્જન ન કરવું જોઈએ. ગુજરાન ચલાવવું એક વાત છે અને લાલચ માટે મરતા — ખપતા રહેવું બીજી વાત છે. આપે આપનું કુટુંબ સીમિત રાખવું જોઈએ, તેમ છતાં આપ કેમ વધારતા જાઓ છો ? રોજ બાળકો પેદા કરવાનું આપને કોણે કહ્યું હતું ? આપ બાળકો વગર શું જીવતા નથી રહી શકતા ? ઓછાં બાળકોથી આપનું ગુજરાન નથી થઈ શકતું ? આપને જો ઓછાં બાળકો છે તો આપ એને પૂરતાં નથી માની શકતા ? અમારું કહેવું માનો. હવે બાળકો ન વધારશો. જે બાળકો છે, તેમની જો ગુણવત્તા વધારવા માંગતા હો તો આપે સંખ્યા ઘટાડવી જોઈએ. કોઈપણ સંજોગોમાં આનાથી આગળ વધશો નહીં, ત્યારે આપનો મોહ ઓછો થઈ શકશે. પછી આપ એક માળીની માફક આપના ઘરસંસારનું પાલન કરતા હશો. ત્યારે આપ એક સદાચારી અને સંયમીની રીતે આપનું ગુજરાન કરતા હશો. આ બંને રીતે આપ ગુજરાન કરી લેશો ત્યારે મજા આવશે.

આ સિવાય આપ સૌએ ત્રીજું એક કામ કરવું જોઈએ, અહંકારને હટાવવો જોઈએ. આપ આપના અહંકારને પણ હટાવો. માણસ પોતાનું આત્મવિજ્ઞાપન કરવા માટે, મોટા બનવા માટે કોણ જાણે કેટલાય પ્રકારના વેશ અને ઢોંગ કરતો રહે છે. પહેરવેશ, ફેશન, ઠાઠમાઠ આ બધું અહંકાર માટે કરે છે. અહંકાર માટે — દરેક જગ્યાએ *મારી પદવી વધવી જોઈએ*, મારી પાસે ઉત્તમ ઘરેણાં હોવાં જોઈએ, મારે નેતા બનવું જોઈએ, મને મંચ મળવો જોઈએ. પોતાના અહંકારની પૂર્તિ અને મોટાઈ માટે તે કોણ જાણે કેવા કેવા સ્વાંગ રચતો રહે છે. પોતાના સિવાય બીજા કોઈની પણ ઉન્નતિ એનાથી સહન થતી નથી. 'હું' અને 'મારું' બસ આ બે જ તેનાં લક્ષ્ય બની જાય છે. મિત્રો ! આ અહંકાર ખૂબ હાનિકારક છે. તે આપને લઈને ડૂબશે.

ગુરુજી ! આપ શું કહી રહ્યા છો ? બેટા ! હું એમ નથી કહી રહ્યો કે આપની મહત્ત્વાકાંક્ષાઓ ન વધવી જોઈએ. આપની મહત્ત્વાકાંક્ષાઓ જરૂર વધવી જોઈએ. પરંતુ અહંકારના નામે, લોકોની સામે પોતાનો જાદુ પેદા કરવાના નામે જો આપ આપના અહંકારનું પોષણ કરી રહ્યા હશો તો ભૂલ કરી રહ્યા છો. આ અહંકારની દિશાને બદલી નાંખો. પછી શેમાં લગાવીએ ? આપ આ અહંકારને મહાનતાની દિશામાં વાળો કે અમે મહાન બનીશું. આપ મહાન બનો. એ વિચાર કરો કે બીજાની તુલનામાં અમારા ગુણ, કર્મ, સ્વભાવ સારા બનશે. આપ આ વિચાર કરો. શું વિચાર કરીએ ? આપ એ વિચાર કરો કે અમારે મહાન બનવું છે. બીજાની સામે આપે આપની નિશાનીઓ છોડી જવાની છે, જેથી તેઓ આપની બાબતમાં વિચારતા રહે અને એમ પણ વિચારે કે જુઓ, આ માણસ કેટલો શાનદાર હતો, કેટલો મનસ્વી હતો, કેટલો ધૈર્યવાન હતો, કેટલો સાહસિક હતો. આપ આને મોટાઈ સામે ન્યોછાવર કરી શકો છો.

સંસારમાં જેટલા પણ મહાપુરુષ થયા છે એમણે પોતાની જિંદગી શ્રેષ્ઠ કાર્યોમાં લગાવી દીધી છે. તેઓ લોકોની સામે ઉદાહરણ મૂકીને ચાલ્યા ગયા. આ જ એમની વારસાગત મિલકત છે. આપ તો વારસામાં શું મૂકતા જશો ? છોકરા માટે મકાન બનાવીને જશો. બેટા માટે મકાન જરૂરી નથી. તો પછી શું જરૂરી છે ? આપ બેટા માટે એવો વારસો મૂકી જાવ જેથી લોકો એમ કહી શકે કે આ કોનો બેટો છે. એનાથી આપનું સન્માન વધશે. આપનાં બાળકો માટે જ નહિ, પરંતુ આખા સમાજ માટે વારસો છોડીને જાવ. આપ એ વારસો છોડી જાવ કે જેથી લોકો એમ કહી શકે કે અમારા પૂર્વ પુરુષો આવા હતા, અમારા ગામના રહેવાસી આવા હતા. અમુક સજ્જન આવા હતા. લોકસન્માન મેળવોને ! આત્મસન્માન મેળવોને ! ભગવાનની કૃપા મેળવો ને ! તે મેળવવામાં તમને શું તકલીફ પડે છે ? એમાં તો કોઈ તકલીફ ન પડવી જોઈએ.

આ એ જ ત્રણ બંધનો છે, જેમણે આપની ત્રણ બાબતોને ખતમ કરી નાંખી છે. પહેલી — આત્મસંતોષ, જે આપ મેળવી શકતા હતા તેનાથી આપ વંચિત રહી ગયા અને હવે આપ તે મેળવી નહીં શકો. કેમ ? કેમ કે લોભ આપને તે ક્યાં લેવા દેશે ? લોભ તો આપને ઉચિત અને અનુચિત કામ કરવામાં વ્યસ્ત રાખશે. લોભ આપને મહેનત કરવામાં જોતરી રાખશે, ઉધાર લેવા માટે વ્યસ્ત


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રાખશે. લોભ આપને લાંચ-રુશવત લેવા માટે મજબૂર કરતો રહેશે. લોભ આપને બેઈમાની કરવા માટે મજબૂર કરશે. લોભ આપને આક્રમક અને અનાચારી બનવા માટે મજબૂર કરશે. પછી આપ કઈ રીતે આત્મસંતોષ મેળવશો ? આપનો આત્મા નિરંતર બળતો જ રહેશે, કેમ કે લાલચ આપની એટલી મોટી દુશ્મન છે કે તેને આપ છોડી નહીં શકો, તો એના બદલામાં આપે આત્મસંતોષ ગુમાવવાનો જ છે.

એક બીજી બાબત છે — લોકસન્માન. લોકસન્માન આપ નહીં મેળવી શકો. કેમ ? કેમકે આપની બધી જ શક્તિ, સંપૂર્ણ પ્રેમ એવી થોડીક વ્યક્તિઓમાં કેન્દ્રિત થઈ ગયાં છે. આપ આપની પત્નીને જ બધું માની બેઠા છો. આપ આપનાં બાળકોમાં બધું જોઈ રહ્યા છો, ક્યાંય કોઈ સમાજમાં પણ રહે છે કે કેમ ? ક્યાંય કોઈક સંસ્કૃતિ પણ છે કે કેમ ? ક્યાંય કોઈક દીન-દુઃખિયારા પણ રહે છે કેમ ? સમાજ પ્રત્યે પણ કેટલાંક કર્તવ્ય અને ફરજ છે કે નહીં ? નહીં સાહેબ ! જે અમે મેળવ્યું હતું, ચાર બેટાઓમાં સરખા ભાગે વહેંચી દીધું અને પડોશીઓને ? મહોલ્લાવાળાઓને ? અને લોકોને ? અને એ લોકોને જેમના આપની ઉપર અગણિત અહેસાન છે, એના માટે જે અધ્યાપકે આપને ભણાવ્યા હતા અને જે બિચારા આજકાલ ભિખારીની માફક ગુજરાન ચલાવી રહ્યા છે, એમના પ્રત્યે પણ આપની કોઈ ફરજ ખરી કે નહિ ? ના, સાહેબ, મેં તો ચાર દીકરાઓમાં સરખે ભાગે વહેંચી દીધું. આવું ન કરશો. ચાર દીકરાઓમાં સરખા ભાગે ન વહેંચશો. બાળકોને સ્વાવલંબી બનવા દો અને જે કાંઈ પણ આપની સંપત્તિ છે તે વડે સમાજને લાભ ઉઠાવવા દો. સંસ્કૃતિને લાભ ઉઠાવવા દો.

ભાઈઓ ! બહેનો ! આપના અહંકારનું પરિપોષણ આપ એ રીતે કરો કે અમારે મહાપુરુષ બનવું છે અને અમે મહામાનવ બની રહ્યા છીએ. પોતાની ચાલવાની રીત અને ચાલ-ચલગત એવાં શાનદાર બનાવીએ કે જેનાથી ભગવાનની કૃપા પણ આપણને મળે. જો આપ મહાનતાની દિશામાં નહીં જાવ, મોટાઈની દિશામાં જશો તો આપે લોભ, મોહ અને અહંકાર આ ત્રણને પકડવા પડશે. એના આધારે આપે નરકમાં પડવું પડશે અને બંધનમાં જકડાવું પડશે. કદાચિત્ આપ એક ડગલું આગળ વધી જાવ અને મહાનતા તરફ ચાલવા માંડો ત્યારે ? ત્યારે આપે બીજું કામ કરવું પડશે. પછી તો તમારે સામાન્ય ભારતીયની માફક સીમિત આવકમાં જ નિર્વાહ કરવો પડશે, આપના બધા જ ભાઈઓ જે રીતે ગુજરાન ચલાવે છે, આપ કેમ નથી કરી શકતા ? આપ બધા જ છોકરાઓને પોતાના કેમ નથી માની શકતા ? કેટલાંય બાળકો છે. જેઓ વિદ્યાના અભાવમાં બેસી રહે છે. આપ આપનાં બાળકોને કીમતી કપડાં પહેરાવો અને અમુક ચીજો લાવી આપીને જ મર્યા અને પડોશીઓનાં બાળકો માટે આપ પુસ્તક પણ ખરીદીને ન આપી શક્યા. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની માફક આપ એવું ન કરી શકો કે પોતાના ઘરનું ગુજરાન પચાસ રૂપિયામાંથી કરી લો અને બાકીના બચેલા ચારસો પચાસ રૂપિયા પડોશીના વિદ્યાર્થીઓ માટે ખર્ચી નાંખો. શું આવું આપ નહીં કરી શકો ?

મિત્રો ! લોભ, મોહને આપ છોડી દો. આપ અહંકારની, મોટાઈની, અમીરીની અને બીજાની આંખોમાં નવાઈ પેદા કરનારી માનસિક વિકૃતિને છોડી દો. એની જગ્યાએ આપ બીજી ધૂન પેદા કરી દો કે અમે મહાન બનીશું. બીજાઓની સામે ઉદાહરણ ઊભું કરીશું, પોતાની જિંદગીને નમૂનારૂપ રજૂ કરીશું અને લોકોને આપણા રસ્તા પર ચાલવા માટે, પાછળ ચાલવા માટે અમે નવો રસ્તો બનાવીને જઈશું. આ મહાનતાના રસ્તા છે. જો આપ મહાનતાના રસ્તે ચાલ્યા તો આપને જીવનમુક્તિ મળી ગઈ, જીવનમુક્ત આ જિંદગીમાં આનંદ મેળવે છે, મજા કરે છે અને આખા વિશ્વમાં પંખીઓની માફક સ્વચ્છંદ ઊડતા રહે છે. એ કેટલું સુંદર દૃશ્ય જુએ છે ? કેવાં સોહામણાં દૃશ્યનો એ લાભ ઉઠાવે છે ! મુક્ત થવાની દિશામાં પ્રયત્ન કરો તો આપ પણ બરાબર એવાં જ દૃશ્યનો લાભ ઉઠાવી શકો છો. આ આપના હાથની વાત છે અને ઇચ્છો તો તેને ખરીદી પણ શકો છો. આપ થોડી હિંમત તો કરો. લોભ, મોહ અને અહંકારનો તિરસ્કાર કરો, પછી જુઓ આપની મુક્તિ આપનાં ચરણોમાં આવે છે કે નહીં. મને આશા છે કે આપ અહીં આ કલ્પસત્રમાં આવ્યા છો અને જીવનમુક્ત બનીને જશો. આજની વાત સમાપ્ત. ૐ શાંતિ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મીય અનુરોધ

# ચલો ગુરૂદેવનું સ્વપ્ન સાકાર કરવાની શપથ લઈએ

ગુરુ સત્તાએ પ્રજ્જ્વલિત સંકલ્પશીલો, પ્રાણવાન પ્રતિભાવાનોની લક્ષ્ય સંખ્યા એકથી બે કરોડ નિર્ધારીત કરી છે. ગુરુસત્તા પદાર્થ યજ્ઞ નહિ વિભૂતિ યજ્ઞ કરાવવા માંગે છે. વિભૂતિઓનું તાત્પર્ય સુધારક પ્રતિભાઓ છે, જે નવસૃજન માટે નિયોજિત હશે. તે પ્રતિભાઓ પોતાને દસથી વધુ વ્યક્તિઓના રૂપમાં ગણના કરી મહાપૂર્ણાહુતિ માટે બે કરોડ સાધકોના એક વિરાટ જાગ્રત સંગઠનના રૂપમાં પ્રસ્તુતીકરણ કરી શકશે.

પરમ પૂજ્ય ગુરૂદેવનું કથન છે કે મહાપૂર્ણાહુતિના ક્રમમાં કરવામાં આવી રહેલ સમારોહ પ્રદર્શન સમારોહ નહીં, સંગઠન સમારોહ હશે. તેનું મૂલ્યાંકન કુંડો કે દીપકોની સંખ્યા અથવા તેમાં સામેલ થનાર ભાવુકોની ભીડના આધાર પર નહીં, ઋષિસત્તા દ્વારા નિયોજિત પ્રયોજનોની પૂર્તિના આધાર પર કરવામાં આવશે કેમ કે પૂજ્ય ગુરુદેવે ૨૧મીં સદી ગંગા અવતરણ પુસ્તકના પૃષ્ઠ ૨૦ પર લખ્યું છે-આ વર્ષે બે કરોડ સાધકો દ્વારા વ્રતશીલ પૂર્ણાહુતિ થવા જઈ રહી છે, તેનો ધક્કો પૂરા સો વર્ષ સુધી પોતાની શક્તિનો પરિચય આપતો રહેશે અને યુગ પરિવર્તનની પ્રક્રિયાને કાલ્પનિક નહીં સર્વ રીતે સાર્થક બનાવીને રહેશે. આ આયોજનમાં હાજર રહેલ લોકોમાંથી પ્રત્યેકને નવનિર્માણ માટે તે કામ સોંપવામાં આવશે, જેને તે પોતાની યોજના તથા પરિસ્થિતિઓના અનુરૂપ કરી શકે.

આ સમયમાં બે લાખ લોકસેવી નક્કી કરવા, પ્રશિક્ષિત કરવા માટેની વાત કઠિન તથા અસંભવ જેવી લાગે તો છે પણ તેના માટે મોટું આંદોલન ઊભું કરી શકાશે. લોકસેવીઓને વ્યક્તિ નિર્માણ, પરિવાર નિર્માણના કાર્યોમાં નિયોજિત કરવા જોઈએ જેથી સમયને અનુકૂળ વ્યક્તિત્વ વિકસે અને તેનું સમર્થ સંગઠન બનાવી રાખવું સંભવી શકે. આની સાથે તેમને વિભિન્ન રચનાત્મક અને સુધારાત્મક આંદોલનોને ચલાવવાની જવાબદારી પણ સોંપી શકાય. આ બધી જવાબદારી પૂર્ણાહુતિ પ્રક્રિયાની અંતર્ગત જ સંભાળવાની છે. જે પણ નવા વ્યક્તિ કે સંગઠન અત્યાર સુધીનાં પ્રયાસનાં ક્રમમાં જોડાય છે તેમને આગળ વધુ મહત્વના ચરણોમાં સામેલ થવા માટે પ્રેરિત, આમંત્રિત કરવા જોઈએ. વિચારક્રાંતિ અભિયાન સાથે જોડી સાધક બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. નિયમિત ઉપાસના પ્રારંભ કરાવી જીવનમાં સુધાર લાવનારી જીવન સાધના અપનાવવાની પ્રેરણા આપે. જીવન સાધના પ્રશિક્ષણ માટે ગાયત્રી જ્ઞાનપીઠ જુનાવાડજ અમદાવાદ દ્વારા પત્રાચાર વિદ્યાલય અંતર્ગત જીવન જીવવાની કળાનો પાઠ્યક્રમ પ્રારંભ થઈ ચૂક્યો છે. દરેક લોકસેવી પોત-પોતાના બનાવેલ ૧૦૦-૧૦૦ સાધકોને પ્રશિક્ષણ અપાવવા માટે પરીક્ષા કેન્દ્ર સ્થાપિત કરી પ્રયાસ કરે.

પરમ પૂજ્ય ગુરૂદેવે ઓગષ્ટ-૬૫માં જ સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે કે-"યુગ પરિવર્તનના અમારા મહાન અભિયાનની સફળતા આ એક વાત પર નિર્ભર છે કે જન સાધારણની વર્તમાન વિચારધારા બદલવા અને પલટવામાં અમે કેટલી હદ સુધી સફળ થઈએ છીએ. વિચારોમાં ઉચિત પરિવર્તન થયા વગર પણ ખોટા આડંબરોથી સારા કાર્યોનું પ્રચલન, પ્રયત્ન કરી શકાય છે. પણ તેનું પરિણામ ક્ષણિક તથા પ્રદર્શન જ હોય છે."

સામાજિક કુરીતિઓને દૂર કરવી, અનૈતિકતાનું, દુષ્પ્રવૃત્તિઓનો પ્રતિરોધ, અનઉપયોગી માન્યતાઓ તથા ભ્રાંતિઓનું નિરાકરણ જેવા કેટલાય કામ બાકી છે. આપણે સમાજનું નવું નિર્માણ કરતા પહેલા કૂડા-કચરાને પણ સાફ તો કરવો જ પડશે. એના માટે સુસંગઠિત આંદોલન ચલાવવું પડશે. આ પ્રયત્નોની પૂર્વ તૈયારી બૌધ્ધિક ક્ષેત્રમાં જ કરવી પડશે. પહેલું કામ વિચાર પરિવર્તન જ છે. વિચાર બદલવાથી જ તો કામ બદલાય છે. ૧ લાખ વ્યક્તિઓ પર જે વિચાર પરિવર્તનનો પ્રયોગ આરંભ કરવામાં આવ્યો છે તે આગળ પોતાનું વિશાળકાય પ્રતિફળ ઉત્પન્ન કરશે. પરંતુ આપણે તો વિચારક્રાંતિને પાછળ કરી પ્રદર્શનકારી કાર્યક્રમો કરીને પોતાનું કર્તવ્ય પાલન સમજી લીધું છે.

લોકનેતૃત્વ સંપન્ન કુશળ સાધકોની જરૂર છે જેથી આ તીવ્ર પ્રવાહ અનિયમિત ન થઈ જાય. તેમની શક્તિ વાંછિત દિશાધારામાં જ નિયોજિત કરી શકાય. આપણે મોટા સમારોહ કરી મોટી સંખ્યામાં લોકોને પ્રભાવિત કરવાની આદતમાં સુધાર લાવવો પડશે. હવે જરૂર છે, પ્રભાવિતો, સહમતોના વ્યક્તિત્વોને સુધારી વિકસિત કરી તેમને કોઈને કોઈ રૂપમાં ઈશ્વરીય યોજનામાં પ્રામાણિક કુશળ સાથીદાર બનાવી દેવાના.

મોટા આયોજન કરવાથી અમારા વિરાટ સામર્થ્યની છાપ સમાજ પર પડશે અને એક સાથે મોટી સંખ્યામાં લોકો પોતાના અભિયાનમાં સામેલ થવા ઉમટી પડશે એવી આપણી માન્યતા છે. પરંતુ હવે આપણે મોટા પ્રદર્શન નહીં મોટા સૃજનની જવાબદારી ઉઠાવવાની છે. જેટલો વિસ્તાર થઈ ચૂક્યો છે તેને સંભાળનાર પ્રખર સાધક મનોવૃત્તિના લોકસેવી પર્યાપ્ત સંખ્યામાં ઉભા કર્યા વગર વિકાસના આગલા ચરણ પૂરા નહીં થઈ શકે.

આપણી માન્યતા છે કે મોટા આયોજનોના માધ્યમથી મોટી માત્રામાં ધન એકત્રીત થઈ જાય છે તેનો ઉપયોગ નવું નિર્માણ કરવા અને નવી ગતિવિધિઓ ચલાવવામાં કરી શકાય છે. પણ કોઈ બહાનું બનાવી ધન એકત્રીત કરવું અને તેને કોઈ અન્ય કાર્યમાં લગાવી દેવું એક તરફથી પોતાની પ્રામાણિકતા પર ડાઘ લગાવા જેવું છે. આપણે માટે એ જરૂરી છે કે જે કાર્યમાં લગાવવાનું છે, તે નામથી સાધન માંગવામાં આવે. એવું કરવાથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપણી પ્રામાણિકતા વધશે તથા સિધ્ધાંતની આડમાં પ્રપંચ રચનારા બહુરૂપિયાઓને વિશ્વાસમાં ફાંસ મારવાનો મોકો નહીં મળે."

આપણી માન્યતા છે કે લોકોની નજરમાં અમે મોટા અને સક્ષમ વ્યક્તિ કે કાર્યકર્ત્તા સિધ્ધ થઈ જઈશું. પહેલી વાત તો એ કે આપણે લોકોની દૃષ્ટિમાં મોટા બનવાની અપેક્ષાએ ગુરુસત્તા ઋષિસત્તાની દૃષ્ટિમાં શ્રેષ્ઠ બનવાની વધુ જરૂર છે.

મહાકાલ સીરીજ, યુગ નિર્માણ યોજના દ્વારા છપાઈ રહી છે. અત્યાર સુધીમાં ૧૦ પુસ્તકો છપાઈ ચૂકી છે. વર્તમાન જ્વલંત સમસ્યાઓને દૂર કરવા તથા પ્રત્યેક વિભૂતિવાન વ્યક્તિઓને યુગ પરિવર્તનમાં શું, શા માટે, કેવી રીતે કરવાનું છે. મહાકાળનો સંદેશ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ પોકેટ પુસ્તકો વધુમાં વધુ મંગાવી દરેક વર્ગમાં પહોંચાડવામા આવે. રાષ્ટ્રની અડધી શક્તિ નારીઓ છે. પૂજ્ય ગુરુદેવે ૨૧મી સદી, નારી સદી ઘોષિત કરી છે. તેથી બધી પ્રબુધ્ધ જાગ્રત શિક્ષિત નારીઓએ પોતાની શક્તિ ઓળખી પોતાના વર્ગને સંગઠિત કરી નારી જાગરણ માટે પ્રયત્નશીલ થવાનું છે. યુગ નિર્માણ યોજના, મથુરા દ્વારા "નારિયાં દેશ કી જાગ જાયે તો યુગ સ્વયં હી બદલતા ચલા જાયેગા" પુસ્તક નિઃશુલ્ક નારીઓ પાસે મહાકાલનો સંદેશ પહોંચાડવાની વ્યવસ્થા આપ સર્વે ઉદાર ભામાશાહોના સહયોગથી બનાવી છે. જરૂરિયાત પ્રમાણે મંગાવી પ્રત્યેક બહેન પાસે પહોંચાડી તેની વિચારગોષ્ઠિઓ કરી સંગઠિત કરી યથાશક્તિ બધા કાર્યક્રમ નારી જાગરણ માટે પ્રારંભ કરવાનો પ્રયાસ કરવામાં લાગી જવું જોઈએ. બહેનો પણ લોકસેવી કાર્યકર્ત્તા બની પોતાની બહેનોને સાધક બનાવવામાં પાછળ નહીં રહે.

**જ્ઞાનયજ્ઞ નિધિ યોજના**

મહાપૂર્ણાહુતિના અવસરે મહાકાલ સીરીજની પોકેટ પુસ્તકો, ક્રાંતિ પુસ્તકમાલા સાહિત્ય કિફાયતી દરે આપવા તથા આવશ્યક પ્રચાર પત્રક તથા પુસ્તકો નિઃશુલ્ક વિતરણ માટે 'જ્ઞાનયજ્ઞ નિધિ કોષ'ની વ્યવસ્થા બનાવી છે. જ્ઞાનયજ્ઞ માટે પોતાના ધનનો સદુપયોગ કરવો જોઈએ આ સધિવેળામાં આપણે ઉદાર દાની આત્માઓ, ભામાશાહોનું પુનીત કર્તવ્ય છે-વિચારક્રાંતિ અભિયાનની સફળતા માટે જ્ઞાનયજ્ઞના વિસ્તાર માટે ૨ કરોડ સાધકો પાસે મહાપૂર્ણાહુતિ સાહિત્ય પ્રચાર પત્રક કિફાયતી દરે પહોંચાડવા માટે જ્ઞાનયજ્ઞ નિધિ કોષમાં પોતાના ધનનો સદુપયોગ કરે માસિક દાનદાતા પણ મહાપૂર્ણાહુતિ સુધી પોતાના દાનને જ્ઞાનયજ્ઞ નિધિમાં મોકલી ઉપયોગ કરશો. વ્યક્તિ, પ્રજ્ઞાપીઠો, શાખાઓ પોતાની બચત કે આયોજનોની બચત રકમનો ઉપયોગ જ્ઞાનયજ્ઞ નિધિમાં રકમ મોકલી યુગ નિર્માણ યોજના, મથુરાની યોજનાને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકો છો. માંગલિક અવસરો પર અથવા પુણ્ય સ્મૃતિમાં અનુદાન પણ મોકલી શકો છો.

એવા સેંકડો ભાઈ-બહેન, વ્યવસાયી, શાખાઓ, શક્તિપીઠો છે જેમણે પોતાના આયોજનોની બચતનો જ્ઞાનયજ્ઞમાં સદુપયોગ કર્યો. હવે આ અનુદાન પરંપરા યુધ્ધ સ્તરે ચાલુ કરવાની છે કેમ કે ૨ કરોડ સાધકો પાસે પૂજ્ય ગુરુદેવને વિચારોના રૂપમાં કિફાયતી દરે ઘર-ઘર પહોંચાડી સ્થાપિત કરવાના છે. બધા લોકસેવીઓને અનુરોધ છે કે આ જ્ઞાનયજ્ઞ નિધિ યોજનાનુ મહત્વ બધા વ્યવસાયીઓ, દાનદાતાઓ, ભામાશાહો, બહેનોને સમજાવી જ્ઞાનદાનની ઉપયોગીતા સમજી વધુમાં વધુ દાન મોકલી આ આંદોલનને સફળ બનાવવામાં સહયોગી બની શકો છો મોટા-મોટા વ્યાપારી પોતાના વ્યાપારમાં પૂજ્ય ગુરુદેવને પણ પાર્ટનર બનાવી લાભનો એક અંશ જ્ઞાનયજ્ઞ નિધિમાં મોકલવાની પરંપરા ચાલુ કરી શકે છે. બહેનો આ દિવસોમાં પોતાના ખર્ચામા બચત કરી સહયોગી બની શકે છે. યુગ નિર્માણ યોજના મથુરામા જ્ઞાનયજ્ઞ નિધિ યોજનામાં જે પણ દાન પ્રાપ્ત થશે તેનો ઉપયોગ કિફાયતી દરમાં સાહિત્ય પહોંચાડવામાં કરવામાં આવશે બીજા કાર્યોમાં નહીં, એવી વ્યવસ્થા બનાવી છે. આપ સર્વેએ પહેલા બ્રહ્મભોજ યોજનામાં અભિનંદનીય સહયોગ આપ્યો છે અમે બધાને હાર્દિક અભિનંદન પાઠવતા બધા પાસેથી આશા રાખીએ છીએ કે આ મહાપૂર્ણાહુતિ અવસર પર પણ પોતાના ધનનો સદુપયોગ કરવામાં આગળ રહી ઉલ્લેખનીય માન-સન્માન પ્રાપ્ત કરવામાં પાછળ નહીં રહો. આવકવેરામાં છૂટ યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ ને અનુદાન મોકલતા ૮૦ જી અનુસાર આવકવેરામાં છૂટ પણ દાનદાતા પ્રાપ્ત કરી શકે છે.

આ સમય ઈશ્વર સાથે નાના અમથા મનોરથ પૂરા કરવા માટે પ્રાર્થના-વિનય કરવાનો નથી, પરંતુ તેની પરીક્ષાની કસોટી પર પાર ઉતરવાનો છે યુગનો પોકાર ઈશ્વરની ઈચ્છાનો જ સંદેશ લઈને આવ્યો છે. માંગવાની અપેક્ષાએ આપવાનો પ્રશ્ન સામે ઉપસ્થિત કર્યો છે અને પોતાની ભક્તિ તથા આધ્યાત્મિકતાને ખરી સિધ્ધ કરવામાં અપીલ પ્રસ્તુત કરી છે આ વિષમ વેળામાં આપણે વિચલિત નથી થવાનું પરંતુ શ્રધ્ધાપૂર્વક આગળ વધવાનુ છે. અમારું પોતાનું કઈ પણ કાર્ય કે પ્રયોજન નથી. માનવતાનો પુનરુત્થાન થવા જઈ રહ્યો છે. ઈશ્વર તેને પૂરો કરશે જ. દિવ્ય આત્માઓ તે દિશામાં કાર્ય કરી પણ રહી છે. ઉજ્જ્વળ ભવિષ્યના આત્માનો ઉદય થઈ રહ્યો છે. પુણ્ય પ્રભાવનો ઉદય સુનિશ્ચિત છે. આપણે ઈચ્છીએ તો તેનું માન મેળવી શકીએ. બૌધ્ધિક, નૈતિક, સામાજિક ક્રાંતિ જરૂર થશે. તેનો મોરચો રાજનૈતિક લોક નહીં ધાર્મિક કાર્યકર્તા સંભાળશે. આ પ્રક્રિયા યુગ નિર્માણ યોજનાના રૂપમાં આરંભ થઈ છે. અમે ઈચ્છીએ છીએ કે તેના સંચાલનનો ભાર મજબૂત હાથોમાં રહે. આવા લોકો પોતાના પરિવારમા જેટલા પણ હોય, જે પણ હોય, જ્યા હોય એકત્રીત થઈ પોતાના કામ સંભાળે. બધા જાગ્રત આત્માઓને, મિશનના બુનિયાદી સ્તંભોને અમારો અનુરોધ છે કે તે સંગઠિત થઈ મહાપૂર્ણાહુતિ માટે ૨ લાખ લોક સેવીઓને સંગઠિત કરી ૨ કરોડ સાધક બનાવવામાં તથા તેમને સંગઠીત કરવાના પ્રયાસમા લાગી જશો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મહાકાળના દિવ્ય સંરક્ષણમાં પૂ. લીલાપત શર્માજીનો બનાસકાંઠા જીલ્લાનો સંગઠનાત્મક કાર્યક્રમ સ્નેહ મિલનમાં ફેરવાયો.

જ્ઞાનયજ્ઞના પૂણ્ય પ્રચાર અર્થે પરમ પૂ. લીલાપત શર્માજીનું (વ્યવસ્થાપક, ગાયત્રી તપોભૂમિ મથુરા) બનાસકાંઠા જીલ્લાના સંમેલન હેતુ તા. ૧૯-૧૧-૯૯ના રોજ પાલનપુર રેલ્વે સ્ટેશન ઉપર આગમન થયું. જીલ્લાના વરિષ્ઠ કાર્યકર્તાઓ તથા પાલનપુર શાખાના પરિજનો દ્વારા ભાવભીનુ સ્વાગત કરવામાં આવ્યું.

તા. ૨૦-૧૧-૯૯ના રોજ પ્રાતઃ ૮-૦૦ કલાકે ગાયત્રી શક્તિપીઠ, ડીસા ખાતે પૂ. પંડિતજીનું જીલ્લાના કાર્યકર્તાઓ દ્વારા શક્તિપીઠમાં ભાવભીનું સ્વાગત પુષ્પ વૃષ્ટિથી કરવામાં આવ્યું. પૂ. પંડિતજીએ પ્રતિષ્ઠિત મુર્તિઓની પુજન વિધિ તેમજ આરતી કરી ત્યારબાદ તેમના વરદહસ્તે નવિન પંચકુંડી યજ્ઞ શાળાનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું. ૮-૪૫ કલાકે ગાયત્રી શક્તિપીઠના પ્રાંગણમાં નવનિર્મિત સાહિત્ય સ્ટોલનું ઉદ્‌ઘાટન પણ પૂ. પંડિતજીના વરદહસ્તે દીપ પ્રાગટય કરીને કરવામાં આવ્યું. આ પ્રસંગે ૧૦૦૮ કોપી ગાયત્રી મહાવિજ્ઞાન ત્રણ ભાગ બ્રહ્મભોજ દ્વારા રૂા-૫૦માં વિતરણ પૂ. પંડિતજીના હસ્તે કરવામાં આવ્યું. ૯-૩૦ કલાકે બનાસકાંઠા જીલ્લામાં ભાઈ બહેનોની વિશેષ ગોષ્ઠી શરૂ થઈ. જેમાં ક્ષેત્રમાં સમયદાન આપતાં કર્મઠ મહિલા કાર્યકર્તાઓનું અભિવાદન તેમજ જીલ્લાની ૧૦૮ નવી શાખાઓના જવાબદાર સંચાલકોને તિલક કરી અભિવાદન કરવામાં આવ્યું. તેમજ દરેક ગામના સંચાલકશ્રી ને શાખા સ્થાપનની પ્રારંભિક જરૂરિયાતની પૂર્તિ કરતા પંચદેવતાના લેમીનેશન ફોટા, પ્રાર્થના બુક, સ્થાપન રૂમાલ, ગાયત્રી ચાલીસા, મંત્ર લેખન બુક તેમજ ઝોલા પુસ્તકાલય માટેનું સાહિત્ય દત્તક લીધેલ જુની શાખાઓ દ્વારા ભેટ આપવામાં આવ્યું. બહેનોના અભિવાદન પ્રસંગે એક મોમેન્ટો (શીલ્ડ) તેમજ અભિનંદન પત્ર જેમાં પૂ. પંડિતજી, પૂ. શૈલ દીદી તેમજ આદરણીય ડો. પ્રણવભાઈના શુભ હસ્તાક્ષર વાળુ વિતરણ કરવામાં આવ્યું. પૂ. પંડિતજીએ જણાવ્યું કે; ૨૧મી સદી નારી સદી હશે. અને બહેનોની ભૂમિકા સમાજના પરિવર્તનમાં અગ્રગામી રહેશે. બહેનોનું અનુકરણ કરી નવિન ઉત્સાહી બહેનોએ કાર્યમાં લાગવું જોઇએ.

વિશ્રામ બાદ બપોરે ૨-૩૦ કલાકે સમગ્ર જીલ્લાના હજારો કાર્યકર્તા તેમજ આમંત્રિત જનતાને પૂ. પંડીતજીએ પોતાની આગવી છટા સાથે પૂ. ગુરૂદેવના હૃદયની વેદના ભાવ સાથે રજુ કરી. ગાયત્રી મહાવિદ્યાની ઉપાસના, પરિવારમાં પંચશીલનું પાલન અને ગામે-ગામ પૂ. ગુરૂદેવના સાહિત્ય દ્વારા વિચારશીલ લોકો સુધી સંદેશો પહોંચાડવા અનુરોધ કર્યો.

પાલનપુર, છાપી, રાધનપુર તેમજ કચ્છ જીલ્લાનો કાર્યક્રમ પૂર્વ નિર્ધારિત હતો. પાલનપુર મુકામે ૨૧-૧૧-૯૯ના સવારે ૯-૦૦ કલાકે પૂ. પંડિતજી દ્વારા નવિન પંચકુંડી યજ્ઞ શાળાનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું. થોડી તબિયત અસ્વસ્થ જણાતા ડૉક્ટરની સલાહ મુજબ આગળના કાર્યક્રમો રદ કરી ડીસા ખાતે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યાં. વાયુવેગે આ સમાચાર મથુરા, હરિદ્વાર તેમજ ગુજરાતના વરિષ્ઠ કાર્યકર્તામાં પહોંચી ગયાં તા. ૨૨-૧૧-૯૯ સોમવારે પૂ. આદ. ડો. પ્રણવભાઈ પંડયા તેમના ગુજરાતના પ્રવાસ કાર્યક્રમો ટુંકાવી પૂ. પંડિતજીની તબિયતના સમાચાર પુછવા ડીસા આવી ગયાં. તેમજ મોડી રાત્રે મથુરાથી પૂ. મૃત્યુંજય શર્મા તથા ચૈતન્યજી આવી ગયાં. તા. ૨૪-૧૧-૯૯ ના રોજ હરિદ્વારથી પૂ. શૈલદીદી પણ આવી પહોંચ્યાં. પૂ. ગુરૂદેવની પાયાની કર્મભૂમિ તપોભૂમિ, મથુરા તેમજ ૨૧મી સદીની ગંગોત્રીનાં અવતરણની તીર્થ ભૂમિ શાંતિકુંજ, હરિદ્વારના સંતોનાં સ્નેહમિલનનું ભાવભીનું દૃશ્ય ગાયત્રી શક્તિ પીઠ, ડીસાની પવિત્ર ભૂમિ પર મહાકાળની દિવ્ય ચેતનાના સંરક્ષણમાં અચાનક ગોઠવાઈ ગયું. મહાનુભાવોએ યુગસંધિ મહાપુરશ્ચરણની પૂર્ણાહુતિના સંદર્ભમાં વિશેષ ચર્ચા પરામર્શ પણ કર્યા. આ દરમ્યાન પાંચ દિવસમાં ગુજરાતના તમામ વરિષ્ઠ કાર્યકર્તા પૂ. પંડિતજીના સમાચાર જાણી ફોન દ્વારા શુભેચ્છા વ્યક્ત કરી અથવા રૂબરૂ ડીસા આવી ગયા.

તા. ૨૮ રવિવારે પૂ. પંડિતજી સ્વસ્થ થતાં ડૉક્ટરની સલાહ મુજબ ગાયત્રી તપોભૂમિ મથુરા માટે પ્રસ્થાન કર્યું. ગાયત્રી શક્તિપીઠ, ડીસાના ધ્યાન ખંડમાંથી સ્વસ્તિવાચન અને મંત્રોચાર સાથે તેમના દિર્ઘાયુસ્ય માટે પ્રાર્થના કરી ભાવસભર વિદાય આપવામાં આવી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સત્સંગમાં આવોને આજ

અરે કોણે દીઠી છે કાલ, વ્હાલા સત્સંગમાં આવોને આજ.
કાલે શું થવાનું છે, તને એ ખબર નથી. (૨)
માટે તું ભજીલે ગીરધાર, વ્હાલા સત્સંગમાં આવોને આજ.
અરે કોણે દીઠી છે. કાલ..............

વ્યસનોના બંધનમાં, શાને તુ બંધાયો છે. (૨)
છોડી દેને, છોડી દેને વ્યસનો, એમાં દુ:ખી જ થવાનું છે.
અરે કોણે દીઠી છે. કાલ..............

બહાના બધા તુ છોડ વ્હાલા તારી શક્તિ છે અપરંપાર (૧)
બહાના બધા તુ છોડ વ્હાલા આળસ બધી તુ તોડ. (૧)
સમય તારો, સમય તારો એળે ન જાય, વ્હાલા તારું શું જવાનું છે.
અરે કોણે દીઠી છે. કાલ..............

ગુરુજીને પકડી લ્યો વ્હાલા રસ્તો એ બતાવે છે. (૨)
માત પિતા, માત પિતાના ચરણોમાં અડસઠ તીરથ થાય છે.
અરે કોણે દીઠી છે કાલ................

ગુરુજીના સત્સંગમાં, જીવન ધન્ય થાય છે. (૨)
જીવન ધન્ય, જીવન ધન્ય થવાથી, વ્હાલા ભવ પાર થાય છે.
અરે કોણે દીઠી છે કાલ, વ્હાલા સત્સંગમાં આવોને આજ.

-ઉષાકાંત મીસ્ત્રી
રાંદેર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.